# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION GRWB/057/BHARUCH/02

# બરકાતે ખ્વાજા برکاتِ خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા" (માસિક)**

**૧-ઓક્ટોબર-૨૦૦૬**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ

હિજરી સન : ૧૪૨૭

વર્ષ : ૦૩ અંક : ૧૦, સળંગ અંક : ૩૪

★ સ્થાપક અને પ્રકાશક ★

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## દૂર અંધેરે હોં મેરે ક઼લ્બકી ગહરાઈ કે

અઝ : જનાબ આક઼િબખાન બરકાતી-પેટલાદ

દૂર અંધેરે હોં મેરે ક઼લ્બ કી ગેહરાઈ કે
લામકાં તક હૈં ઉજાલે તેરી ઝેબાઈ કે

ઝાહેરી આંખસે ભી જલ્વએ મૌલા દેખા
ચશ્મે મૂસા હૈ તસદ્દુક઼ તેરી બીનાઈ કે

મિટ ગયે કિતને શહેંશાહોં કી કબ્રોં કે નિશાં
હશ્ર તક ડંકે બજેંગે તેરી આક઼ાઈ કે

બખ્શ દેના તેરા વહશીકો ભી હિન્દા કો ભી
સદ઼કે જાઉં તેરે કિરદાર કી બાલાઈ કે

હમ હૈં દીવાને નબી કે હમેં પાગલ ન કહો
હમ મઝે લૂટતે હૈં ભીડ મેં તન્હાઈ કે

ફખ્ર હૈ અપની ફકીરી પે તુઝે ફખ્રે રુસૂલ
કૌન કુર્બાન ન જાયે તેરી સાદાઈ કે

હમને દેખે હૈં ઝમાને કે તબીબોં કો બહોત
નાઝ ઉઠાતે તેરે બીમાર તમન્નાઈ કે

યે સવેરા યે બહારેં યે ગુલોં કી રંગત
સબ નમૂને હૈં તેરે હુસ્ન કી પરછાઈ કે

છોડ દે ઐશ યે આરામ યે આબાદી કો
રાઝ **'બરકાતી'** અગરજાનલે તન્હાઈ કે


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)




નૂરાની આર્ટ-દયાદરા ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતે ખ્વાજા (માસિક) ઓક્ટોબર-૨૦૦૬

★ વર્ષ : ૦૩ ★ અંક : ૧૦ ★ સળંગ અંક : ૩૪


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ<br>શું દુનિયામાં કેવળ મુસ્લિમો જ ત્રાસવાદી છે ?!... | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૩ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૫ |
| ૦૫. | ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ | **અઝ** : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૧૭ |
| ૦૬. | નબીﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૨૦ |
| ૦૭. | રોઝાની હકીકત | **રજૂકર્તા** : જનાબ હાફેઝ મુબારક દેસાઈ (કાવી) | ૨૧ |
| ૦૮. | ઝકાતનું મહત્વ તથા ફાયદા અને ઝકાત ન આપવાનો બુરો અંજામ | **રજૂકર્તા** : જનાબ મૌલાના ઈમરાન રઝા દયાદરવી<br>*(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)* | ૨૩ |
| ૦૯. | ઝકાત તથા ઉશ્ર વિશે વર્ણન | **અઝ** : હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી | ૨૬ |
| ૧૦. | 'વંદે માતરમ્' ગાવાના વિવાદમાં.... | **કાર્યાલય** | ૩૦ |
| ૧૧. | બયતુલ મુકદ્દસ અને યહૂદી કબ્જો | **રજૂકર્તા** : જનાબ મૌલાના ગુલામ દસ્તગીર દયાદરવી | ૩૫ |
| ૧૨. | 'અરબો ફક્ત વાતો જ કરે છે, કામ નથી કરતા !' | **કાર્યાલય** | ૪૦ |
| ૧૩. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા મોહ્યુદ્દીન–હલદરવા | ૪૧ |
| ૧૪. | લેબનાનની તબાહીમાં ઈઝરાઈલ તથા અમેરિકાનું ગઠબંધન | **રજૂકર્તા** : જનાબ મૌલાના ગુલામ યાસીન દયાદરવી<br>*(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)* | ૪૨ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૪ |


**નોંધ** : આ અંકમાં સ્થળ સંકોચને કારણે ચાલુ લેખમાળા "ઈસ્લામ અને આધુનિક શોધો, રહમતે દારૈનના શયદાઈ, ગુનાહોનો ઈલાજ તથા ફત્વા વિભાગ"નો સમાવેશ કરી શકાયો નહીં. આવતા અંકથી રાબેતા મુજબ ચાલુ રહેશે. (ઈન્શાઅલ્લાહ !) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

तंत्री लेख

# શું દુનિયામાં કેવળ મુસ્લિમો જ ત્રાસવાદી છે ?!......



આજે ક્યાંક બોમ્બ ફૂટે અથવા ફૂટવાનો હોય ! પણ કેવળ શંકાના આધારે મુસ્લિમ યુવાનોને આધેડોને ત્રાસવાદી તરીકે બોમ્બ ફોડવાનું કાવત્રુ રચનારા ઠરાવી ધરપકડો કરીને જેલના સળિયા પાછળ નાખી દેવાની અને જગતભરમાં મુસ્લિમ ત્રાસવાદીઓ પકડાયા હોવાની ચર્ચા વહેતી કરવાની કાર્યવાહી જોરશોરથી જગતભરમાં ચાલી રહી છે. તો ત્રાસવાદી શું કેવળ મુસ્લિમો જ છે ?! તેની હકીકતની ચર્ચા જોઈ લઈએ. આવો ! ત્રાસવાદીના જન્મદાતા કોણ છે ? તથા દુનિયામાં તથા ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ કોના થકી તથા ક્યાં થઈ તથા થઈ રહી છે, વગેરે જાણી લઈએ.

મોટા ભાગનું મુસ્લિમ જગત અત્યારે સ્પષ્ટપણે બે હિસ્સાઓમાં વહેંચાઈ ગયેલું છે. એક કહેવાતો મુસ્લિમ તબકો વહાબિયતનું પ્રતિનિધિત્વ કરે છે જ્યારે બીજો તબકો "અહલે સુન્નત વ જમાઅત"ને માનનારો છે. ઈ.સ. ૧૭૪૪માં અરબ દ્વિપના નજદ ઈલાકામાંથી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીએ તૌહીદના ઓઠા હેઠળ નવા ધર્મ વહાબિયતનો પાયો નાખ્યો અને વરસોથી બુઝુર્ગોના થકી ચાલતા રિવાજોને તથા ઈસ્લામી રસમોને શિર્ક ઠરાવતાં પોતાની બદ્અકીદગી ફેલાવવાની શરૂઆત કરી અને તૌહીદના નામ પર નબી વલીઓની ગુસ્તાખી કરતા ખયાલોનો પ્રચાર શરૂ કર્યો તો તેને પ્રારંભમાં નિષ્ફળતાનું મોઢું જોવું પડયું. પણ સઊદી રાજા ઈબ્ને સઊદે જ્યારે આ વહાબી ધર્મનો ઝંડો પોતાના હાથમાં લીધો તો **અંગ્રેજોના પીઠબળ હેઠળ ઈબ્ને સઊદે સુન્ની મુસલમાનોની ખૂબ કત્લે આમ કરી અને મક્કા-મદીના તથા પૂરા અરબસ્તાનમાં "ત્રાસવાદ" ખડો કરીને** મક્કા-મદીનામાં ઈસ્લામની ૧૪૦૦ વરસ પૂરાણી યાદગારો, સહાબા તથા અહલે બયત તથા ઉષ્માન ગની رضی اللہ عنہ તથા જન્નતુલ બકીઅ, જન્નતુલ મઅલા તેમજ ઠેક ઠેકાણે મઝારોને તોડી પાડયાં, કબરો પર બુલડોઝરો ચલાવી દીધાં, સહાબાની યાદગાર મસ્જિદો જમીન બોસ કરી દીધી અને તૌહીદના નામ પર એવાં પવિત્ર સ્થળોએ હોટલો, પાર્કો અને બાથરૂમો ઉભા કર્યાં. ટૂંકમાં એની વિસ્તારપૂર્વક વિગતો આપ "રહનુમાએ હક્ક" (ગુજરાતી કિતાબ)માં જોઈ શકો છો. સારાંશ કે **આ વહાબીઓનો પ્રથમ ત્રાસવાદ હતો**



**જેણે સમગ્ર મુસ્લિમ જગતને ખાસ કરીને અરબસ્તાનને હચમચાવી નાખ્યું અને આ ત્રાસવાદને સાથ આપનાર અંગ્રેજો જ હતા** એની વિગત "વહાબીની કહાની હમ્ફેની જબાની" કિતાબમાં સવિસ્તાર દર્શાવેલી છે.

## અલ્ ક઼ાયદાનો છેડો કોને જઈને મળે છે ?!

વહાબિયતની હિંદ તથા પાક.માં તથા અન્ય દેશોમાં ઘણી શાખો ફેલાઈ જેમ કે દેવબંદી, અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી, તબ્લીગી જમાઅત વગેરે અને જ્યાં જ્યાં આ નવી જમાઅતોએ પગદંડો જમાવવા ચાહ્યો ત્યાં સુન્ની દેવબંદી ઝઘડા ખડા કર્યા અને હજી તેઓ એવું કરીને મુસ્લિમોમાં અશાંતિ ખડી કરી રહ્યા છે, જેના સમાચારો અવાર નવાર વર્તમાન પત્રોમાંય જોવા મળે છે.

અને વહાબી જમાઅતમાંથી જ્યારે કોઈ નવી જમાઅત પેદા થઈ તેણે સખ્તીમાં પાછલી જમાઅતોને પાછળ પાડી દીધી જેની આખરી કડી "અલ કાયદા" છે જેની ઈસ્લામ વિરોધી તથા માનવતા હણનારી પ્રવૃત્તિઓએ **ઈસ્લામ** તથા **મુસલમાનો**ના સંબંધે ગૈર મુસ્લિમ દુનિયાનું દષ્ટિબિંદુ જ બદલી નાખ્યું છે. તેઓની (વહાબીઓની) દષ્ટિમાં અમુક હજાર વ્યક્તિઓ જેઓ તેમના ખયાલો તથા માન્યતાઓ સાથે જોડાયેલા છે તેઓ જ મુસલમાન છે બાકી આખુ જગત કાફિર તથા મુશ્રિક અને વાજિબુલ કત્લ છે.

## જેહાદના નામે થતો ત્રાસવાદ ગૈર ઈસ્લામી છે !

આ ઐતિહાસિક હકીકતને જાણી લીધા પછી મુસ્લિમ ચળવળો અને તેમની વિરોધી પ્રવૃત્તિઓનો નિષ્પક્ષપણે અભ્યાસ કરવામાં આવે તો એ હકીકતથી ઈન્કાર નથી કરી શકાતો કે મીડિયામાં "ઈસ્લામી આતંકવાદ"ના શબ્દોનું ચલણ, સામાન્ય પબ્લિકના દિમાગોમાં ઈસ્લામના સંબંધે ઉગ્રતાભર્યી માન્યતાની સોચ અને સામાન્ય મુસ્લિમો પ્રત્યે શંકાકુશંકાનો રિવાજ કેવળ અમેરિકી પોલીસી અથવા ધાર્મિક નફરત પર જ આધારિત નથી, બલ્કે ખૂદ આ મુસ્લિમ નામી ચળવળો ઘણે ખરે અંશે એની જવાબદાર છે જે પોતાની સામાજિક મેહરૂમી, આર્થિક બદ્હાલી, પ્રાંતવાદ તથા વંશ વાદ અને જુલ્મ તથા જંગલિયતના પરિણામે ઉઠાવવામાં આવેલ હથિયારોને ધર્મના ખભાઓ રાખીને ચલાવી રહી છે કે જેથી તેઓને ઈસ્લામી જગત તથા કરોડો મુસલમાનોનું સમર્થન પ્રાપ્ત થઈ શકે. હાલમાં જ ૨૮ જુલાઈ–૦૬ના અંગ્રેજી અખ્બાર 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં ઓસામા બિન લાદેનના જમણા હાથ અને "અલ કાયદા નં. ૨ કહેવાતા ઐમન જવાહિરીની એક અપીલ "અલ જઝીરા" ચેનલના હવાલાથી પ્રસિદ્ધ થઈ જેમાં તેમણે આખા જગતના મુસલમાનોને ઈઝરાઈલની વિરૂધ્ધ જંગ કરવાની દા'વત આપી. આ દાવતની અપીલમાં તેઓ એવું કહે છે કે :–

"આ એક જેહાદ છે જે ખુદા તઆલાના માટે છે અને જેહાદ તે સમય સુધી ચાલુ રહેશે જ્યાં સુધી ઈસ્લામ સ્પેનથી લઈને ઈરાક સુધી ગાલિબ ન આવી જાય, જેના માટે અમે દરેક ઠેકાણે હુમ્લા કરીશું."

આ જ તે સોચ છે જે મીડિયાને "ઈસ્લામી આતંકવાદ" કહેવાના માટે મજબૂર કરે છે અને ધાર્મિક અદાવત રાખનારાઓના માટે ઈસ્લામ તથા મુસલમાનો વિરૂધ્ધ કાર્યવાહીના મજબૂત બહાનાં પૂર્ણ પાડે છે.

## અલ કાયદા અમેરિકાનો જ હાથો છે !

અહીં વાંચકોને હું એક મહત્વના મુદ્દા પ્રતિ ધ્યાનિત કરવા ચાહુ છું કે જે અમેરિકી જુલ્મો સિતમની વિરૂધ્ધ "અલ્ કાયદા" અને તેનાં સાથી સંગઠનોએ આસ્માન માથે લીધું છે તે જ અમેરિકાના લાભો માટે ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ રીતે એઓ કાલે પણ કામ કરી રહ્યાં હતાં અને આજે પણ કરી રહેલ છે, અને મજાની વાત તો એ છે કે આતંકવાદ અને ધાર્મિક ઉગ્રતાને જડથી ઉખેડવાના માટે રાતોની ઉંઘ હરામ કરનાર અમેરિકા પણ એ જ દેશ (સઊદી અરબિયા)નો સૌથી મોટો સમર્થક તથા હમદર્દ છે જ્યાંથી આ ઉગ્રવાદી જમાઅતો ઉદ્‌ભવ પામી. ઈ.સ. ૧૯૮૦ના ગાળામાં રશિયાને અફઘાનિસ્તાનથી બહાર કાઢીને દક્ષિણ એશિયા પર પોતાની રાજકીય વગ જમાવવાના માટે અમેરિકાએ જ "અલ કાયદા"ને અફઘાનિસ્તાન પહોંચાડી અને સ્થાનિક વિસ્તારમાં મદદ માટે "તાલિબાન"ને જન્મ આપ્યો અને તેઓને પર્દા પાછળથી દળો પહોંચાડીને તેમના થકી પોતાનો હેતુ સિદ્ધ કર્યો. ઈ.સ. ૧૯૯૦ના ગાળામાં મધ્યપૂર્વ પર પોતાની વગ જમાવીને ઈઝરાઈલને લશ્કરી શક્તિ પહોંચાડવા તથા પેટ્રોલ પર ગેર કાયદેસર કબ્જો કરવા માટે ઈરાક પર હુમ્લા કર્યા. પ્રથમ વર્ણવેલ મકસદમાં કામયાબી પછી તેણે હિંદ તથા પાક.ને પોતાનું સમખયાલ વિચારણાવાળુ બનાવી લીધું. પરંતુ જ્યારે એ જ "તાલિબાન" તથા "અલ કાયદા" તેના ગળાનું હાડકુ બની ગયા અને ઈરાક પર હુમ્લાઓ છતાં મકસદમાં કામયાબી ન મળી તો તેણે માનવસંહાર (**Mass Distruction**) હથિયારો રાખવાના આક્ષેપમાં વિ□ સમુદાય તેમજ યુનોની રઝામંદી વિના ફરીથી ઈ.સ. ૨૦૦૩માં ઈરાક પર હલ્લો બોલાવી દીધો અને તાલિબાનને જડથી ઉખેડવાના માટે (કેમ કે તેઓ અમેરિકાના માટે માથાનો દુઃખાવો બની ચૂક્યા હતા) ઓસામા બિન લાદેનને છુપાવ્યાના બહાના હેઠળ અફઘાનિસ્તાન પર હુમ્લો કરી દીધો. વર્તમાન દિવસોમાં લેબનોન પર ઈઝરાઈલી બોમ્બવર્ષા તથા જંગલિયતભર્યા જુલ્મો મારા ઉપરોક્ત દાવાની દલીલો પૂર્ણ પાડે છે અને લગભગ એટલા માટે જ અમેરિકા પોતાનું લશ્કર વિ□સમુદાયની ટીકા છતાં હટાવવા માટે તૈયાર નથી. ત્યારબાદ એનું નિશાન ઈરાન તથા સીરીયા છે જેથી પૂરા મધ્યપૂર્વ પર તેનું પ્રભુત્વ સ્થપાઈ જાય. **હવે તે એ જ અલ કાયદા અને તેના સાથી સંગઠનોને ખત્મ કરવાના માટે ખૂદ (અમેરિકા) જ હુમ્લા કરાવે છે અને તેના તાર તે સગંઠનો સાથે જોડીને લાભ ખાટે છે.** ઈ.સ. ૨૦૦૨માં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનો હુમ્લો એ હકીકતની ઉઘાડી સાબિતી છે જેના પ્રતિ ખૂદ અમેરિકી તથા પશ્ચિમી નિષ્ણાતોએ નિર્દેશો કર્યા છે.

કેટલાક દસકાઓ પહેલાં જ આખા જગત સમક્ષ ખાસ કરીને પશ્ચિમી જગત સમક્ષ સુન્નીઓનું મધ્યમ માર્ગી વલણ અને વહાબિયતની અવળચંડાઈ તથા ઉગ્રતાભર્યી માન્યતાઓ એટલા અંશે જાહેર થઈ ચૂકી હતી કે તેઓને પોતાના ખતરનાક હેતુઓ તથા રાજકીય તેમજ ધાર્મિક લાભોના માટે એ બે તબકાઓમાંથી વહાબીઓની પસંદગીમાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત ન થઈ. એટલા માટે એ તબકા વહાબીને પશ્ચિમી જગતે ખાસ કરીને અમેરિકાએ કાલે પણ ઉપયોગમાં લીધો હતો અને આજે પણ તેનો ઉપયોગ કરી રહેલ છે, કેવળ ઉપયોગ કરવાની પદ્ધતિ બદલાઈ છે. કાલે તેમને ખોળામાં બેસાડીને તેનો ઉપયોગ કરી રહ્યું હતું અને આજે તેના ખભાઓ પર સવાર થઈને પોતાનો લાભો પ્રાપ્ત કરી રહ્યું છે. લગભગ એ જ કારણ છે કે મોટા ભાગે પકડવામાં આવતા આતંકવાદી તત્વો ક્યાંક અકીદાની રૂએ તથા ક્યાંક

વૈચારિક દષ્ટિએ એ જ વહાબી ચળવળના હમખયાલ જોવા મળે છે.

હાલમાં મુંબઈના બોંબધડાકાઓ પછી મોટા પાયા પર પોલીસે જે શંકાસ્પદ લોકોને ભૂતકાળમાં તોડફોડના રવૈયાના આધારે ગિરફતાર કર્યા છે તેમાં મોટાભાગનાનો સંબંધ વહાબી ચળવળ તથા તેની કૂખેથી જન્મ પામનારી જમાઅતો અહલે હદીષ તથા તબ્લીગી જમાઅત વગેરેથી જ છે. એ ધરપકડ કરાએલા લોકોમાં જિલ્લા બેડ મહારાષ્ટ્રની રહેવાસી બે વ્યક્તિઓ સૈયદ ઝબીહુદ્દીન તથા મુહમ્મદ ફૈયાઝ પણ હતા. એ લોકોનું નામ તે વખતે રેકોર્ડમાં આવ્યું જ્યારે ૯ મેના રોજ એલ્વાર (મહારાષ્ટ્ર)ની નજીક મોટા પાયા પર RDX પકડવામાં આવ્યો. આ બંનેવ જ અહલે હદીષ જમાઅતના મેમ્બર છે તેના વિશે તમામ વિગતો ૨૩ જુલાઈના સન્ડે ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રસિદ્ધ થઈ છે. તેમાં મુસ્લિમ ખબરપત્રીએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, "મુંબઈ બોમ્બ ધડકામાં આ બંનેવ પણ શંકાસ્પદ છે અને કહેવામાં આવે છે કે આ કામના માટે એ બંનેવને માનસિક રીતે અહલે હદીષ જમાઅતે તૈયાર કરેલ છે."

**They are key suspects in Mumbai Blasts. And said to have been indoctrinated by Ahle Hadees.** ખબરપત્રી એ હકીકતથી પણ પડદો ઉઠાવતાં આગળ લખે છે :–

"**સીમી** અને **લશ્કરે તયબાહ** સાથે બંને દોસ્તોની નિકટતા અહલે હદીષના માધ્યમથી થઈ. લશ્કરે તયબહના બારામાં યકીનની સાથે કહેવામાં આવે છે કે તેની ધાર્મિક માન્યતાઓ વહાબિયત પરથી લીધેલી છે."

એમાં કોઈ બે મત નથી કે વહાબી ચળવળના ઉગ્ર વલણ અને તેમની દીનની સ્વરચિત ગુમરાહકુન તાબીરોએ જ જેહાદના નામે દુનિયામાં તેઓને કત્લ તથા ખૂનામરકી માટે તૈયાર કર્યા જેણે ઈસ્લામને મુજરિમના પિંજરામાં ઉભો કરી દીધો અને જગતભરના મુસલમાનોને શંકાસ્પદ બનાવી દીધા છે. જો કે અહલે હદીષ જમાઅતના જિમ્મેદારો પોતાની ઓફીસમાં બેસીને આ ત્રાસવાદી કાર્યવાહીઓથી પોતાને સંબંધ ન હોવાનું જાહેર કરે છે. થોડીવારના માટે તેમના આ અસંબંધપણાને આપણે માની પણ લઈએ છીએ, પરંતુ એ ઐતિહાસિક તથા જમીની હકીકતથી તેઓ પણ ઈન્કાર નથી કરી શક્તા કે **આજે દુનિયામાં જેટલાં પણ ત્રાસવાદી સંગઠનો કામ કરી રહ્યાં છે તે સૌનો સંબંધ અકીદાની કક્ષાએ ન સહી તો કમસે કમ વૈચારિક કક્ષાએ એ જ જમાઅતો સાથે છે જેનો છેડો વહાબી ચળવળને જઈને મળે છે.**

## ત્રાસવાદી કેવળ મુસ્લિમો જ નથી !

વહાબી ચળવળ, અમેરિકી પોલીસી અને મીડિયાઈ પ્રોપેગન્ડા આ તે ત્રિપુટી છે જેણે મુંબઈ બોમ્બ ધડાકાઓ બાદ મુસલમાનોના સંબંધે એક દિલને રંજાડનાર મુદ્દો છોડયો છે કે, "સર્વ મુસ્લિમો ત્રાસવાદી નથી પરંતુ તમામ ત્રાસવાદી મુસલમાન છે." **"All Muslims are not terrorists but all terrorists are Muslim."**

તાબીરના ફરકથી દિલોનો મેલ નથી છુપાવી શકાતો. આ વાક્યને કોઈ રીતે કહેવામાં આવે વીજળી બીચારા મુસલમાનો પર જ ત્રાટકે છે. પરંતુ આ ત્રિપુટી છતાં ભૌગોલિક હકીકત સામાન્ય નજરોથી ઓજલ છે કે **આજે દુનિયામાં ખાસ કરીને હિંદુસ્તાનમાં જેટલાં પણ બાગી (વિદ્રોહી) તથા**

**ત્રાસવાદ પસંદ સંગઠનો કામ કરી રહ્યાં છે એમાં મોટાભાગનાં હિંદુ, ઈસાઈ તથા શીખોનાં છે.** હિંદુસ્તાનમાં કાશ્મિર જ એવું રાજ્ય છે જ્યાં કાશ્મિરની આઝાદીના નામ પર મુસ્લિમ સંગઠનોએ હથિયાર ઉઠાવેલાં છે. જ્યારે કે આશ્ચર્યમય હકીકત એ છે કે **હિંદુસ્તાનના લગભગ ૬૦૦ જિલ્લાઓમાંથી ૧૫૦ જિલ્લાઓમાં અને ઘણા રાજ્યોમાં હિંદુઓ, ઈસાઈઓ, શીખોની બબર ખાલસા, નકસલવાદ, માઓવાદી, ઉલ્ફા, એલ.ટી.ટી. જેવાં ત્રાસવાદી સંગઠનો સક્રિય છે એ સંગઠનોમાં એક પણ મુસ્લિમ જોડાયેલ નથી.** કાશ્મિર રાજ્યમાં સક્રિય એવા એકાદ બે સંગઠનો અને હિંદુસ્તાનનાં અન્ય ગૈર મુસ્લિમ સંગઠનોમાં કેવળ ફરક એટલો છે કે તેઓ મોટા શહેરોમાં જ કદી કદી પોતાની ત્રાસવાદી કાર્યવાહી કરે છે અને જગતભરની નજરોમાં આસાનીથી આવી જાય છે, જ્યારે કે વર્ણવેલ ગૈર મુસ્લિમ ત્રાસવાદી સંગઠનોના ત્રાસવાદનું ક્ષેત્ર નાના શહેર, કસ્બા તથા ગામડાંઓ પૂરતુ સીમિત છે, બલ્કે અમુક રાજ્યોમાં અમુક ઈલાકા એવા પણ છે જ્યાં તેમની પોતાની સમાંતર ગવર્નમેન્ટ (Parallel Government) ચાલી રહી છે ! ત્યાં હિંદુસ્તાનનો કાયદો નથી ચાલતો પણ તેઓના પોતાના બનાવેલા નિયમો ચાલે છે ! જ્યાં હિંદુસ્તાની પોલીસ પણ કદમ મૂક્તાં ગભરાય છે ! તેમણે અત્યાર સુધીમાં હિંદુસ્તાનના હજારો કિલોમિટરના ક્ષેત્રમાં અગણિત પોલીસ સ્ટેશનો પર હુમ્લા કર્યા, હજારો નિર્દોષ નાગરીકોને મારી નાખ્યા, કરોડોની મિલ્કતો લૂટી, ગવર્નમેન્ટની કચેરીઓને નિશાન બનાવી અને તેની મિલ્કતો પર કબ્જો કર્યો. એવા સંજોગોમાં **એવું કહીને કે "સર્વ ત્રાસવાદીઓ મુસલમાન છે"** હકીકતથી આંખ આડા કાન કરી **દુનિયામાં ધાર્મિક અદાવતને હવા આપી શકાય છે** પરંતુ ત્રાસવાદનો ખાત્મો કરીને અમ્નો શાંતિ પ્રતિ આગેકૂચ નથી કરી શકાતી.

અહીં ત્રાસવાદ તથા વિરોધ પ્રદર્શનની દેશની ઐતિહાસિક સ્થિતિ પર પણ નજર દોડાવવામાં આવે તો ભૂતકાળમાં કોઈ એવું મુસ્લિમ સંગઠન કે વ્યક્તિ નથી દેખાતો જેણે ગવર્નમેન્ટની વિરૂધ્ધ હથિયાર ઉઠાવીને નિર્દોષ પબ્લિકને પોતાના લાભો ખાતર નિશાન બનાવી હોય, બલ્કે બગાવત તથા ત્રાસવાદ પસંદનો આ ખૂની ઈતિહાસ પણ હિંદુઓ, ઈસાઈઓ તથા શીખોના નામથી જોડવામાં આવશે.

## હિંદમાં ગૈર મુસ્લિમોના ત્રાસવાદનો બોલતો ઈતિહાસ !

હિંદુસ્તાનમાં યોજનાબદ્ધ ત્રાસવાદની પ્રથમ સ્થિતિ ઈ.સ. ૧૯૪૦માં તે વખતે ઉપસ્થિત થઈ જ્યારે હિંદુસ્તાની રાજ્ય નાગાલેન્ડ તથા મીઝોરમમાં સ્થાનિક હિંદુઓ તથા ઈસાઈઓએ નાગા શસ્ત્રસજ્જ ગૃપ બનાવીને સામાન્યતઃ આખા દેશ અને ખાસ કરીને એ રાજ્યને અલગ દેશરૂપે માંગણી માટે પોતાની વિદ્રોહી કાર્યવાહીઓનો કોળિયો બનાવ્યો. તેમની ભાંગ ફોડિયા પ્રવૃત્તિઓથી તંગ આવીને હિંદુસ્તાની ગવર્નમેન્ટ તથા નેશનલિસ્ટ કાઉન્સલે ત્યાંના આમ વતનીઓની સાથે સમાધાન કર્યુ અને પ્રાંતિય કાઉન્સિલોને ઘણા બધા હક્કો આપ્યા. આ સમાધાન પછી નાગા બાગીઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં ઘણે અંશે કમી આવી, પરંતુ હજી પણ તેમની કેટલીક માંગણીઓ છે જેના કારણે તેમની વિરોધી પ્રવૃત્તિઓ ચાલુ છે, તેના પરિણામે ઈ.સ. ૧૯૯૨થી લઈને ઈ.સ. ૨000 સુધી કેવળ આઠ વરસોમાં ૫૯૫ નાગરીકો, ૨૨૫ સિક્યૂરીટી યુવાનો તથા ૮૬૬ નાગા બાગી માર્યા ગયા છે, જ્યારે કરોડોની સરકારી તથા ગૈર સરકારી મિલ્કતોને નુકસાન પણ થયું છે.

આસામમાં ઈ.સ. ૧૯૭૯માં ગૈર આસામીઓના આગમનને કારણે "આસામ ચળવળ" શરૂ થઈ (કેમ કે એનાથી આસામી કુટુંબો લઘુમતીમાં મૂકાઈ રહ્યાં હતાં). છ વરસોની ત્રાસવાદી પ્રવૃત્તિઓ પછી ઈ.સ. ૧૯૮૫માં "આસૂ"એ સમાધાન કર્યું અને આસામ ગણ પરિષદ બનાવીને ઈલેકશન લડયા. "બોડો ચળવળ" એ એનું જ પરિણામ છે. તેણે શરૂમાં અલગ "બોડો લેન્ડ" માટે ચળવળ ચલાવી ત્યાં સુધી કે ગવર્નમેન્ટી સમાધાનોમાં બોડો કાઉન્સિલની સ્થાપ્ના બાદ એ ચળવળ શાંતિ પડી, જ્યારે કે નાના નાના સ્વરૂપોમાં હજી પણ એ મૌજૂદ છે.

આસામ ચળવળમાં મહત્વનો રોલ ભજવવા માટે ઈ.સ. ૧૯૭૧માં "ઉલ્ફા"ની સ્થાપ્ના થઈ. તેમનો પ્રારંભમાં મકસદ આસામને હિંદુસ્તાનથી આઝાદ કરીને એક સોશ્યલિસ્ટ રાજ્યની સ્થાપ્ના કરવાનો હતો, પણ તેની ત્રાસવાદી કાર્યવાહીઓ છતાં આ ચળવળ કેટલાક કારણોસર સફળ ન થઈ શકી. એ કારણોમાં એક મોટુ કારણ એ પણ હતું કે મુસ્લિમ તબકાના સમર્થનનો અભાવ. બાદમાં ઉલ્ફાએ નકસલવાદીઓ, નાગા બાગીઓ તથા માઓવાદીઓ સાથે સંબંધો સ્થાપિત કરી લીધા અને હવે તેમના આતંકે આખા હિંદુસ્તાનને પોતાના ભરડામાં લીધેલ છે, જેમાં કોઈ બીચારો મુસલમાન સામેલ નથી.

ઉત્તરપૂર્વ હિંદમાં ચાર દસકા પહેલાં ઉઠનારી "અલગતાવાદી"ની ક્રાંતિએ પણ એક અરસા સુધી હિંદુસ્તાનના મોટા વિસ્તારમાં ખૂના મરકીનું બજાર ગરમ રાખ્યું. ઈ.સ. ૧૯૮૦માં "ખાલિસ્તાન" શીખોના અલગ દેશની માંગણીને લઈને પંજાબમાં ઉઠનારી ચળવળે આખા હિંદુસ્તાનમાં ત્રાસવાદનો જે ઈતિહાસ રચ્યો તે એટલી સરળતાથી ભૂલી જવાશે નહીં ! પંજાબની એ જ ચળવળે ઈ.સ. ૧૯૮૪માં વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીને ચારણી જેમ વિંધી નાંખ્યાં હતાં ! ત્યારબાદ હિંદુ શીખ કોમી તોફાનોએ કેટલાયે રાજ્યોને પોતાની લપેટમાં લઈ લીધાં જેના પરિણામે હજારો નિર્દોષોના લોહીથી હિંદની ભૂમિ લાલ થઈ ગઈ. એ તોફાનો આજે પણ હિંદુસ્તાનની પેશાની પર એક કાળુ ટીલુ છે જેમાં પણ કોઈ મુસલમાનનો હાથ ન હતો.

આ સર્વ ઐતિહાસિક સચ્ચાઈઓની પ્રતિ "ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના"ના મશહૂર લેખક સ્વામી નાથન ઐયરે નિર્દેશ કરતાં લખ્યું હતું કે :–

"હિંદુસ્તાનમાં ઈસાઈઓ, યહૂદીઓ, હિંદુઓ, શીખો એટલે સુધી કે બૌદ્ધોના ઘણા ગૃપો હતાં અને છે જેનાથી હિંદુસ્તાનના ૧/૩ ભાગને મુસ્લિમ ત્રાસવાદીઓ કરતાં વિશેષ ખતરો છે. મોટાં શહેરો કેવળ મુસ્લિમ ગૃપોથી ડર અનુભવે છે અને એટલા માટે લોક નેતાઓ અને તથા લીડરો ની નજરો પણ મુસ્લિમ ત્રાસવાદ પર કેન્દ્રિત થઈને રહી ગઈ છે." *(અનુવાદ અંગ્રેજી પરથી, સન્ડે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ૨૩–જુલાઈ ઈ.સ. ૨૦૦૬)*

## વિ□માં ઈસાઈ યહૂદી વગેરેના ત્રાસવાદની ઝલક !

આ તો હિંદુસ્તાનના ત્રાસવાદ અને ખૂના મરકીનો અતિ સંક્ષિપ્ત ઈતિહાસ હતો. જો બગાવત (વિદ્રોહ), અવરોધ, ત્રાસવાદ તથા આત્મઘાતી હુમ્લાઓના વિ□ના ઈતિહાસ પર દષ્ટિપાત કરવામાં આવે તો એ ઈસાઈઓ તથા યહૂદીઓના નામે જશે જેમનાં આગ ઓકનારાં હથિયારોએ સમગ્ર માનવ જગતને તે ઝખ્મો આપ્યા છે જે રૂજવાનું નામ નથી લેતા. આવો ! ત્રાસવાદ, જંગલિયત તથા લોહી વડે લખેલા એ ઈતિહાસ પર પણ દષ્ટિ દોડાવીએ :–

ઈ.સ. ૧૮૮૧માં અનારકીએ પોતાની ત્રાસવાદી કાર્યવાહીઓના પરિણામે રૂસી પ્રમુખ તસ્ર

અલેકઝેંડરને મારી નાખ્યા, જ્યારે કે ઈ.સ. ૧૯૦૧માં અમેરિકન પ્રમુખ માઈકિન્લે અને ઈટાલીના રાજા હંબર્ટને માર્યા. અને પ્રથમ વિ□યુદ્ધ ઈ.સ. ૧૯૧૪માં શરૂ થયું તો તેમણે ઓસ્ટ્રિયાના સત્તાધીશ **Archduke Fediand**ને પતાવી નાખ્યા. પરંતુ આટલા મહાન પાયા પર પબ્લિકની ખૂના મરકીની સાથોસાથ એ મોટા સત્તાધારીઓના ખૂનનો વબાલ કોઈ મુસલમાનના માથે નથી.

ઈતિહાસ બતાવે છે કે ગોરીલા લડવૈયાઓમાં માવજીડોંગથી લઈને હોચી મિન્હ અને ફીડલ કેસ્ટ્રો સુદ્ધાંએ પોતાની ક્રાંતિકારી ચળવળ દરમ્યાન હજારો નિર્દોષ નાગરિકોને માર્યા અને અબજોની મિલ્કતોને બર્બાદ કરી નાખી. એ ચળવળમાં પણ કોઈ મુસલમાન સામેલ ન હતો. મજાની વાત તો એ છે કે જ્યાં સુધી તેમનો વિજય થયો ન હતો ત્યાં સુધી દુનિયા એમને ત્રાસવાદી કહેતી હતી, પરંતુ જ્યારે એ પોતાની ચળવળમાં સફળ થઈ ગયા તો હિરો તથા જાંબાઝ કહેવાયા !

ઈ.સ. ૧૯૩૯માં બીજા વિ□યુદ્ધ પછી પેલેસ્ટાઈનમાં યહૂદી ગૃપ હગાના, ઈર્ગાન અને અસ્ટર્ને અલગ યહૂદી રાજ્ય માટે લડાઈઓ લડી, સરકારી તથા આમ ઈમારતો, હોટલોને બોમ્બ વડે ઉડાવી અને હજારો નિર્દોષ નાગરિકોને કત્લ કર્યા તે વખતે બ્રિટિશ ગવર્નમેન્ટનો ત્યાં કબ્જો હતો જેણે એ ગૃપોને ઉઘાડે છોગે ત્રાસવાદી ઠરાવતાં તેમની આસપાસ જિંદગીનું વર્તુળ તંગ કરી દીધું. અહીં પણ દિલચસ્પ વાત એ છે જ્યારે એ ચળવળ સફળતાની મંઝિલે પહોંચી તો તે બાગી સંગઠનોના સર્વ ત્રાસવાદીઓ આઝાદ ઈઝરાઈલના હિરો તથા નેતા બની ગયા. **એ ત્રાસવાદી નેતાઓ અન્ય કોઈ નહીં ઈસ્હાક રોબિન, મોસે દયાન, મન્ચમબેગન તથા એરિયલ શેરોન (ઈઝરાઈલના વડાપ્રધાન જે કોમામાં છે) હતા**, જેઓ આજે એ જ આઝાદીને માટે લડનારા પેલેસ્ટાઈની મુસલમાનોને ત્રાસવાદી ઠરાવી દઈને તેમના પર જુલ્મોના પહાડો તોડી રહ્યા છે કે હવે તેઓનામાં જીવવાની આરઝૂ પણ મરી પરવારી છે.

જર્મનીમાં ઈ.સ. ૧૯૬૨થી ઈ.સ. ૧૯૯૨ સુધી બાદર મેનહૂફ ગેંગે આખા જર્મનીમાં પોતાનો ખતરનાક આતંક ફેલાવ્યો અને એ દરમ્યાન હજારો નાગરીકો એટલે સુધી કે પ્રાઈવેટાઈઝેશન એજન્સીના સંચાલક ટ્રીહેન્ડને મોતને ઘાટ ઉતારી દીધા. જર્મનીમાં અડધી સદી સુધી કત્લ તથા ખૂનામરકીની હોળી ખેલનારી આ ગેંગમાં કોઈ મુસલમાન નથી.

આફ્રિકા ખંડ એક અરસા સુધી આંત્રિક અશાંતિ તથા ઝઘડાઓના કારણે તબાહ તથા બર્બાદ રહ્યો. પરંતુ આખો વિ□સમુદાય માનવતાના હનન પર ખામોશ તમાશો જોનાર બની રહ્યો અને ત્યાંના વિવિધ ત્રાસવાદી સંગઠનોને પૂરા ખંડમાં પોતાનો ત્રાસવાદ ફેલાવવાનો પૂરો મોકો આપ્યો. આ સર્વ ત્રાસવાદી ગૃપોમાં સૌથી ખતરનાક અગાન્ડાની લોર્ડ સેલ્વેસન આર્મી એટલે "ખુદાઈ આઝાદી ફોજ" હતી. આ સંગઠનના સ્થાપક અને સભ્યો સર્વે ઈસાઈ હતા જેઓ બાળકોને પણ પોતાના સ્વાર્થ ખાતર લડવાના સાધન તરીકે વાપરતા હતા.

શ્રી લંકામાં તામિલ ટાઈગર્સ (LTTE) છે જેને ત્રાસવાદી સંગઠનોમાંથી એક અતિ બદનામ તથા પ્રતિબંધિત સંગઠન માનવામાં આવેલ છે. આ તે પ્રથમ ત્રાસવાદી સંગઠન છે જે નાનાં નાનાં બાળકોને પણ ત્રાસવાદની તા'લીમ આપે છે. **"આત્મઘાતી હુમ્લા"ને મોટા પાયા પર ઈરાકી તથા પેલેસ્ટાઈન મુસલમાનોથી સંબંધિત કરવામાં આવેલ છે પરંતુ એ જાણીને આશ્ચર્ય થશે**



**કે તામિલ ટાઈગર્સ જે સૌ પ્રથમ તે ત્રાસવાદી સંગઠન છે જેણે પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિઓના માટે આત્મઘાતી હુમ્લાઓનો ઉપયોગ કર્યો, એવા જ એક આત્મઘાતી હુમ્લામાં એક સ્ત્રી ત્રાસવાદીએ ઈ.સ. ૧૯૯૧માં વડાપ્રધાન રાજીવ ગાંધીનાં ચિથરાં ઉડાડી દીધાં હતાં.** આ ત્રાસવાદી સંગઠનમાં પણ કોઈ મુસલમાનનો હાથ નથી.

હાલમાં જ યહૂદીઓની મહાત્રાસવાદી ગવર્નમેન્ટ ઈઝરાઈલે બે સૈનિકોનું હિઝબુલ્લાહે અપહરણ કર્યું તેવા બહાના હેઠળ લેબનાની સામાન્ય પબ્લિક પર વિ□સમુદાયની મના છતાં અમેરિકાના સહકારથી હવાઈ હુમ્લા કરીને અસંખ્ય નિર્દોષ બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો તથા યુવાનોને મૌતને ઘાટ ઉતાર્યા એમાં સવા સદી ગુજારી ચૂકેલ એક વૃદ્ધાના કુટુંબના **૨૧** સભ્યોના જનાઝા એક સાથે ઉઠતાં તેનો રડતો ચહેરો અખ્બારોમાં છપાયો તેના હાવભાવથી ગમે તેવા જાલિમનું કલેજુ પીગળી જાય, પણ આ અસલ ત્રાસવાદી તથા ત્રાસવાદના જન્મદાતાઓ પર આ ચીજોની કોઈ અસર નથી થતી !

આ તમામ ઐતિહાસિક સાક્ષીઓના આધારે હવે મુસલમાનો એવું કહેવાને પાત્ર છે કે, "સર્વ ત્રાસવાદી કેવળ મુસલમાન નથી, બલ્કે હિંદુ, શીખ તથા ઈસાઈ પણ ત્રાસવાદી છે." **"All terrorists may not only be Muslims, but Hindu, Sikh & Christians also."**


રહી વાત મુસ્લિમ સંગઠનોની જેહાદના નામે ત્રાસવાદી કાર્યવાહીઓ, તો ઈસ્લામ સાથે એનો શો સંબંધ ?! ધાર્મિક ખયાલોની સ્વરચિત તફસીલો તથા તબદીલીઓ થકી ચાલવાવાળી વહાબી ચળવળે અત્યાર સુધી તેઓને એ જ દર્શાવ્યું છે કે આ "મુજાહિદાઓ"થી ઈર્ફાન તથા ઈમાન હાંસલ થાય છે, પણ **ઈસ્લામી જગતની બહુમતિ જે મધ્યમ માર્ગ પસંદ કરનારાઓની છે તે આ કાર્યવાહીઓને બર્બાદી તથા અઝાબ ગણે છે.** હવે જ્યારે કે દિવસના અજવાળાંઓ અને રાતના અંધકારોમાં પશ્ચિમી તાકતો જ્યારે તેમની આસપાસ સકંજા કસી રહી છે તો એઓ પોતાનો મુસલ્લો સમેટવાની તૈયારીઓમાં વ્યસ્ત છે. *(જામે નૂર મંથલી દિલ્હી, સપ્ટે.–૦૬માંથી સાભાર)*

વળી એ પણ જાણી લો કે મુસ્લિમોને તથા ઈસ્લામને બદ્નામ કરવા માટે અવનવાં ષડયંત્રો રચવાનાં યૂરોપ, અમેરિકા તથા પશ્ચિમીઓ તરફથી ચાલુ જ છે તેનાં તાજાં દષ્ટાંતોમાં એક તો લંડન ખાતે હિથ્રો અરપોર્ટ પર "આકાશમાં વિમાનો ઉડાવી દેવાનું કાવત્રુ પકડાયુ !" એવા ન્યૂઝ સાથે કેટલાક મુસ્લિમોની ધરપકડ કરી જગતભરમાં હંગામો મચાવી મુસ્લિમોથી લોકોને નફરત થાય તેવો હોબાળો મચાવ્યો. જ્યારે ન્યૂયોર્ક ટાઈમ્સે હાલમાં જ ન્યૂઝ આપ્યા કે, **"હજી સુધી શંકા સિવાય કોઈની પાસેથી કોઈ પૂરાવો બ્રિટન પોલીસને મળ્યો નથી ! અને આ હોબાળો વધારે પડતો જ ખડો કરાયો છે."** તેમજ ઓસ્ટ્રલિયાના એમ્સટરડમ ખાતે મુંબઈ રવાના થયેલાં વિમાનને પરત બોલાવી ૧૬ ઈન્ડિયન મુસ્લિમ નિર્દોષ વેપારીઓને ત્રાસવાદી હોવાની શંકાથી પકડી દુનિયામાં હોબાળો મચાવ્યો અને છેવટે કાંઈ ન મળતાં નિર્દોષ છોડી મૂક્યા. પણ આ બધું શું છે ? મુસ્લિમોને બદ્નામ કરવાનું એક ષડયંત્ર છે જેથી દરેક મુસ્લિમને આમ લોકો શંકાથી જુએ.

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَاِنَّ فَرِيْقًا مِّنْهُمْ لَيَكْتُمُوْنَ الْحَقَّ وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٤٦﴾
اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ﴿١٤٧﴾ وَلِكُلٍّ وِّجْهَةٌ
هُوَ مُوَلِّيْهَا فَاسْتَبِقُوا الْخَيْرٰتِ ؕ اَيْنَ مَا تَكُوْنُوْا يَاْتِ بِكُمُ اللّٰهُ
جَمِيْعًا ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿١٤٨﴾ وَمِنْ حَيْثُ خَرَجْتَ
فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ وَاِنَّهٗ لَلْحَقُّ مِنْ رَّبِّكَ ؕ
وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿١٤٩﴾ وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ
وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ
شَطْرَهٗ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَيْكُمْ حُجَّةٌ ۗ اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ ۗ
فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِيْ ۗ وَلِاُتِمَّ نِعْمَتِيْ عَلَيْكُمْ وَلَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿١٥٠﴾

**તર્જુમો** : અને બેશક ! એક ગિરોહ (ગ્રૂપ) એમાંથી છૂપાવે છે હક્કને જાણી બૂઝીને, આ હક્ક (સત્ય) છે તારા રબની તરફથી. તો હરગિઝ ન બની જતો શક કરવાવાળાઓમાંથી અને દરેક ડગલાના માટે[૧૭૧] એક દિશા (નિશ્ચિત) છે તે તેના પ્રતિ મોઢુ કરે છે, તો આગળ વધી જાવ[૧૭૨] અન્ય લોકોથી નેકીઓમાં તમે ક્યાંય પણ હોઉ લઈ આવશે અલ્લાહ તઆલા તમને સૌને. યકીનન ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે. અને જયાંથી પણ આપ (બહાર) નીકળો તો વાળી લીધા કરો (નમાઝના સમયે) તમારું મોઢું મસ્જિદે હરામની તરફ, અને બેશક ! આ જ સત્ય છે તમારા રબની તરફથી. અને નથી અલ્લાહ તઆલા બેખબર જે કાંઈ તમે કરો છો. અને જયાંથી આપ (બહાર) નીકળો તો વાળી લીધા કરો તમારો ચહેરો (નમાઝના સમયે) મસ્જિદે હરામની તરફ અને (મુસલમાનો !) જ્યાં ક્યાંય તમે હોઉ ફેરવી લીધા કરો તમારું મોઢું તેની તરફ જેથી ન રહે લોકોને તમારા પર વાંધા (નો અવકાશ)[૧૭૩] તે લોકો સિવાય જેઓ નાઈન્સાફી કરે તેમનાથી. તો ન ડરો તમો તેમનાથી (બલ્કે કેવળ) મારાથી ડર્યા કરો જેથી હું પૂર્ણ કરી દઉં મારું ઈનામ તમારા પર[૧૭૪] જેથી તમે રાહેરાસ્ત (સન્માર્ગ) પર અડગ રહો.

## તફસીર

**૧૭૧.** કા'બાની તબદીલી પછી યહૂદીઓ તથા મુનાફિકોએ વાંધાઓની વર્ષા શરૂ કરી આપી અને ભોળાભાળા મુસલમાનોને વિવિધ પ્રકારના પ્રપંચો થકી ઈસ્લામથી ફેરવવાનો પોતાનો ધંધો બનાવી લીધો હતો. કુર્આને તેમના સર્વ વાંધાઓના શોરનો એક જ મજબૂત જવાબ આપ્યો કે એમાં વાંધાની શી વાત છે ?! મુસલમાનોથી પહેલાં જેટલી ઉમ્મતો ગુજરી છે સૌના માટે એક એક દિશા ઈબાદત કરવાના માટે નિશ્ચિત કરી દેવામાં આવી. જો

ઈસ્લામના પયગંબરે પોતાના રબના હુકમ પ્રમાણે કા'બાને પોતાની ઉમ્મતનો કિબ્લો નિશ્ચિત ફર્માવી દીધો તો એમાં શું અજુગતી વાત છે કે તમે આ પ્રમાણે ધાંધલ મચાવી રહ્યા છો ?! બલ્કે અલ્લાહ તઆલાની હિકમતનો તકાઝો પણ એ જ છે કે કા'બા જેને ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ ના મુકદસ હાથોએ બાંધ્યો તેને મિલ્લતે ઈબ્રાહીમીના ઝંડાધારી તથા ઈસ્માઈલ علیہ السلام ની નસલના નબીનો કિબ્લો બનાવવામાં આવે.

**૧૭૨.** આ મામૂલી સરખી વાત જેને તમે આ પ્રમાણે ઉછાળી રહ્યા છો તે ચર્ચાનો વિષય બનાવવાને પાત્ર નથી. વાત તો એ છે કે જે ખૈરાત એટલે હમેશાંની કાયમી નેકીઓ જેના પર સર્વ દીનો એકમત છે તેને અમલી સ્વરૂપ આપવામાં એકબીજાથી આગળ નીકળી જવાનો જઝબો પેદા કરો. પરંતુ આ કામ તો મુશ્કેલ છે ! એમાં નફ્સને તકલીફ પહોંચે છે, પોતાની મનેચ્છાઓનું ખૂન કરવું પડે છે. અને એ તમારા વશની વાત નથી એટલા માટે તમે આ હકીકી બાબતોથી વિમુખ થયેલા છો અને ઉપલકીયા તથા મહત્વહિન ચીજોને આ પ્રમાણે મહત્વ આપી રહ્યા છો, જાણે દીનનો મૂળ ભૂત પાયો એ જ એક ચીજ છે.

**૧૭૩.** દર્શાવી આપ્યું સફર હોય કે મુકામ પર, દૂર હોય કે નજીક પણ નમાઝની હાલતમાં તમારું મોઢું કા'બા શરીફની તરફ જ હોવું જોઈએ, નહીં તો અહલે કિતાબ તથા મુશ્રિકો તમારા પર વાંધો કરશે અને તે વાંધો યોગ્ય હશે. કેમ કે અહલે કિતાબે પોતાની કિતાબોમાં વાંચ્યું છે કે નબી આખિરૂઝ્ઝમાં ﷺનો કિબ્લો કા'બા હશે, અને તમે કા'બા પ્રતિ ચહેરો કરી નમાઝ નહીં પઢો તો તેઓ કહેવામાં હક્કના પક્ષે હશે કે આ તે નબી છે જેમની બશારત અમારી કિતાબોમાં આપવામાં આવી છે. અને મુશ્રિકો કહેશે કે દાવો તો કરે છે મિલ્લતે ઈબ્રાહીમી હોવાનો અને તેમના કિબ્લાને કિબ્લો નથી સમજતા ! અને કેટલાક હક્ક ન સમજી શકનારા હજી પણ શોર મચાવી રહ્યા છે તેઓ લક્ષ કરવાને પાત્ર જ નથી.

**૧૭૪.** કા'બાને કિબ્લો નિશ્ચિત કરવું ખૂદ ઘણી જ મહાન નેઅમત છે કેમ કે આ રીતે ઈસ્લામી મિલ્લતને (મુસલમાનોને) એક ખાસ મર્કઝ અતા કરી દેવામાં આવ્યું જે તેમના ધ્યાન તથા ઈબાદતનું કેન્દ્ર છે જેથી રંગ તથા ભાષા, જાતિ તથા વતનના સર્વ મતભેદો છતાં તેને જોનારા યકીન કરી લે કે આ એક કૌમ છે, તેમના ધ્યાનનું કેન્દ્ર એક છે, તેમનો જીવન ધ્યેય એક છે. તેમજ કિબ્લાની તબદીલીમાં એ વાત પ્રતિ પણ સ્પષ્ટ નિર્દેશ છે કે હવે દુનિયાની સરદારી બની ઈસ્રાઈલથી બદલાઈને ઈસ્માઈલ علیہ السلام ની ઔલાદમાં આવી ગઈ છે. આ સરફરાઝી તથા આ બુઝુર્ગી જાતે એક મહાન નેઅમત છે.


ચાલો કપડવંજ ! **કપડવંજમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો ઈજતેમા** ચાલો કપડવંજ !

તા. ૬/૧૦/૨૦૦૬ સોમવાર રાત્રે ઈશાની નમાઝ "કપડવંજ" ખાતે દુદુગર બાદશાહ ગ્રાઉન્ડ–કચેરી ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા થશે જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી** (મુંબઈ) તશરીફ લાવી ઈમાન અફરોઝ બયાન ફર્માવશે તો સર્વ ખુશઅકીદા મુસલમાનોને હાર્દિક આમંત્રણ છે. *-જનાબ અબ્દુલકાદિરભાઈ કારીગર (કપડવંજ)*


**જરૂરી નોંધ :** તલબાની લેખ હરીફાઈનો વિષય "**વર્તમાન શાદીઓની ધૂમધામ અને ઈસ્લામી આદેશ**" જેના સંબંધે લેખ **તા. ૧૨/૧૧/૨૦૦૬** સુધીમાં ભાગ લેનારા ભાઈઓએ સત્વરે મોકલી આપવા વિનંતિ છે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૩ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે, તે નબી કરીમ صلى الله عليه وسلمથી રિવાયત કરે છે. ફર્માવ્યું : લોકો પૂછતાછ કરતા રહેશે ત્યાં સુધી કે એવું કહેવામાં આવશે કે મખ્લૂકને ખુદાએ પેદા કરી તો ખુદાને કોણે પેદા કર્યો ?[૧] જ્યારે એવું કહે તો તમે કહી આપશો કે, અલ્લાહ એક છે, બેનિયાઝ છે, ન જનમ્યો ન જન્મ આપવામાં આવ્યો અને ન કોઈ એના સમાન[૨]. પછી પોતાની ડાબી બાજુ ત્રણવાર થૂ થૂ કરી દે, અને મરદૂદ શૈતાનથી અલ્લાહની પનાહ માંગે[૩]. આ અબૂ દાઊદે રિવાયત કરી. અમે અમ્ર ઈબ્ને અહવસની હદીષ ઈન્શાઅલ્લાહુ તઆલા બક્ર ઈદના ખુત્બાના પ્રકરણમાં વર્ણન કરીશું.

હઝરત અનસ رضي الله عنه રિવાયત ફર્માવે છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ કે લોકો પૂછતા જ રહેશે ત્યાં સુધી કે એવું કહી બેસશે કે અલ્લાહે દરેક ચીજ પેદા કરી તો અલ્લાહને કોણે પેદા કર્યો? આ બુખારીની રિવાયત છે અને મુસ્લિમની રિવાયતમાં છે કે ફર્માવે છે, અલ્લાહ عزوجلએ ફર્માવ્યું કે યકીનન! તમારી ઉમ્મત[૪] કહેતી રહેશે, આ કેવું ? આ કેવું ?[૫] ત્યાં સુધી કે એવું કહી નાખશે કે અલ્લાહે મખ્લૂક પેદા કરી તો અલ્લાહને કોણે પેદા કર્યો. અને હઝરત ઉષ્માન ઈબ્ને અબી આસ[૬] ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم શૈતાન મારામાં અને મારી નમાઝ તથા તિલાવતમાં આડ બની ગયો અને નમાઝ શંકાસ્પદ કરી દીધી[૭]. હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, એ શૈતાનને ખિન્ઝબ કહેવામાં આવે છે[૮]. જ્યારે કદી તમે તેને મેહસૂસ કરો તો તેનાથી અલ્લાહની પનાહ માંગો અને ડાબી બાજુ ત્રણવાર ધુત્કારી (થૂ થૂ કરી) દો[૯]. મેં એવું જ કર્યું તો અલ્લાહે તેને દફેઅ કરી દીધો[૧૦]. *(મુસ્લિમ)*

રિવાયત છે હઝરત કાસિમ ઈબ્ને મુહમ્મદથી[૧૧] કે તેમને કોઈ શખ્સે પૂછયું (અર્ઝ કરી), હું મારી નમાઝમાં વહેમ કર્યા કરું છું અને આવી બિના મારા પર ખૂબ થતી રહે છે. ફર્માવ્યું, તમારી નમાઝ પઢી નાખો કેમ કે આ વહેમ તો જશે નહીં ત્યાં સુધી કે તમે એવું કહેતાં નમાઝ ખત્મ કરશો કે મારી નમાઝ સંપૂર્ણ ન થઈ[૧૨]. *(માલિક)*

## ★ સમજૂતી ★

**૧.** એટલે કે દરેક મૌજૂદનો કોઈ મૂજિદ (પેદા કરનાર) હોવો જોઈએ અને અલ્લાહ પણ મૌજૂદ છે, જેથી તેનો મુજિદ પણ હોવા જોઈએ, આ શૈતાની વસવસો છે. યાદ રાખશો કે આલિમોના દિલમાં આલિમાના વસવસા અને સૂફીઓના દિલમાં આશિકાના વસવસા, અવામના દિલમાં આમિયાના (સામાન્ય કક્ષાના) વસવસા નાખે છે, જેવો શિકાર તેવી જાળ ! ઘણીવાર માણસ ગુનાહોને ઈબાદત સમજી લે છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા ઉઘાડી દલીલો છે ! ઔલાદના માટે ત્રણ શરતો છે : એક એ કે ઔલાદવાળામાં બેવડાપણુ થઈ શકે, કેમ કે ઔલાદ બાપની સાથે જાતિમય રીતે એક અને વ્યક્તિગત રીતે બીજી હોય છે, રબ તઆલા જાતિપણા તથા વ્યક્તિપણા વગેરેથી પાક છે. اَحَد (અહદ)માં આ તરફ નિર્દેશ છે. બીજી એ કે ઔલાદવાળો ઔલાદનો હાજતમંદ હોય છે, પોતાના વારસા તથા બાવડા બળ માટે ઔલાદ ઈચ્છે છે, પરવરદિગાર (આ બાબતથી) બેનિયાઝ (બેપરવા) છે صَمَد (સમદ)માં એ ફર્માવવામાં આવ્યું. બીજી એ કે દરેક શક્ય મૌજૂદ ચીજ મૂજિદની હાજતમંદ છે. પરવરદિગાર વાજિબ છે. તેમજ પુત્ર બાપના જેમ હોવો જોઈએ જ્યારે રબની સમાન કોઈ નથી. لم يلد ـ الخ માં એના પ્રતિ નિર્દેશ છે.

૩. એ થૂક શૈતાનના મોઢા પર પડશે જેનાથી તે ઝલીલ થઈને ભાગશે, કેમ કે શૈતાન મોટા ભાગે ડાબી બાજુથી આવે છે. એનાથી જાણવા મળ્યું કે ક્યારેક થૂકથી પણ શૈતાન ભાગે છે. અમુક સૂફીઓ દમ કરીને થૂ થૂ પણ કરી દે છે તેમની દલીલ આ છે.

૪. એટલે કે "ઉમ્મતે દઅવત" નાસ્તિકો, કાફિરો વગેરે, નહીં કે "ઉમ્મતે ઈજાબત" મો'મિનો, અથવા કહેવાથી મુરાદ દિલી વસવસો છે તો એમાં ઉમ્મતે ઈજાબત પણ દાખલ છે.

૫. એટલે કે દરેક ચીજનું કારણ દરેક ચીજની હકીકતના વિશે પૂછીશું. ક઼ીલ ક઼ાલ વધારે, હ઼ાલથી ખાલી. ધ્યાન રાખશો કે આપણી પાસે "કેમ?" વધારે છે તેમની પાસે "શું" હતું.

૬. આપ બની ષકીફ઼ કબીલાના છે. આપનાં વાલિદા હુઝૂર ﷺની પેદાઈશના સમયે આમેના ખાતૂનની પાસે હતાં. હુઝૂર ﷺએ આપને તાઈફના હાકિમ બનાવ્યા જેથી આપ ફારૂકી યુગ સુધી ત્યાં હાકિમના સ્થાને રહ્યા. પછી હઝરત ફારૂકે આ'ઝમે પોતાની ખિલાફતના ત્રીજા વરસે ત્યાંની હુકૂમતથી હટાવીને અમ્માન તથા બેહરૈનના હાકિમ બનાવ્યા. હિ.સ. ૧૦માં જ્યારે બની ષક઼ીફનું પ્રતિનિધિમંડળ હુઝૂર ﷺની ખિદમતમાં ઈમાન લાવવા માટે હાજર થયું તો એમાં આપ પણ હતા. તે સમયે આપની ઉમર ૨૯ વરસ હતી. અંતિમ વયે બસરા રહેઠાણ કર્યું. હિ.સ. ૫૧માં ત્યાં જ વફાત પામ્યા. ૮૦ વરસની ઉમર શરીફ થઈ. હુઝૂર ﷺની વફાત બાદ જ્યારે બની ષક઼ીફ મુર્તદ થવા લાગ્યા તો આપે ફર્માવ્યું, હે કૌમ! તમે છેલ્લા મુસલમાન છો તો હવે પ્રથમ મુર્તદ શા માટે બનો છો?

૭. આ રીતે કે ન મને પઢેલી રકાતો યાદ છે અને ન એ કે પહેલી રકાતમાં શું પઢયું હતું. જાણવા મળ્યું કે નમાઝમાં વસવસા બુઝુર્ગોને પણ થઈ જાય છે.

૮. 'ખિન્ઝબ' "خ"ના ઝેર કે ઝબર અને "ز" ના ઝબરથી. અર્થ સડી ગયેલો ગોશ્ત અથવા કાયમી જુર્મ (ક઼ામૂસ). એ શૈતાનની તે ઔલાદનું નામ છે જે નમાઝીઓ માટે નમાઝ શંકાસ્પદ કરી દે છે.

૯. નમાઝ શરૂ કરતી વખતે તકબીરે તહરીમાથી પહેલાં. અનુભવ છે કે જે તહરીમાથી પહેલાં આ રીતે થુત્કારીને (થૂ થૂ કરીને) લા હૌલ શરીફ પઢી લે પછી તહરીમા કરે, નમાઝ દરમ્યાન નિગાહની હિફાઝત કરે કે કયામમાં સિજદાના સ્થાને, રુકૂઅમાં પગની પીઠ, સજદામાં નાકનાં પાસાંઓ તરફ, બંને કાઈદાઓમાં ખોબામાં રાખે તો ઈન્શાઅલ્લાહ! નમાઝમાં હુઝૂરી નસીબ થશે.

૧૦. આ હદીષ મારી મુજર્રબ પણ છે. મુહદ્દિષોની નજીક અનુભવના સમર્થનથી હદીષ કવી (મજબૂત) થઈ જાય છે. જુઓ અમારી કિતાબ જાઅલ હક્ક ભાગ–૨.

૧૧. આપ હઝરત અબૂબક્ર સિદ્દીકના પૌત્ર છે, જલીલુલ કદર તાબઈ છે. મદીના મુનવ્વરાના સાત ક઼ારીઓમાંથી એક છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا આપનાં ફોઈ છે. ઝૈનુલ આબેદીન આપના મસ્યાય ભાઈ અને ઈમામ મુહમ્મદ બાકિરના આપ સસરા, ઈમામ જાફર સાદિકના આપ નાના છે. આપ યતીમ રહી ગયા હતા જેથી આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ આપનો ઉછેર કર્યો. આપે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا તથા હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ થી રિવાયતો કરી. ૮૦ વરસની ઉમર પામ્યા. હિ.સ.....માં વફાત થઈ. *(અશ્અતુલ લમ્આત તથા મિર્ક઼ાત)*

સુબ્હાનલ્લાહ! શું અજીબ તા'લીમ છે. એટલે કે ખતરાઓને (વસવસાઓને) કારણે નમાઝ ન છોડો ન દોહરાવો, એ આવતા જ રહેશે. જ્યારે શૈતાન નફ્સ પોતાની હરકતોથી દૂર નથી થતા તો તમે નમાઝ શા માટે છોડો છો ?! માખીઓના કારણે ખાણુ નથી છોડવામાં આવતું, તમે અલ્લાહના બંદા છો દિલના બંદા નથી, દિલ લાગે કે ન લાગે નમાઝ પઢે જાવ. આ હદીષથી જાણવા મળ્યું કે નમાઝ સંપૂર્ણ ન થવાનો વહેમ પૂરતો નથી, એ વહેમોને લક્ષમાં ન લે, નમાઝ પઢે જાય.

شفاء شریف    شفاء شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્‌લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

(વિભાગ : ૧૨)

## રહ્‌મતુલ્લિલ આલમીન ﷺની સહનશીલતા

સહનશીલતા, સંયમ : તાકાત હોવા છતાં દરગુઝર અને આપત્તિઓ અને કઠીનાઈઓ પર સબ્ર, આ એવી ખૂબીઓ છે જેના અર્થમાં સુક્ષ્મ ફર્ક છે.

હરકત લાવવાળા સબબોના સમયે અડગ રહેવું અને નફ્સને કાબૂમાં રાખવાનું નામ, સહનશીલતા (હિલમ) છે. ગમ અને રંજના સમયે નફ્સને સંતુષ્ઠ રાખવું સંયમ કહેવાય છે અને સબ્રનો પણ લગભગ આ જ અર્થ છે. જ્યારે કે બદલો ન લેવાને "માફી" (દરગુઝર) કહે છે. આ તમામ આદતો તે છે જેના સાથે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને પૂરી સખાવતના સાથે માલામાલ કરી દીધા હતા. એ માટે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

خُذِ الْعَفْوَ وَأْمُرْ بِالْمَعْرُوْفِ وَاَعْرِضْ عَنِ الْجَاهِلِيْنَ۔

"અય મહબૂબ ! માફ કરવાનું અપનાવો અને ભલાઈનો હુકમ આપો અને જાહિલોથી મોંઢુ ફરેવી લો." *(સૂરએ અઅ્‌રાફ, આ. ૧૯૯)*

રિવાયત છે કે, જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે ફખ્રે દો આલમ ﷺએ જિબ્રઈલ علیہ السلامથી આનો ખુલાસો પૂછયો. તેમણે કહ્યું, હું અલ્લાહ તઆલાથી જાણી લઈને અર્ઝ કરીશ. બીજી વખત બારગાહે રિસાલતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહનો હુકમ છે, **જે તમારાથી સંબંધો તોડી લેવા ઈચ્છે તેને છાતીએ લગાડી લો, જે વંચિત રાખે તેને અર્પણ કરો અને જે જુલ્મ કરે તેને માફ કરી દો.** અલ્લાહ તઆલાએ આ પણ હુકમ આપ્યો છે : وَاصْبِرْ عَلٰى مَا اَصَابَكَ ط اِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ "અને જે આફત તારા પર આવી પડે તે બદલ સબર કર, બેશક ! આ હિંમતનું કામ છે." *(સૂરએ લુકમાન, આયત–૧૭)* એ પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્‌ઝતે પોતાના હબીબ ﷺથી એ પણ ફર્માવ્યું હતું :–

فَاصْبِرْ كَمَا صَبَرَ اُولُوا الْعَزْمِ مِنَ الرُّسُلِ "ત્યારે તમે સબર કરો જેવી રીતે કે હિમ્મતવાળા રસૂલોએ સબર કરી." *(સૂરએ અહકાફ, આયત છેલ્લી)* અને આ પણ ફર્માવ્યું, وَالْيَعْفُوْا وَالْيَصْفَحُوْا "અને જોઈએ કે માફ કરી દે અને દરગુજર કરે." *(સૂરએ નૂર, આયત–૨૨)*

અને અલ્લાહ جل جلالہએ આ પણ ફર્માવી દીધું છે :

وَلَمَنْ صَبَرَ وَغَفَرَ اِنَّ ذٰلِكَ لَمِنْ عَزْمِ الْاُمُوْرِ

"અને બેશક ! જેણે સબર કરી અને માફ કરી દીધું તો એ અવશ્ય હિમ્મતનાં કામો છે." *(પારા–૨૫, સૂરએ શૂરા, આ. ૪૩)*

રહમતે દો આલમ ﷺની સહિષ્ણુતા જેવું કે નકલ કરવામાં આવ્યું છે તે દિવસના પ્રકાશના જેમ સ્પષ્ટ અને દુનિયાથી નિરાળી છે. કોઈ સહનશીલ અને સબ્ર કરનાર એવો નહીં હોય જેનાથી આવા સમય પર બદલો લેવાની ઈચ્છાથી કોઈ કાર્ય ઘટિત ન થયું હોય અને જવાબમાં તેણે કોઈ વાત કહી ન હોય, પરંતુ આપની પ્રશંસાપાત્ર જાતની ખૂબીઓ જ એવી છે કે, જેટલી તકલીફ અને કષ્ટ વધતાં ગયાં તે જ રીતે સબ્ર અને સહનશક્તિમાં વધારો થતો રહ્યો. જો કે આપના પર જુલ્મો સિતમના પહાડ તોડવામાં આવ્યા, જાહિલોએ અત્યાચાર અને કષ્ટ પહોંચાડવામાં કોઈ કસર બાકી રાખી નહીં, પરંતુ

આપે સબ્ર અને સહનશીલતાનો પાલવ એક પળ માટે પણ છોડયો નહીં. હસતે મુખે બધું જ સહન કરતા હતા.

કાઝી અયાઝ رحمۃاللہ علیہ ફર્માવે છે કે, અમારાથી કાઝી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અલી અત્તગલબી વગેરેએ હદીષ બયાન કરી. તેમનાથી મુહમ્મદ બિન એતાબે, તેમનાથી કાઝી અબૂબક્ર બિન વાકિદ વગેરેએ, તેમનાથી અબૂ ઈસાએ, તેમનાથી ઉબૈદુલ્લાહે, તેમનાથી યહ્યા બિન યહ્યાએ, તેમનાથી માલિક બિન શહાબે, તેમનાથી ઉરવહે બયાન કરી અને તેમનાથી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે, રસૂલુલ્લાહ ﷺને જ્યારે પણ બે કામોમાંથી એક કામ કરવાના અધિકાર માટે હુકમ મળ્યો, ત્યારે આપે તેમાંથી આસાનને જ પસંદ કર્યું જ્યારે કે એને ઈખ્તિયાર કરવામાં કોઈ શરીઅતની રૂએ ખરાબી ન હોતી.

જો શરીઅતની રૂએ ખરાબી હોત તો બીજાઓની તુલનામાં આપ તેનાથી વધારે દૂર રહેતા હતા. સરાપા રહમતે ક્યારેય પોતાની જાત માટે બદલો લીધો નથી. હા ! જ્યારે અલ્લાહ તઆલાની નક્કી કરેલી આજ્ઞાઓની હદ તોડતા ત્યારે તે વ્યક્તિને જરૂર શિક્ષા કરવામાં આવતી હતી. રિવાયત છે કે ગઝવએ ઓહદના રોજ રસૂલુલ્લાહ ﷺના મુબારક દાંતો જ્યારે શહીદ થયા, આપનો મુબારક ચહેરો ઝખ્મી થયો ત્યારે સહાબાએ કિરામને આ બનાવથી બહુ જ આઘાત લાગ્યો અને બારગાહે રિસાલતમાં ખૂબ જ નમ્રતાપૂર્વક અરજ કરી કે કાફિરોની તબાહી તથા બરબાદીના માટે દુઆ કરે. (કુર્બાન જાવ !) આ સમયે પણ આ જાને રહમત ﷺએ ફર્માવ્યું કે, મને તો એ માટે મોકલવામાં આવ્યો છે કે, ખુદાની મખ્લૂકને હક્કની દા'વત આપું. હું તેમના પર અઝાબ લાવવા માટે તો મોકલવામાં આવ્યો નથી. અને બારગાહે ખુદાવંદીમાં દુઆ કરી કે, અય અલ્લાહ ! મારી કૌમને હિદાયતની દૌલતથી માલામાલ કરી દે, આ લોકો મને ઓળખતા નથી.

હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે કે, તેમણે આ પ્રસંગે બારગાહે રિસાલતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારાં માં બાપ આપ પર કુર્બાન ! આવા પ્રસંગે હઝરત નૂહ علیہ السلامએ પોતાની કૌમ માટે કહ્યું હતું :–

رَبِّ لَا تَذَرْ عَلَى الْأَرْضِ مِنَ الْكَافِرِينَ دَيَّارًا

**અર્થ** : ''અય મારા રબ! ધરતી પર કાફિરોમાંથી કોઈ વસનારને છોડીશ નહીં !'' *(સૂરએ નૂહ, આયત–૨૬)*

જો આપ પણ આપની કૌમ માટે આવી જ દુઆ કરી દેતા તો કોઈ એક પણ બચવા પામતો નહીં. જો કે તેમણે આપને ઝખ્મી કર્યા, આપના મુબારક ચહેરાને લોહી લુહાણ કર્યો અને દાંત મુબારક શહીદ કરી દેવામાં આવ્યા, તેમ છતાં આપે તેમના માટે હલાકતની દુઆ માંગવાથી ઈન્કાર કરી દીધો, બલ્કે કૌમની ભલાઈના માટે બારગાહે ખુદાવંદીમાં આ પ્રમાણે અર્ઝ કરી, અય અલ્લાહ ! મારી કૌમને માફ કરી દે કેમ કે આ લોકો મારા મરતબાને જાણતા નથી.

કાઝી અયાઝ رحمۃاللہ علیہ ફર્માવે છે કે, આ પ્રસંગે આપે જે વિશાળ મહેરબાની, અત્યંત કક્ષાનો ઉપકાર, બે હિસાબ નેક દિલી અને અંતિમ સીમા સુધીના સબ્રને પ્રદર્શિત કર્યું, તેનું કોઈ દષ્ટાંત નથી. જુઓ કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના વફાદાર, શમ્એ રિસાલતના પરવાનાના જવાબમાં મૌન પર સંતોષ ન માન્યો, પરંતુ જબાન મુબારકથી માફીની જાહેરાત કરી દીધી અને ઉપરથી ઉપકાર કર્યો કે રબ્બુલ ઈઝ્ઝતથી તેમના માટે માફી અને હિદાયત માંગી, સાથે સાથે આ મહેરબાનીની રહમતનું કારણ પણ બારગાહે ખુદાવંદીમાં મજબૂત શબ્દો દ્વારા રજૂ કરી દીધું અને فَإِنَّهُمْ لَا يَعْلَمُونَના દ્વારા તેમની અનુચિત હરકતો માટેનું કારણ બારગાહે ખુદાવંદીમાં રજૂ કરી દીધું.

# ખુલફાએ રાશિદીન અને

## ઈસ્લામી અખ્લાકનું બંધારણ

અઝ : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી,
સદર : જામિઆ અશ્રફિયા-મુબારકપુર
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ★ પ્રજાની દેખરેખ તથા સેવા ★

**(૪)** હઝરત ઉમર પોતાના ખિલાફતના યુગમાં જ્યારે શામ (સીરિયા) ગયા તો પાછા ફરતાં પ્રજાની ખબર પામવા માટે લોકોથી થોડાક દૂર થઈ ગયા. એ દરમ્યાન એક વૃદ્ધાના તંબૂ પાસેથી પસાર થયા. ફર્માવ્યું, ઉમરની કાંઈ ખબર છે ? તેણીએ કહ્યું, શામથી ખૈરિયત સાથે રવાના થઈ ચૂક્યા છે, ખુદા એમને મારા તરફથી જઝાએ ખૈર (ભલો બદલો) ન આપે. ફર્માવ્યું, શું વાત છે ? તેણીએ કહ્યું, જ્યારથી એણે મુસ્લિમોની ખિલાફતની જિમ્મેદારી સંભાળી છે મને તેના ત્યાંથી એક પૈસો નથી મળ્યો. ફર્માવ્યું, તમે આટલા દૂરના ઠેકાણે રહો છો તો ઉમરને તમારી શી રીતે ખબર પડે ? કહ્યું, સુબ્હાનલ્લાહ ! ખુદાની કસમ ! હું એવું નથી સમજતી કે કોઈ શખ્સ લોકો પર રાજ કરે અને તેને પોતાની સત્તા હેઠળના પૂર્વ તથા પશ્ચિમની ખબર ન હોય ?! આ સાંભળીને ઉમર રડી પડયા અને કહેવા લાગ્યા, ઉમર ! વૃદ્ધા પણ તમારા કરતાં વિશેષ ફકીહ છે ! ફર્માવ્યું, હે ખુદાની બંદી ! ઉમરની તરફથી તમારા પર જે જુલ્મ થયો છે તે કેટલામાં વેચીશ ?! કેમ કે એના પર જહન્નમની તકલીફથી દયા આવે છે. ખુદા તમારા પર રહમ કરે મારી સાથે મઝાક ન કરો ! હઝરત ઉમરે કહ્યું કે હું મઝાક નથી કરતો. અને તેણીને આગ્રહ કરતા રહ્યા, ત્યાં સુધી કે તેણી પાસે પચીસ દીનારના બદલામાં ખરીદી લીધો. એ દરમ્યાન હઝરત અલી અને અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ પણ આવી પહોંચ્યા. અને કહ્યું, "અસ્સલામુ અલૈકુમ ! હે અમીરુલ મો'મિનીન ! એ સાંભળતાં વૃદ્ધાએ માથા પર હાથ રાખ્યો અને કહ્યું, હાય ! બર્બાદી ! અમીરુલ મો'મિનીનની સામે જ મેં તેમને ભલુબરું કહ્યું ! હઝરત ઉમરે ફર્માવ્યું, ડરો નહીં ! તમારા પર ખુદા રહમ ફર્માવે. પછી લખવા માટે કાગળ માંગ્યો પણ ન મળ્યો તો પોતાની ગોદડી ફાડી એક ટુકડો કાપીને તેના પર લખ્યું :-

"બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ..... આ એનો દસ્તાવેઝ છે કે જ્યારથી ઉમરને ખિલાફત મળી છે તે સમયથી ફલાણા સમય સુધી ફલાણી સ્ત્રીની જુલ્મની ફરિયાદ ઉમરે તેણી પાસેથી પચીસ દીનારમાં ખરીદી લીધી. હવે જો તેણી મેહશરમાં રબ્બુલ આલમીનના સમક્ષ ઉમરની હાજરીના સમયે તેના વિરુદ્ધ દાવો કરે તો ઉમર એનાથી મુક્ત છે. એના પર અલી ઈબ્ને અબૂ તાલિબ તથા ઈબ્ને મસઊદ ગવાહ છે. (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن)"

પછી એ લખાણ પોતાના પુત્રને આપ્યું અને ફર્માવ્યું કે મારા મુત્યુ બાદ એને મારા કફનમાં રાખી દેજો. *(હયાતુલ હયવાનાત, અઝ : દમીરી, ૧/૪૭, પ્રેસ હિજાઝી કાહિરા, હિ.સ. ૧૩૫૩)*

**(૫)** હઝરત તલ્હા رضی اللہ عنہ એકવાર રાતના અંધકારમાં નીકળ્યા. જોયું કે હઝરત ઉમર એક ઘરમાં પ્રવેશ્યા પછી અમુકવાર પછી બહાર આવ્યા. સવારે હઝરત તલ્હા એ ઘરમાં ગયા તો જોયું કે એક અંધ અપંગ વૃદ્ધા એમાં છે. ફર્માવ્યું, આ માણસ (ઉમર) તમારે ત્યાં શા માટે આવે છે ? તેણીએ કહ્યું, અરે ! એ તો આટલા વરસોથી મારી દેખભાળના માટે આવ્યા કરે છે, મારી જરૂરી ચીજો પૂરી પાડે છે, અને ગંદકી દૂર કરે છે. એ સાંભળીને હઝરત અબૂ તલ્હા ફારૂકે આ'ઝમની ખિદમતગુઝારી પર

દંગ રહી ગયા. પોતે કહેવા લાગ્યા, તલ્હા તારી માં તારા પર રડે ! તું ઉમરની ખામી શોધવા આવ્યો હતો ?! *(હયાતુલ હયવાનાત, ૧/૪૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૨૯)*

**(૬)** ફારૂકી યુગમાં એકવાર સખત દુકાળ પડયો. ચો તરફ ધૂળ ઉડતી હતી એટલા માટે એ વરસનું નામ "આમ્મુર્રમાદા" પડી ગયું. એ જમાનામાં પ્રજાના માટે હઝરત ઉમરની બેચૈની નોંધપાત્ર હતી. ગોશ્ત, ચરબી, ઘી સર્વ ત્યજી દીધું કેવળ ઝૈતૂનના તેલ અને ચાર્યા વિનાના લોટની રોટી પર ગુજારો કરતા હતા. શૃષ્કતાના કારણે પેટ બોલવા લાગ્યું હતું. પણ હઝરત ફારૂકે ફર્માવ્યું, અવાજ કર્યા કર ! તારા માટે અમારી પાસે ઝૈતૂનના તેલ સિવાય કાંઈ જ નથી, ત્યાં સુધી કે લોકોની હાલત સુધરી જાય. તેમના ગુલામ અસ્લમનું બયાન છે કે એમને એવું લાગતું હતું કે જો દુકાળ દૂર ન થયો તો મુસલમાનોના ગમમાં હઝરત ઉમરનું મૃત્યુ થઈ જશે.

એ જ જમાનામાં પોતાના એક નાના બાળકના હાથમાં તડબૂચ જોઈ લીધું. ફર્માવ્યું, અરે ! અમીરુલ મો'મિનીનના પુત્ર ! તું ફળ ખાઈ રહ્યો છે ? અને ઉમ્મતે મુહમ્મદ ﷺ ભૂખથી કમજોર થઈ ગઈ છે ! બાળક રડતો રડતો ભાગ્યો ! બાદમાં હઝરત ઉમરને જણાવવામાં આવ્યું કે તેણે ખજૂરોના ઠળીયા ભેગા કરીને એક મુઠ્ઠી ઠળીયાના બદલામાં કોઈક રીતે આ ખાવાની ચીજ મેળવી છે. એની જાણ થઈ તો ચુપ થઈ ગયા. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૫૬, ૨૫૯)*

(**નોંધ** : ક્યાં છે આજ કાલના લુચ્ચા, ઐયાશ, બદ્‌માશ પ્રકૃતિના, જાલિમ રાજકરણીઓ ! તેઓ વાંચે ઈસ્લામના આ મહાન ખલીફાઓની જિંદગીને અને વિચારે કે રાજ કઈ રીતે થઈ શકે છે અને પ્રજાનો લીડર કેવો હોવો જોઈએ. ***-અનુવાદક***)

આ પ્રકરણમાં અસંખ્ય બનાવો છે સૌને એકત્ર કરવા શક્ય નથી. અને ન આવા જિમ્મેદારીના એહસાસવાળા પ્રજાના લીડરની બેતાબી તથા પ્રજાને ખાતર પોતાને દરેક લિજ્જત તથા રાહતથી દૂર થઈ જવાનું દષ્ટાંત શક્ય છે.

## ★ અમલદારો પર કડકાઈ ★

ગવર્નમેન્ટ તથા સલ્તનતના પ્રકરણમાં હાથ નીચેના અમલદારોને સીધા માર્ગે રાખવાની જિમ્મેદારી કદાચ સર્વ કામોથી અધિક મુશ્કેલ તથા મહત્વની છે. જો ખલીફા કે સુલ્તાન જાતે પોતે ખૂબ જ અમાનતદાર, કૌમ તથા દેશનો સાચો હમદર્દ, દેશની પ્રગતિ તથા સુખશાંતિના માટે રાત દિવસ કાર્યરત છે પણ તેના હાથ નીચેના હાકિમો (અધિકારીઓ, અમલદારો) એશઆરામ કરવાવાળા, લાંચીયા તથા રાષ્ટ્રની મિલ્કત પોતાની કરવાની તરકીબોના નિષ્ણાત, પોતાની ફરજોથી બેપરવા કેવળ પોતાના માણસોના સુખ સગવડને ચાહનારા, અન્યો પર જુલ્મો સિતમ કરવાના તથા તેમનો હક્ક મારવાના આદી હોય, દેશ તથા કૌમની તરક્કી તથા ભલાઈના માટે હમદર્દીભર્યી સોચ તથા અથાગ મહેનતભર્યા અમલથી ખાલી હોય તો કેવળ એક સુલ્તાન અથવા અમુક ખાસ પ્રધાનોની અમાનતદારી કાંઈ રંગ નથી લાવતી. અને જો સુલ્તાન તથા અમીરો સર્વ બગડી ચૂક્યા હોય તો પછી હક્ક, ઈન્સાફ, જિમ્મેદારીનો એહસાસ અને ફર્ઝની અદાયગી નામની કોઈ ચીજ દેશભરમાં મળવી મુશ્કેલ છે.

આ ક્ષેત્રે ખુલફાએ રાશિદીનનો અમલ આખા જગત માટે દીવાદાંડી સમાન તથા બોધપાત્ર છે. આવો જોઈએ ! એના અનુસંધાનમાં તેમના અખ્લાકની પાકટતા અને કિરદાર તથા અમલની મજબૂતી ક્યાં સુધી પહોંચેલી છે.

**(૧)** મિસ્રનો એક શખ્સ હઝરત ઉમર رضی اللہ عنہ ની પાસે મદીના આવ્યો. અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! હું જુલ્મની ફરિયાદ લઈને આપને ત્યાં પનાહ માટે આવ્યો છું. ફર્માવ્યું, તમે પનાહની જગાની પનાહ લીધી. તેણે જણાવ્યું કે મેં મિસ્રના

ગવર્નર અમ્ર ઈબ્ને આસના પુત્ર સાથે ઘોડે સવારીમાં મુકાબલો કર્યો અને તેનાથી આગળ નીકળી ગયો તો તે મને કોરડા વડે મારવા લાગ્યો અને કહેવા લાગ્યો, હું અશરફનો પુત્ર છું ! એના પર હઝરત ઉમરે અમ્ર ઈબ્ને આસને લખ્યું કે તમારા પુત્રને લઈને મદીના હાજર થાવ ! એઓ આવી જતાં મામલો રજૂ થયો. હઝરત ઉમરે ફરિયાદ કરનારાને ફર્માવ્યું, લે આ કોરડો લે અને તેને ફટકાર ! તે મારવા લાગ્યો તો હઝરત ઉમર બોલતા જઈ રહ્યા હતા કે, "અશરફના પુત્રને ફટકો માર !" હઝરત અનસ ફર્માવે છે, એ મારી રહ્યો હતો અને અમને એનું મારવું નાપસંદ હતું. તે એ વખતે રોકાયો જ્યારે અમારી આરઝૂ થઈ કે બસ ! હવે બંધ કરી આપે. પછી મિસ્રીને હઝરત ઉમરે ફર્માવ્યું, કોરડો અમ્રની ખોપડી પર મૂકી દે. મિસ્રીએ અર્ઝ કરી, અમીરુલ મો'મિનન ! તેમના પુત્રે મને માર્યો હતો અને મેં તેનાથી બદલો લઈ લીધો. ફારૂકે આ'ઝમે હઝરત અમ્રને ફર્માવ્યું, તમે ક્યારથી ઈન્સાનોને ગુલામ બનાવી લીધા જ્યારે કે એઓ પોતાની માંઓના પેટેથી આઝાદ પેદા થયા ? તેમણે અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! આ કિસ્સાની ન મને જાણ થઈ અને ન તો આ મારી પાસે ફરિયાદ માટે આવ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૯)*

**(૨)** મલીહ ઈબ્ને ઔફ સુલમી ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہને ખબર મળી કે કૂફાના ગવર્નર સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ એ પોતાનું શાનદાર ફાટક બનાવ્યું છે અને ડેલી પણ બનાવી છે. એના પર તેમણે મુહમ્મદ ઈબ્ને મુસ્લમાને મોકલ્યા અને તેમની સાથે મને પણ જવાનો હુકમ આપ્યો કેમ કે શહેરો તથા માર્ગોનું માર્ગદર્શન હું જ કરતો હતો. અમીરુલ મો'મિનીને હુકમ આપ્યો હતો કે ફાટક તથા ડેલીમાં આગ લગાડી દેજો. મુહમ્મદ ઈબ્ને મુસ્લમાએ કૂફા પહોંચીને તેનું પાલન કર્યું.

બીજી ફરિયાદ એ પહોંચી હતી કે ખમ્સ ( માલે ગનીમતનો પાંચમો હિસ્સો ગરીબો, લાવારિસો માટે હોય છે તે)નો માલ વેચવામાં સઅદે કાંઈક તરફદારીથી કામ લીધું છે. એના પર એ હુકમ હતો કે સઅદને કૂફાવાસીઓ સમક્ષ મસ્જિદમાં ઉભા કરીને આ મામલાની પૂછતાછ કરવામાં આવે. એમણે એનું પણ પાલન કર્યું પણ કોઈ શખ્સે એ પ્રકારની કોઈ વાત ન બતાવી બલ્કે સૌએ હઝરત સઅદની તારીફ કરી. *(તબકાતે ઈબ્ને સઅદ, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૯)*

**(૩)** હઝરત ઉમર رضی اللہ عنہનો હુકમ હતો કે તમામ હાકિમો હજ્જના દિવસોમાં મક્કા આવે. એ મોકાએ હઝરત ઉમર رضی اللہ عنہ સૌની સમક્ષ એલાન કરતા કે કોઈને પોતાના હાકિમ સંબંધે કોઈ શિકાયત હોય તો રજૂ કરે હું તેનો ઈન્સાફ કરીશ. મેં અમલદારોને એટલા માટે મુકર્રર કર્યા નથી કે તમને મારપીટ કરે અથવા તમારા માલ તથા આબરૂ પર હાથ નાખે. મેં તેમને એટલા માટે મોકલ્યા છે કે તમને દીનની તા'લીમ આપે અને તમારા નબી صلی اللہ علیہ وسلمની સુન્નત શીખવાડે. જેની સાથે એની વિરુદ્ધનો વર્તાવ થયો હોય તે રજૂ કરે હું બદલો અપાવીશ.

એકવાર આવું એલાન કર્યું તો પૂરા હજ્જના મજમામાંથી એક શખ્સ ઉભો થયો અને કહ્યું કે અમારા અમલદારે (અમ્ર ઈબ્ને આસે) મને સો કોરડા માર્યા છે. હઝરત ઉમરે પૂછતાછ કરી અને ફરિયાદીને કહ્યું, ઉઠ ! તારા ગવર્નરથી બદલો લે ! હઝરત અમ્રએ કહ્યું, અમીરુલ મો'મિનીન ! જો તમે અમલદારોની વિરુદ્ધ કેસાસ (બદલા)નો દરવાજો ખોલ્યો તો તેમના પર ખૂબ જ ભારે પડશે, અને આપના પછી પણ એ થતુ રહેશે. ફર્માવ્યું, હું અમલદારથી કેસાસ (બદલો) કેમ ન અપાવું જ્યારે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જોયા છે કે પોતાની જાત પાસેથી કેસાસ અપાવતા. ઉઠો ! ફરિયાદી ! તમે બદલો લો ! અમ્રએ કહ્યું, ઈજાઝત આપો અમે એને

રાજી કરી લઈએ છીએ. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, એ માફ કરી આપે તો કોઈ વાંધો નથી. ગવર્નરે બસો દીનાર આપીને તેને રાજી કર્યો. દરેક કોરડાને બદલે બે અશરફી ! *(કિતાબુલ ખિરાજ લિલ ઈમામ અબી યૂસુફ, પેજ–૨૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૭)*

**(૪)** હઝરત અબૂ મૂસા અશઅરીએ હઝરત ઉમરનાં પત્ની આતિકા બિન્તે ઝયદ બિન અમ્ર બિન નુફૈલને એક દુપટ્ટો તોહફામાં મોકલ્યો. હઝરતે ઉમરે જોયું તો પત્નીને પૂછયું, આ ક્યાંથી આવ્યો ? અર્ઝ કરી, અબૂ મૂસાએ તોહફો મોકલ્યો છે. હઝરત ઉમરે દુપટ્ટો લીધો અને તેમના માથા પર માર્યો, તેણીની સર્વ ખુશી જતી રહી ! પછી હુકમ આપ્યો કે અબૂ મૂસા અશઅરીને હાજર કરવામાં આવે. લોકોએ હાજર કર્યા, તે ખૂબ જ થાકી ગયેલા હતા. આવતાં જ બોલ્યા, અમીરુલ મો'મિનીન ! જલ્દી ન કરશો ! ફર્માવ્યું, ઉમરની ઔરતો પાસે તોહફા મોકલવાનું કારણ શું છે ? તેઓ જવાબ ન આપી શક્યા. હઝરત ઉમરે દુપટ્ટો ઉઠાવ્યો અને તેમના માથા પર માર્યો અને ફર્માવ્યું, લઈ જાવ ! અમારે એની જરૂરત નથી ! *(તબકાતે ઈબ્ને સઅદ, ઈબ્ને અસાકિર, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૭)*

આ પ્રકારનાં ઘણાં દૃષ્ટાંતો ખુલફાએ રાશિદીનની સીરત (જીવનચરિત્ર)માં ઝગમગી રહેલાં છે અને ફારૂકે આ'ઝમને ત્યાં તો એનાં ઘણા દૃષ્ટાંતો મૌજૂદ છે. એ જ કારણે મોટા મોટા રાજ્યોના ગવર્નરો પોતાની સર્વ શક્તિ છતાં ફારૂકી હુકમની વિરુદ્ધ સેંકડો માઈલો દૂર રહીને પણ દમ મારી શક્તા ન હતા. –*(ક્રમશઃ)*

# નબી ﷺ ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન



કાર્યાલય

## એક જોડો (ચપ્પલ) ન પહેરો !

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે. હુઝૂર પાક ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે, "એક જોડો પહેરીને કોઈ ન ચાલે, ક્યાં તો બંને પહેરીને ચાલો અથવા બંને ઉતારીને ચાલો." *(તિર્મિઝી શરીફ)*

એક જોડો એક પગમાં હોય અને બીજો પગ ખાલી હોય તો જાહેરી રીતે જોતાં એ વાત માનવ સંસ્કાર (અખ્લાક) તથા પ્રભાવની વિરૂધ્ધ છે.

ઈસ્લામ મુસલમાનોને ઈજ્જત તથા વકાર અને પ્રભાવનો સબક આપે છે, અને જે માણસ આવો અમલ કરે તેની સમાજમાં બેઈજ્જતી થાય છે.

જોડાની સાથેના પગ અને વગર જોડાના પગનું સંતુલન સચવાતુ નથી, અને માણસ બે ઢંગી ચાલ ચાલે છે અને સામાજિક દૃષ્ટિએ પણ ખૂબ જ નુકસાનકર્તા છે.

માનવ શરીર એક નસોની વ્યવસ્થા (નસ તંત્ર) હેઠળ ચાલી રહ્યું છે જેનું કેન્દ્ર દિમાગ તથા મધ્ય મગજ છે, જ્યારે એક પગ ઉઘાડો અને એક પગ ઢંકાયેલો હોય તો એવું નસ તંત્રના માટે ખૂબ જ નુકસાનકર્તા છે. એટલે સુધી કે જ્યારે એનું ઉપલક દૃષ્ટિએ સંશોધન કરવામાં આવ્યું તો નીચે મુજબનાં નુકસાનો સામે આવ્યાં :–

**ડો. નિક્સન વિઝિટરે** વરસોના સંશોધન બાદ એ વાતની વારંવાર ચેતવણી આપી છે કે મોટા ભાગે ઉઘાડા પગે જોડા વિના પણ ચાલવું ફાયદામંદ છે, અને એક પગમાં જોડા અને બીજો ઉઘાડો ખૂબ જ નુકસાનકર્તા છે, કેમ કે મેં એવા બીમારોને લંગડાપણાના દર્દમાં એટલે Shahitcaમાં સપડાયેલા જોયા. *(બહવાલા ક્યોર મેડિકલ)*

# રોઝાની હકીકત

રજૂકર્તા.....

**હાફેઝ મુબારક દેસાઈ (કાવી)**

રોઝાના ત્રણ પ્રકાર છે : (૧) **સામાન્ય લોકોના રોઝા** (૨) **ખાસ લોકોના રોઝા અને** (૩) **ખાસમાં ખાસ લોકોના રોઝા.**

**(૧) સામાન્ય લોકોના રોઝા** : ઉપરના ત્રણ પ્રકારના રોઝામાં સામાન્ય પ્રકારના રોઝામાં ખાવા પીવાનું બંધ કરવું, સંભોગથી દૂર રહેવું. રોઝાનો આ સામાન્ય પ્રકાર છે.

**(૨) ખાસ લોકોના રોઝા** : એ રોઝા એવા છે કે જેમાં ઈન્સાન માત્ર ખાવા પીવાનું કે સંભોગ જ નથી છોડતા બલ્કે પોતાનાં બધાં જ અંગ ઉપાંગોને ભૂંડી હરકતોથી બચાવે છે અને એ રોઝા છ વસ્તુ વડે પૂરા થાય છે.

**૧.** આંખને એવુ વસ્તુ જોવાથી બચાવો કે જે વ્યક્તિને અલ્લાહથી દૂર કરી દે છે. ખાસ કરીને એવી વસ્તુ ન જુઓ કે જેમાંથી વાસના જાગે. કારણ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે, ''પાંચ વસ્તુ રોઝાને તોડી નાખે છે : (૧) જૂઠુ બોલવું (૨) ગીબત કરવી (૨) ચાડી ખાવી (૩) જૂઠી કસમ ખાવી અને (૫) વાસનાભરી દૃષ્ટિથી જોવું.

**૨.** નકામી વાતો કરવી અને હેતુ વિનાની વાતો કરવાથી જીભને બચાવો, ક્યાં તો ચૂપ રહો અથવા તો કલામે પાક પઢતા રહો. ટંટો ફસાદ–ઝઘડો વગેરે નકામી વાતોમાં ગણાય છે. કેટલાક આલિમોની દૃષ્ટિએ ગીબત અને જૂઠુ બોલવું પણ વ્યક્તિના રોઝાને બરબાદ કરી નાખે છે. હદીષ શરીફમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺના સમયમાં બે સ્ત્રીઓએ રોઝો રાખ્યો હતો તરસના કારણે મરવાની અણી પર આવી ગઈ આથી હુઝૂર ﷺ પાસે પરવાનગી માંગવામાં આવી કે તેણીઓ રોઝો છોડી નાંખે ? આપ ﷺએ પીત્તળનો લોટો તેમની પાસે મોકલ્યો કે તેમાં ઉલ્ટી કરે. તે બંનેના હલકમાંથી ખૂનના ટુકડા નીકળ્યા, આ જોઈને લોકો આશ્ચર્ય પામ્યા. આપ ﷺએ ફર્માવ્યું કે, ''એ બંને સ્ત્રીઓએ અલ્લાહે આપેલ હલાલ કરેલી વસ્તુ વડે રોઝો રાખ્યો પરંતુ અલ્લાહે જે વસ્તુ હરામ કરેલી છે તે વસ્તુ વડે રોઝો તોડી નાખ્યો. મતલબ કે ગીબત કરી છે અને ખૂન તે વ્યક્તિનું માંસ છે, જે એ બંનેએ ખાધુ છે.

**૩.** કાનને બૂરી (ભૂંડી) વાતો સાંભળવાથી બચાવો. જે વાત કહેવા જેવી ન હોય તેવી વાત સાંભળવી પણ નહીં. ગીબત અને જૂઠી વાત કહેનારની સાથે સાંભળનાર પણ એટલો જ ગુનેહગાર છે.

૪. હાથ પગ વગેરેને નાપસંદ કામો કરવાથી બચાવો. રોઝા રાખીને એવાં કામો કરનાર તે બિમાર વ્યક્તિ સમાન છે જે મેવા વગેરેથી તો પરેજી કરે છે પણ શરબત જે તેને માટે ઝેર છે તે ખુશી ખુશી પી લે. એટલા માટે ગુનાહ પણ ઝેર સમાન છે. ખોરાક, પોષક તત્વ છે પરંતુ વધુ પડતુ ખાવું નુકસાનકર્તા છે. મૂળ ખોરાક નુકસાનકર્તા નથી હોતો એનો વધુ પડતો ઉપભોગ નુકસાનકર્તા છે. એટલા માટે જ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે, ''ઘણા રોઝા રાખનાર એવા છે જેમણે રોઝા વડે માત્ર ભૂખ અને પ્યાસ સિવાય કશું પ્રાપ્ત થતું નથી.''

**૫.** ઈફતાર (રોઝો ખોલતી) વખતે હરામ વસ્તુ ખાવી નહીં તેમજ હલાલ વસ્તુ પણ વધારે પડતી ખાવી નહીં. કારણ કે રાતે દિવસનાં ભાગનું પણ

ખાવાથી શું ફાયદો ? રોઝાનો હેતુ તો ઈચ્છા (ખ્વાહિશ)ને તોડવાનો છે. બે વખતનું ખાણુ એક જ વખતમાં ખાઈ લેવાથી તો ઈચ્છા (ખ્વાહિશ) વધારે વધી જશે. ઈફતારી વેળાએ જાતજાતના અને ભાત ભાતના પકવાનો થાળમાં હોય તો પછી ઈચ્છા વધી ન જાય તો બીજું શું થાય ?! આથી જ્યાં સુધી ઈચ્છા ખ્વાહિશથી પેટ ખાલી ન હોય ત્યાં સુધી દિલ પાક સાફ નહીં રહે. સુન્નત તો એ છે કે દિવસે વધુ ન ઉંઘવું, જાગતા રહેવું ભૂખ પ્યાસ અને કમ શક્તિ અને રાતમાં થોડું ખાયને ઉંઘી જાય તો તહજ્જુદ પઢી શકશે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે, અલ્લાહની નજીક પેટ ભરેલું હોય તેનાથી વધારે કોઈ ખરાબ વાત નથી.

**૬.** ઈફતારી પછી દિલમાં એ વાત રાખો કે તેનો રોઝો કબૂલ થશે કે નહીં. હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ઈદના દિવસે એક ગામમાંથી પસાર થયા તો ગામના લોકો નાચતા કૂદતા અને હસતા હતા. આપ رحمۃ اللہ علیہ ફર્માવ્યું કે અલ્લાહે રમઝાનુલ મુબારક મહીનાને એક મેદાન સમાન બનાવ્યું છે કે જેથી તેના બંદા બંદગીમાં એકાગ્ર રહે અને વિપુલતાનું પ્રમાણ રાખે (મતલબ કે વધુ ઈબાદત કરે). આમ એક ગિરોહબાજી જીતી ગયો અને બીજો ગિરોહ પાછળ રહી ગયો. એવા લોકો ઉપર આશ્ચર્ય છે જેઓ હસે છે અને ખેલકૂદમાં મગ્ન છે અને પોતાની વાસ્તવિક્તાને ભૂલી જાય છે. કસમ છે રબ્બુલ આલમીનની ! જો વાતનો ઘટસ્ફોટ થઈ જાય અને વાસ્તવિક્તાનું ભાન આવી જાય તો જેની બંદગી સ્વીકૃત છે તેઓ ખુશ છે અને જેની બંદગી અસ્વીકૃત રહી તેઓ દુઃખ અને આક્રંદ કરતા રહેશે, અને ખેલકૂદ હસી મઝાક બધું ભૂલી જશે.

**(૩) ખાસમાં પણ ખાસ લોકોના રોઝા** : એ રોઝાનો દરજ્જો એવો છે કે ઈન્સાન પોતાના દિલને અલ્લાહ સિવાયની બીજી બધી વાતોથી ખાલી કરી નાખે અને પોતાની જાતને અલ્લાહને સ્વાધીન કરી દે, અલ્લાહ સિવાયની બીજી બધી વસ્તુથી રોઝો રાખે. મતલબ કે બધી (વસ્તુથી દૂર રહો) અને અલ્લાહ સિવાય બીજી વાતોમાં ધ્યાન ગયું તો રોઝો તૂટી જશે. દુનિયાનો વિચાર કરવો યોગ્ય છે તેમ છતાં એ વિચાર રોઝાને રદબાતલ કરી નાખે છે. પરંતુ તે દુનિયા જે મઝહબના કામમાં મદદરૂપ થાય છે તેની પાછળ વાસ્તવિક્તા દુનિયામાં નથી. કહેવામાં આવ્યું છે કે ઈન્સાન દિવસમાં રોઝા ઈફતારની વ્યવસ્થા કરે તો તેના નામ પર ગુનો લખવામાં આવે છે. કારણ કે એ કામ એવું છે જાણે કે તે વ્યક્તિને અલ્લાહ પર વિ□સ નથી. જ્યારે અલ્લાહે રોજી પહોંચાડવાનો વાયદો કર્યો છે, આ દરજ્જો **નબીઓ** અને **સિદ્દીકો**નો છે. દરેક જણ એ સ્થાન ઉપર નથી પહોંચી શક્તા.

આ બધી વાતોથી આપણે જાણી લીધું કે જે કોઈ રોઝા માત્ર ખાવા પીવા ઉપર સંતોષિત રહે છે તેનો રોઝો નિર્જીવ (શરીર) સમાન છે. રોઝાની અસલ હકીકત એ છે કે ઈન્સાન પોતાને ફરિશ્તા સમાન બનાવે કારણ કે ફરિશ્તાઓને ઈચ્છા નથી હોતી, જ્યારે કે જાનવરોને ખ્વાહિશ (ઈચ્છા) હોય છે એ જ ઈચ્છા (ખ્વાહિશ)ને કારણે ઈન્સાન ફરિશ્તાઓથી ઘણો દૂર હોય છે. "જે વ્યક્તિ ઉપર ઈચ્છાએ કાબૂ જમાવ્યો તો જાનવર સમાન છે" અને જે ઈચ્છાથી ખાલી થઈ ગયો એ ફરિશ્તા સમાન છે. એટલા માટે જ ઈન્સાન ફરિશ્તાઓની નજીક હોય છે તો એવો ઈન્સાન પણ અલ્લાહનો માની તો થઈ જશે. જ્યારે મગરિબની નમાઝ પછી વ્યવસ્થા કરશે અને પોતાની ઈચ્છા પ્રમાણે પેટ ભરીને ખાશે તો તેની ઈચ્છા નબળી પડવાને બદલે વધારે શક્તિશાળી બનશે અને રોઝાનો મૂળ હેતુ માર્યો જશે....વબિલ્લાહિ તૌફીક઼. *(કિમીયાએ સઆદતના હવાલામાંથી)*

# ઝકાતનું મહત્વ તથા ફાયદા અને ઝકાત ન આપવાનો બુરો અંજામ

રજૂ. જનાબ મૌલાના ઈમરાન રઝા દયાદરવી *(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

ઝકાતનો શાબ્દિક અર્થ પવિત્રતા, વૃદ્ધિ પામવું, સુધારણા, બરકત અને પ્રશંસા છે. આ પૈકી લગભગ પ્રત્યેક અર્થ કુર્આન શરીફમાં વપરાયો છે. **શરીઅતમાં ઝકાતનો અર્થ થાય છે એક વર્ષ પસાર થવા પર ચોક્કસ નિશ્ચિત નિસાબનો એક ભાગ ગૈર હાશ્મી ફકીરને ઝકાતની નિય્યતથી આપવો.** *(નિહાયા, ભાગ–૨)*

## ઝકાતની મહત્વતા તથા ફાયદા

ઝકાતનું મહત્વ તથા તેના ફાયદાઓનો અંદાજો એ વાત પરથી થાય છે કે કુર્આને અઝીમ તથા અહાદીષે કરીમામાં નમાઝ પછી જે ઈબાદતનું વર્ણન સૌથી અધિક કરવામાં આવ્યું તે ઝકાત છે. કુર્આને હકીમમાં લગભગ ચોર્યાસી વાર ઝકાતની અદાયગી અંગે આદેશ આપવમાં આવ્યો છે.

અહકમુલ હાકિમીન ઈર્શાદ ફર્માવે છે :–

واقیموا الصلوٰۃ واٰتوا الزکوٰۃ وماتقدموا لانفسکم من خیر تجدوہ عند اللہ ان اللہ بما تعلمون بصیر۔

**ભાવાર્થ :** "અને નમાઝ કાયમ કરો અને ઝકાત આપો અને પોતાની જાનો માટે જે ભલાઈ આગળ મોકલશો તેને અલ્લાહને ત્યાં પામશો. નિઃશંક ! અલ્લાહ તમારા કાર્યોને નિહાળી રહ્યો છે." *(કન્ઝુલ ઈમાન, પા. ૧, આ. ૧૩)*

અન્ય એક ઠેકાણે અરહમુર્રાહિમીન ઈર્શાદ ફર્માવે છે :–

ھدی وبشریٰ للمؤمنین الذین یقیمون الصلوٰۃ ویؤتون الزکوٰۃ وھم بالاٰخرۃ ھم یوقنون۔

**ભાવાર્થ :** "હિદાયત અને ખુશખબરી ઈમાનવાળાઓને જેઓ નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે અને તેઓ આખેરત પર યકીન રાખે છે." *(પા. ૧૯, આ. ૧૬)*

એક ઠેકાણે રબ્બે કાએનાત ઈર્શાદ ફર્માવે છે :

اقیموا الصلوٰۃ واٰتوا الزکوٰۃ واطیعوا الرسول لعلکم ترحمون۔

**ભાવાર્થ :** "અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને રસૂલની ફર્માંબરદારી કરો એ આશાથી કે તમારા પર રહમ કરવામાં આવે." *(પા. ૧૮, આ. ૧૩)*

આ ઉપરાંત કુર્આને મુકદસમાં કેટલીયે જગાએ ઝકાતની અદાયગીનો હુકમ આપવામાં આવ્યો છે અને તેની મહત્વતા તથા ફાયદાઓને ખુબસૂરત અંદાઝમાં રજૂ કરવામાં આવ્યા છે.

મુઅલ્લિમે કાએનાત ﷺની આપેલી તા'લીમાતમાં પણ નમાઝની સાથે જે ફરીઝો મહત્વપૂર્ણ પુરવાર થાય છે તે ઝકાત છે. નમાઝ અને ઝકાતના પારસ્પરિક સંબંધથી એ વાત સારી રીતે સમજી શકાય છે કે ઈસ્લામમાં હુકૂકુલ્લાહ (અલ્લાહનો હક્કો)ની સાથોસાથ હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો)ને પણ સમાંતર દરજ્જો આપવામાં આવ્યો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : નબીએ કરીમ ﷺએ હઝરત મઆઝને યમન મોકલતી વેળા તેમને ફર્માવ્યું : (સૌ પ્રથમ) તેમને (યમનવાળાઓને) આ વાતની દા'વત આપો કે તેઓ ગવાહી આપે કે **અલ્લાહ તઆલા સિવાય કોઈ મઅબૂદ (પૂજ્ય) નથી** અને હું

**અલ્લાહ ﷻનો રસૂલ છું.** જો તેઓ સ્વીકારી લે તો તેમને બતાવો કે અલ્લાહ તઆલાએ તેમના પર રોજ પાંચ સમયની નમાઝો ફર્ઝ ફર્માવી છે. જો એ પણ સ્વીકારી લે, તો તેમને જણાવો કે અલ્લાહ તઆલાએ તેમના માલમાં સદકો (ઝકાત) ફર્ઝ ફર્માવ્યો છે, જે તેમના માલદારો પાસેથી લઈને તેમના મોહતાજોમાં પરત કરી દેવામાં (વહેંચવામાં) આવે. *(બુખારી શરીફ, જિ. ૧, પેજ–૧૮૭)*

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના ખિલાફતકાળમાં જ્યારે **અમુક લોકોએ બગાવત કરી ઝકાત અદા કરવાથી ઈન્કાર કર્યો તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ તેમના વિરૂધ્ધ તલવાર ઉપાડી.** હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું હતું, ''જ્યાં સુધી લોકો અલ્લાહને એક ન માની લે ત્યાં સુધી મને તેમનાથી જંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. અને જે અલ્લાહને એક માની લે તેની જાન અને ખૂન સુરક્ષિત છે. અને તેનો મામલો અલ્લાહના હાથમાં છે. અર્થાત કલ્મો પઢનાર મુસલમાનના વિરુધ્ધ તલવાર ન ઉપાડાય. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ ફર્માવ્યું, ''અલ્લાહની કસમ ! જે નમાઝ અને ઝકાતમાં ફર્ક કરશે હું તેનાથી જંગ કરીશ ! કેમ કે ઝકાત માલનો હક્ક છે. અલ્લાહની કસમ ! જે રસૂલુલ્લાહ ﷺના જમાનામાં એક ઘેટાનું બચ્ચુ પણ આપ તો હતો તેને તે (હમણાં પણ) આપવું પડશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૮૮)*

## ઝકાત ન આપવાનો બુરો અંજામ!

કુર્આને મુકદ્દસ તથા અહાદીષે મુબારકામાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત અને રસૂલે રહમત ﷺ એ **ઝકાત આપવાવાળાઓની પ્રશંસા ફર્માવી તેને જન્નતની બશારત આપી છે અને ઝકાત ન આપવાવાળાઓની બુરાઈ બયાન ફર્માવી તેમના માટે દર્દનાક અઝાબ તથા જહન્નમની બશારત સંભળાવી છે.**

ખાલિકે કાએનાત ''ફુર્કાને હમીદ''માં ઈર્શાદ ફર્માવે છે :–

**والذين يكنزون الذهب والفضة ولا ينفقو نها فى سبيل الله فبشرهم بعذاب اليم يوم يحمىٰ عليها فى نار جهنم فتكوىٰ بها جباههم و جنوبهم وظهورهم هذا ما كنزتم لا نفسكم فذوقوا ما كنتم تكنزون۔**

**ભાવાર્થ** : ''અને જેઓ કે સાચવીને રાખે છે સોનું અને ચાંદી, અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા તેમને ખુશખબરી આપો દર્દનાક અઝાબની જે દિવસે તે ગરમ કરવામાં આવશે જહન્નમની આગમાં, પછી તેનાથી ચાંપશે (ફરિશ્તાઓ) તેમની પેશાનીઓ અને પાસાંઓ અને પીઠો ! આ છે તે જે તમે પોતાના માટે સાચવી રાખ્યું ! હવે ચાખો મજા એ સાચવવાની. *(કન્ઝુલ ઈમાન, પારા–૧૦, રુકૂઅ–૧૦, આ....... )*

રબ્બે ક઼દીર ઈર્શાદે ફર્માવે છે :–

**ويل لكل همزة لمزةن الذى جمع مالا وعدده يحسب ان ماله اخلده كلا لينبذن فى الحطمة وما ادراك ما الحطمة نار الله الموقدة التى تطلع على الا فئدة انها عليهم موصدة فى عمد ممددة۔**

''બરબાદી થજો તેના માટે જે લોકોના મોઢા સામે (તેમની) ઐબો (નું વર્ણન) કરે (અને) પીઠ પાછળ બુરાઈ કરે જેણે માલ (ધન) ભેગુ કર્યું અને ગણી ગણીને રાખ્યો. શું તે સમજે છે કે તેનો માલ તેને હમેશાં દુનિયામાં રાખશે ! કદાપિ નહીં ! જરૂર તે કચડનારી (આગ)માં નાખવામાં આવશે. અને તમે શું જાણ્યું કે કચડનારી અલ્લાહની (તૈયાર કરેલ) આગ જે ભડકી રહી છે જે દિલો પર ચઢી જશે, બેશક ! તે એમના પર બંધ કરી દેવામાં આવશે લાંબા લાંબા સ્તંભોમાં.'' *(પા. ૩૦)*

## ગંજો સાપ

હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, **''અલ્લાહ તઆલાએ જેને માલ આપ્યો અને**

**તેણે તેની ઝકાત ન આપી તો કયામતના દિવસે તેનો આ માલ ગંજા (બોડા) સાપનું સ્વરૂપ ધારણ કરી લેશે, જેની આંખોમાં બે કાળા બિંદુ હશે અને તે સાપ તેની ગરદનમાં તૌકની જેમ નાખી દેવામાં આવશે. પછી તે સાપ તેના મોઢાના બંને છેડા પકડીને કહેશે, હું તારો માલ છું ! હું તારો ખજાનો છું !"** *(મિશ્કાત શરીફ, પેજ–૧૫૫)*

મુસ્તફા જાને રહમત ﷺએક હદીષમાં ફર્માવે છે : **ઝકાત ન આપવાવાળા અલ્લાહ તઆલાના સમક્ષ યહૂદી તથા નસારા (ઈસાઈ)ની જેમ છે. ઉશ્ર ન આપનાર મજૂસી (અગ્નિપૂજક)ની જેમ છે. અને જેઓ ઝકાત તથા ઉશ્ર નથી આપતા તેમના પર નબીએ કરીમ અને ફરિશ્તાઓની લઅનત છે, તેમની ગવાહી અસ્વીકાર્ય છે.** *(મુકાશફતુલ કુલૂબ (ઉર્દૂ), પેજ–૧૬૬)*

તિબ્રાનીએ અવસતમાં બુરીદહથી રિવાયત કરી, હુઝૂર صلى الله عليه وسلم ફર્માવે છે : **જે કૌમ ઝકાત નહીં આપે અલ્લાહ તઆલા તેને કહત (દુકાળ)માં સપડાવી દેશે.** *(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૭)*

## દર્દનાક અઝાબ !

તાબઈન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની એક જમાઅત હઝરત અબૂ સિનાનની ઝિયારત માટે ગઈ. જ્યારે તેઓને ત્યાં બેઠા બેઠા થોડો સમય પસાર થઈ ગયો તો હઝરત અબૂ સિનાન رضى الله عنهએ ફર્માવ્યું, મારો એક પડોશી ઈન્તેકાલ કરી ગયો છે, ચાલો ! તાઅઝિયત અર્થે તેના ભાઈ પાસે જઈએ. મુહમ્મદ ઈબ્ને યૂસુફ અલગરયાબી ફર્માવે છે, અમે આપની સાથે રવાના થયા અને તેના ભાઈ પાસે પહોંચ્યા તો જોયું કે તે ખૂબ રડાકૂટ કરી રહ્યો હતો. અમે તેને કહ્યું, શું તને ખબર નથી કે છેવટે દરેકે મરવાનું છે ? તે કહેવા લાગ્યો, ઠીક છે, પરંતુ હું મારા ભાઈના અઝાબ પર રડું છું ! અમે કહ્યું, શું અલ્લાહ તઆલાએ તને ગૈબથી તારાભાઈના અઝાબની ખબર આપી છે ?! કહેવા લાગ્યો, ના ! પરંતુ થયું એવું કે મારા ભાઈને દફન કરી જ્યારે બધા ચાલી ગયા, તો હું ત્યાં જ બેઠો રહ્યો. મેં તેની કબ્રમાંથી અવાજ સાંભળ્યો, તે કહી રહ્યો હતો, "આહ ! તેઓ મને એકલો છોડી ગયા અને હું અઝાબમાં સપડાયેલ છું ! મારી નમાઝો, રોઝા ક્યાં ગયા ?! મારાથી સહન ન થયું, મેં તેની કબ્ર ખોદવાનું શરૂ કર્યું, જેથી જોઉં કે મારા ભાઈની સ્થિતિ શું છે ?! કબ્ર ખુલતાં જ મેં જોયું કે તેમાં આગ ભડકી રહી છે અને તેની ગરદનમાં આગનો તોક પડયો છે. પરંતુ મેં ભાઈની મહોબ્બતમાં દીવાના થઈ આગળ વધી તે તૌક કાઢવાનો પ્રયાસ કર્યો, જેને સ્પર્શતાં જ મારો આ હાથ આંગળીઓ સહિત બળી ગયો છે. અને જોયું તો વાસ્તવમાં તેનો હાથ સદંતર કાળો થઈ ચૂક્યો હતો. તેણે વાત આગળ વધારતાં કહ્યું, "હું તેની કબ્ર પર માટી નાખી પરત થયો. હવે જો હું ન રોઉં તો કોણ રડશે ?!" અમે પૂછયું, તારા ભાઈનો કોઈ અમલ એવો પણ હતો જેના કારણે આ સજા મળી. તેણે કહ્યું, "તે પોતાના માલની ઝકાત ન આપતો હતો." અમે અનાયાસે પોકારી ઉઠયા, "આ તો ફર્માને ઈલાહી عزوجلનું સમર્થન છે !"

ولايحسبن الذين يبخلون بما اٰتٰهم الله من فضله هو خير لهم بل هو شر لهم سيطوقون مابخلوا به يوم القيٰمة

"અને જે લોકો અલ્લાહ તઆલાના ફઝલથી અતા કરેલ માલમાં કંજૂસાઈ કરે છે તેઓ એને પોતાના માટે બેહતર ન સમજે, બલ્કે એ તેમના માટે મુસીબત છે ! થોડા જ સમયમાં કયામતના દિવસે તેમને તૌક પહેરાવવામાં આવશે." *(મુકાશફતુલ કુલૂબ, ઉર્દૂ, પેજ–૧૬૪, ૧૬૫)*

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં આપણને આપણા માલોની ઝકાત અને ઉશ્ર અદા કરવાની તૌફીક અતા ફર્માવી અઝાબે કબ્ર, અઝાબે હશ્ર, અઝાબે નારથી નજાત અતા ફર્માવે, અને હમેશાં તેના ઝિક્ર, શુક્ર અને ઈબાદતમાં વ્યસ્ત રહેવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# ઝકાત તથા ઉશ્ર વિશે વર્ણન

અઝ : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી (વાગરાવાળા)
હાલ : પ્રેસ્ટન, યુ.કે.

## ઝકાત ફર્ઝ થવાની શરતો

**(૧)** મુસલમાન હોવું **(૨)** બાલિગ થવું **(૩)** અક્કલ હોવી **(૪)** આઝાદ હોવું **(૫)** નિસાબ જેટલો માલ હોવો **(૬)** પૂરેપૂરો માલિક હોવું **(૭)** માલ વધવા લાયક હોવો.

**(૧) મુસલમાન હોવું** : ઝકાત ફર્ઝ થવા માટે પ્રથમ શર્ત છે. જો કોઈ માણસ ધનવાન છે પણ મુસલમાન નથી તો તેના પર ઝકાત ફર્ઝ નથી. અને જો તે મુસલમાન બની જાય તો તેણે કુફ્રના જમાનાની ઝકાત આપવાની રહેશે નહીં.

**(૨) બાલિગ હોવું** : ઝકાત ફર્ઝ થવા માટે બીજી શર્ત બાલિગ હોવું છે. એટલે બાળકોની માલિકીમાં ગમે તેટલો માલ હોય પણ તેની ઝકાત આપવાની રહેશે નહીં.

**(૩) અક્કલ હોવી** : અક્કલ હોવી પણ ઝકાત ફર્ઝ થવા માટે શર્ત છે. જો તેની માલિકીમાં નિસાબથી પણ વધારે માલ છે પરંતુ તે પાગલ છે તો ઝકાત ફર્ઝ થશે નહીં જયાં સુધી તેની અક્કલ ઠેકાણે ન આવે. પહેલાં સારો હતો, બાલિગ થયો ત્યારે પણ સારો હતો અને પછી ગાંડો થઈ ગયો તો જો આખું વર્ષ ગાંડપણમાં પસાર થઈ ગયું તો તે વર્ષની ઝકાત આપવી નહીં પડે અને વર્ષની શરૂઆતમાં અને અંતમાં સારો રહ્યો અને વચમાં ગાંડપણ આવ્યું તો પછી તે વર્ષની ઝકાત આપવી પડશે.

**સવાલ** : જો નાનપણથી જ પાગલ હતો અને તે જ સ્થિતિમાં બાલિગ થયો તો તેના પર કયારથી ઝકાત ફર્ઝ થશે ?

**જવાબ** : જો તે પાગલ હતો અને પાગલપણાની સ્થિતિમાં બાલિગ પણ થયો તો જ્યાં સુધી પાગલ છે ત્યાં સુધી ઝકાત ફર્ઝ નથી. જો આખી લાઈફ એ જ સ્થિતિમાં રહે તો તેની ઉપર ઝકાત ફર્ઝ થઈ નહીં માટે તેના માલમાંથી ઝકાત આપવામાં આવશે નહીં. અને જો સારો થઈ જાય તો જ્યારથી સારો થયો, ઝકાતના વર્ષનો આરંભ થયો, હવે વર્ષ પસાર થાય ત્યારે તે વર્ષની ઝકાત આપવાની રહેશે. ગયા (પાછલા) વર્ષોની નહીં.

**(૪) આઝાદ હોવું** : આઝાદ હોવું પણ ઝકાત ફર્ઝ થવા માટે શર્ત છે. જો માણસ ગુલામીની સાંકળોમાં સપડાયેલો હોય તો જ્યાં સુધી તેને આઝાદી ન મળે તેની ઉપર ઝકાત ફર્ઝ થઈ શક્તી નથી. એટલા માટે કે ગુલામ જે કંઈ કમાય તેનો માલિક પોતે નથી પરંતુ તેનો માલિક (આકા) છે. જ્યારે તે માલિક જ નથી તો પછી ઝકાત તો નિસાબ જેટલા માલના માલિક હોવા પર જ છે એટલે તેની ઉપર ઝકાત ફર્ઝ થશે નહીં.

**નોંધ** : ગુલામવાળી પ્રથા હવે જોવા મળતી નથી એટલે તેના મસાઈલની ચર્ચા કરવી પબ્લિક માટે ફાયદાકારક નથી. એટલે તેના વિશે કોઈ મસ્અલો બયાન કરવામાં નહીં આવે.

**(૫) નિસાબ જેટલો માલ હોવો** : નિસાબ જેટલો માલ હોવો પણ ઝકાત ફર્ઝ થવા માટે શર્ત છે. જો કોઈની પાસે માલ તો છે પરંતુ જે શરઈ નિસાબ નિયુક્ત કરવામાં આવ્યો છે તેટલો નથી તેનાથી ઓછો છે તો પછી તેના માટે ઝકાત આપવી ફર્ઝ નથી.

**(૬) સંપૂર્ણ રીતે માલિક હોવું** : પૂરેપૂરી રીતે માલિક હોવું પણ ઝકાત ફર્ઝ થવા માટે શર્ત છે. જો પૂરેપૂરો માલિક ન હોય, એટલે કે તે પોતાના માલ પર કબ્જો ન કરી શકે તેવી સ્થિતિમાં હોય તો ઝકાત ફર્ઝ નથી ત્યાં સુધી કે પોતે કબ્જો ન કરી લે. જેમ કે કોઈને કર્ઝ આપ્યું હતું અને તેણે આપવાથી ઈન્કાર કરી દીધો અને કર્ઝ આપનાર પાસે ગવાહ પણ નથી કે સાબિત કરી બતાવે તો જ્યાં સુધી તે વ્યક્તિ કર્ઝ ન ચૂકવે, કર્ઝ આપનાર પર ઝકાત નથી અને જેટલાં વર્ષો આ જ સ્થિતિમાં પસાર થયાં તે વર્ષોની પણ ઝકાત નથી. કારણ કે માલિક તો કર્ઝ આપનાર હતો પરંતુ કર્ઝદારે, દેવાદારે જ્યારે આપવાથી ઈન્કાર કરી દીધો અને ગવાહ પણ નથી કે સાબિત કરી શકાય તો માલનો માલિક, માલિક હોવા છતાં પણ પોતે એવો બેબસ છે કે માલ મેળવી શક્તો નથી, પોતે માલિક હોવા છતાં માલિક નથી એવી સ્થિતિ સર્જાઈ છે, જેને કહેવામાં આવે છે કે માલનો પૂરેપૂરો માલિક નથી.

માલ કોઈ જગ્યાએ દફન કર્યો હોય અને જગા યાદ રહી નથી, ચોરી થઈ ગયો અને સુબૂત નથી, કોઈએ લૂંટી લીધો પણ પાસે ગવાહ નથી, તો આવી સ્થિતિમાં તે માણસ મજબૂર છે. પોતાના માલ પર કબ્જો નથી કરી શક્તો જ્યારે કે પોતે જ માલિક છે પરંતુ તેની માલિકીનો કોઈ અધિકાર જોવા મળતો નથી, માલ મળે તો તેનું નસીબ ! એટલે કહેવામાં આવશે કે તે પૂરેપૂરો માલિક નથી, જેથી જ્યાં સુધી માલ તેના કબ્જામાં ન આવી જાય ત્યાં સુધી ઝકાત ફર્ઝ નથી.

**સવાલ** : તેની પાસે ઘણો માલ છે. ઝકાતના નિસાબનો પાંચ ગણો માલ છે. તેમાંથી એક નિસાબનો માલ એવો છે કે જેનો ઉપરોક્ત હકીકત પ્રમાણે પૂરેપૂરો માલિક નથી, તો બીજા નિસાબોની ઝકાત તેને આપવાની રહેશે કે કેમ ?

**જવાબ** : હા, જો તે અનેક નિસાબોનો માલિક હોય તો તેણે માલ તેના તાબામાં છે તેની તો ઝકાત આપવાની રહેશે. માત્ર જે ઉપરની હકીકત પ્રમાણેનો માલ હશે તેની ઝકાત નહીં આપવી પડે.

**સવાલ** : આપણે કોઈને કર્ઝ આપ્યું હોય અને તે કબૂલ કરે છે કે તમારું દેવું મારે દેવાનું છે પરંતુ તે એટલો ગરીબ છે કે સગવડ થાય તેમ નથી તો શું તે માલની પણ ઝકાત આપવી પડશે ?

**જવાબ** : જ્યારે તે કબૂલ કરે છે તો તમે તમારા આપેલા માલના સંપૂર્ણ માલિક છો. તમારે તે માલની ઝકાત પણ આપવી પડશે. અને જો દર વર્ષે તે માલની ઝકાત અદા ન કરી હોય તો જ્યારે આપશે ત્યારે ગત વર્ષોની પણ ઝકાત આપવાની વાજિબ રહેશે.

**સવાલ** : જેને કર્ઝ આપવામાં આવ્યું છે તે ઈન્કાર કરે છે કે મને કર્ઝ નથી આપ્યું પણ કર્ઝ આપનાર પાસે ગવાહ છે જેનાથી સુબૂત થઈ શકે છે તો શું ઝકાત આપવી પડશે ?

**જવાબ** : અગર કર્ઝ આપનાર પાસે ગવાહ છે જેનાથી સાબિત કરી કર્ઝ પરત મેળવી શકે છે તો તેણે ઝકાત આપવી પડશે.

**સવાલ** : ઈસ્લામી હુકૂમત ક્યાં છે કે ગવાહોથી સાબિત કરી માલ પરત મેળવી શકાય ? તો માલ પરત મેળવવા શું કરવું ?

**જવાબ** : ઈસ્લામી મુલ્ક નથી તો શું તેનાથી મુસલમાનોએ દીનના તરીકા છોડી દેવાના ? મુસલમાન આગેવાનોની પંચ બનાવવામાં આવે, જેઓ મુસલમાનોના મસ્અલાઓનો નિકાલ લાવે.

*[(અન્ય ઝકાત વિશે મસ્અલા* ***ઓક્ટો.-૦૫*** *ના અંકમાં જોઈ શકો છો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*

મસાઈલના આ ઉલ્લેખથી સ્પષ્ટ થયું કે ઝકાત ફર્ઝ થવાની આ **સાત** શરતો પૂરી થાય તો જ ઝકાત ફર્ઝ થાય છે. મુસલમાન બાલિગ, આકિલ (અક્કલવાળો), આઝાદ (ગુલામ ન હોય), માલિકે

નિસાબ, માલનો પૂરેપૂરો માલિક અને માલ વધવા લાયક હોય.

## ઝકાત અને ઉશ્રમાં તફાવત

ઝકાત અને ઉશ્રની શરતોમાં તફાવત છે. ઝકાત માટે મુસલમાન હોવાની સાથે બાલિગ હોવું શર્ત છે. પરંતુ **ઉશ્રમાં બાલિગ હોવું શર્ત નથી.** જો ખેતર નાબાલિગની માલિકીમાં હોય અને તેમાં ખેતી કરવામાં આવી તો જે કંઈ પાક્યું તેનો દસમો કે વીસમો ભાગ આપવો વાજિબ છે, જ્યારે કે નાબાલિગ માલ મિલ્કતનો માલિક હોય તો તેની ઉપર ઝકાત ફર્ઝ નથી. ઝકાત વર્ષમાં એક વખત આપવાની હોય છે જ્યારે કે ઉશ્રી ઝકાતમાં એવું નથી. વર્ષમાં જેટલા વખત ખેતી કરવામાં (પાક પકવવામાં) આવશે તેટલા વખત ઉશ્ર આપવું જરૂરી છે. ઝકાતમાં વર્ષના અંતે એકત્ર કરેલ માલનો ચાલીસમો ભાગ આપવો જરૂરી છે. જ્યારે ઉશ્રમાં પેદાવારનો દસમો કે વીસમો ભાગ આપવો જરૂરી છે. ઝકાતમાં માલનો માલિક હોવું જરૂરી છે, જ્યારે કે **ઉશ્રમાં જમીનનો માલિક હોવું જરૂરી નથી**, આધે ભાગે લીધી હોય અથવા ભાડેથી લીધી હોય અને એમાં ખેતી કરવામાં આવે તો પણ જે કંઈ પાક્યું તેનું ઉશ્ર આપવું વાજિબ છે. ઉશ્રી ઝકાતમાં એક નિસાબ નિયુક્ત નથી, થોડું પાક્યું હોય તો તેમાંથી પણ ઉશ્ર આપવું વાજિબ છે. ઝકાતમાં આકિલ હોવું શર્ત છે, પાગલ પર ઝકાત ફર્ઝ નથી. તેની માલિકીમાં ગમે તેટલો માલ હોય જેનો ઉલ્લેખ થઈ ગયો છે. જ્યારે કે **ઉશ્રમાં એ શર્ત નથી પાગલની માલિકીની ખેતીમાં ખેતી કરવામાં આવી હોય તો તેમાં પણ ઉશ્ર વાજિબ છે.**

**સવાલ** : ઉશ્રનો માલ કોને આપવામાં આવે ?

**જવાબ** : ઉશ્રના માલના હક્કદાર તેઓ જ છે જે ઝકાતના હક્કદાર છે.

**સવાલ** : શું ખેતી કરવામાં જે ખર્ચ કરવામાં આવે છે તે પાકમાંથી બાદ કરી દસમો ભાગ આપવામાં આવશે કે બાદ કર્યા વિના જે કંઈ પાક્યું હોય તેનો દસમો ભાગ આપવો ?

**જવાબ** : ઉશ્ર આપવામાં **ખેતી કરવાનો ખર્ચ બાદ કરવામાં નહીં આવે.** જે કંઈ પાક્યું હોય તેનો દસમો ભાગ આપવો જરૂરી છે.

**સવાલ** : ટયૂબવેલના પાણીની અથવા કૂવાનું પાણી ડોલથી ખેંચાવી તેનાથી જ ખેતી ઉગાડવામાં આવી તો શું જે કંઈ પાકે તેનો દસમો ભાગ આપવો પડશે ?

**જવાબ** : ત્યારે **તો વીસમો ભાગ ઉશ્રી ઝકાતમાં આપવો પડશે.** પરંતુ વરસાદના પાણીથી કે નદી નહેરોના પાણીથી ખેતી ઉગાડવામાં આવી હોય તો તેમાંથી **દસમો ભાગ** આપવો જરૂરી છે. અને વધુ પડતુ આ કુદરતી પાણી ઉપયોગમાં લેવામાં આવ્યું હોય તો પણ **દસમો ભાગ** આપવો જરૂરી છે. અને જો વધુ પડતુ પાણી પૈસાથી ખરીદી આપવામાં આવ્યું હોય તો પછી પાકનો **વીસમો ભાગ** આપવો જરૂરી છે.

**સવાલ** : ઉશ્રનો સબૂત ક્યાંથી મેળવવામાં આવ્યો ?

**જવાબ** : કુર્આન અને હદીષથી જેનો ઉલ્લેખ આગળ ઉપર થઈ ગયો છે.

**સવાલ** : કોઈ માણસ નમાઝી છે રોઝા પણ રાખે છે તેમજ ઘણો જ દીનદાર છે પરંતુ તે પોતાની ખેતીનું ઉશ્ર કાઢતો નથી તો તેને માટે શું હુકમ છે ?

**જવાબ** : તે ફાસિકે **મોઅલીન** છે. **તેણે ગત વર્ષોનો હિસાબ કરીને તે બધા વર્ષોનું ઉશ્ર પણ આપવું જરૂરી છે** અને **તૌબા કરવી પણ જરૂરી છે.** ઉશ્ર કાઢયા વિના તૌબા કરવાથી તે ફાસિકની લિસ્ટમાંથી નીકળશે નહીં.

**સવાલ** : શું તેવો માણસ ઈમામત પણ કરતો હોય તો નમાઝનો શું હુકમ છે ?

**જવાબ** : તેની પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે. જેટલી નમાઝો તેની ઈક્તેદામાં પઢવામાં આવી તે બધી જ નમાઝો દોહરાવવી પડશે. તે ઉશ્રથી ભાર મુક્ત થઈ તૌબાનું એલાન ન કરે તેને ઈમામ બનાવવામાં નહીં આવે.

**સવાલ** : પાકમાંથી ઉશ્રી ઝકાત અલગ કર્યા વિના માલિકે તે પાકનો ઉપયોગ કરવો જાઈઝ છે ?

**જવાબ** : ઉશ્રી ઝકાત તેના પાકમાં જરૂરી હુકમ છે. **તેનાથી ભાર મુક્ત થયા વિના તેનો ઉપયોગ કરવો માલિકને માટે જાઈઝ નથી.** માટે પ્રથમ પાકમાંથી ઉશ્ર અદા કરી દેવું જોઈએ.

**સવાલ** : ઉશ્રનો માલ એકઠો કરવાનો હક્ક તો ઈસ્લામી મુલ્કનો છે અને વધુ પડતા મુસલમાનો ગૈરમુસ્લિમ મુલ્કોમાં રહેતા હોવાથી તેઓના ઉપર ઉશ્ર શાથી ?

**જવાબ** : ઉશ્ર અને ઝકાતનો આદેશ મુસલમાનોને અલ્લાહ અને રસૂલ તરફથી આપવામાં આવ્યો છે. આ આદેશ આપવામાં ઈસ્લામી મુલ્કની શરત રાખવામાં આવી નથી. માટે મુસલમાન દુનિયાના કોઈપણ ખૂણે હોય તેણે આ આદેશ પર અમલ કરવો જરૂરી છે. અગર તેના ઉપર ઉશ્ર અને ઝકાતનો હુકમ લાગુ પડતો હોય. ઈસ્લામી મુલ્ક હોય તો મુલ્ક તરફથી વસૂલાત થતી હોય છે અને ગૈરમુસ્લિમ મુલ્ક હોય તો મુસલમાનોએ પોતે એવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ અને સંચાલન ન થઈ શકે તો પોતે હક્કદાર સુધી પહોંચાડી ભારમુક્ત થવું જોઈએ.

**સવાલ** : ખેતી કરવામાં આવી પરંતુ વધુ વરસાદ પડવાથી અથવા તો વરસાદ ન પડવાથી ખેતી થઈ નહીં યા બીજી કોઈ આફતથી ખેતી બરબાદ થઈ ગઈ તો શું ગત વર્ષના હિસાબ પ્રમાણે ઉશ્ર આપવું જરૂરી છે ?

**જવાબ** : ઉશ્ર ખેતીના પાકમાં લાગુ પડે છે. જ્યારે ખેતી પાકી જ નથી અને બરબાદ થઈ ગઈ તો કશું જ આપવાનું રહેતું નથી.

**સવાલ** : અડધી પડધી બળી ગઈ અને થોડી ઘણી થઈ તો શું હુકમ છે ?

**જવાબ** : જેટલો પાક થયો તેનો દસમો ભાગ આપવો જરૂરી છે.

**સવાલ** : અનાજ, ફળફળાદી અને મેવા પર ઉશ્ર આપવું જરૂરી છે ?

**જવાબ** : હા, દરેકમાં ઉશ્ર આપવું જરૂરી છે. સારાંશ કે જેની ખેતીનો મકસદ જમીનથી ફાયદો પ્રાપ્ત કરવો હોય તો તેના પાકમાં ઉશ્ર આપવું જરૂરી છે. (વાજિબ છે.)

**સવાલ** : જેણે ખેતી કરી હતી, ખેતી પાકતાં પહેલાં તેનો ઈન્તેકાલ થઈ ગયો, તો હવે શું તેના પાકમાંથી ઉશ્ર આપવામાં આવશે ખરું ?

**જવાબ** : જો પેદાવાર (માલ) મૌજૂદ છે તો તેમાંથી પણ ઉશ્ર લેવામાં આવશે.

**સવાલ** : ઘરના યાર્ડમાં કે બાગમાં કંઈ લગાડવામાં આવ્યું હોય તો શું તેમાં પણ ઉશ્ર ખરું ?!

**જવાબ** : હા, તેમાં પણ ઉશ્ર છે, જો પૈસાથી પાણી આપવામાં આવ્યું હોય તો વીસમો ભાગ છે અને કુદરતી પાણીથી ખેતી થઈ તો દસમો ભાગ છે.

**સવાલ** : પાક તૈયાર થતાં પહેલાં ખેતી વેચી દેવામાં આવી હોય તો ઉશ્ર કોણ આપશે ?

**જવાબ** : જે વ્યક્તિને વેચવામાં આવી તે આપશે. *–(તહોફાએ નજાત, ભાગ–૪માંથી સાભાર)*

# "વંદે માતરમ્" ગાવાના વિવાદમાં

# વતનપ્રેમના મહોરા પાછળ કાંઈ બીજું જ છુપુ છે !

-કાર્યાલય

**ગર યે બુત હૈ ઝમાને કી આસ્તીનોંમેં**
**મુઝે હૈ હુકમે અઝાં, લાઈલાહ ઈલ્લલ્લાહ**

ગત્ સપ્ટેમ્બર–૨૦૦૬ની સાત તારીખે 'વંદે માતરમ' રાષ્ટ્રગાનની શતાબ્દી છે એવું દર્શાવી તેને ગાવા ન ગવાની બાબતને તુક્કાબાઝ રાજકરણીઓએ ખૂબ ચગાવીને તેને ગાવું દેશભક્તિ તથા દેશદાઝવાળાનું કૃત્ય છે અને ન ગાનારાઓ વતનપ્રેમથી ખાલી તથા અલગતાવાદી છે, એવું ઠરાવવા ખૂબ નિવેદનબાજીઓ ચાલતી રહી. જ્યારે કે વતનપ્રેમ એ પ્રાકૃતિક ચીજ છે, માનવે જ્યાં જન્મ લીધો, જ્યાં તેના બાપ દાદાઓ, વડવાઓ રહ્યા તેનાથી દરેકને સ્વભાવિક જ દિલી લગાવ રહેવાનો જ છે.

મુસલમાન જ નહીં બલ્કે દરેક માણસને પોતાના વતનથી સામાન્યતઃ સ્વભાવિક જ લાગણી તથા મહોબ્બત હોય છે. વતનની માટીથી તેને બેહદ પ્યાર હોય છે. કબ્રની માટીની જેમ વતનની માટીમાં પણ એક પ્રકારનું આકર્ષણ હોય છે. વતનથી દૂર રહીને પણ અંતરના ઊંડાણમાં વતનની યાદ જીવંત રહે છે તથા તેની મહોબ્બત તરોતાઝા તથા પુખ્તા રહે છે, ભલે વતનવાસીઓ, તેની સાથે ગમે તેવો વહેવાર કરે :

**વતન કે લોગ સતાતે થે જબ વતનમેં થા**
**વતન કી યાદ સતાતી હૈ જબ વતનમેં નહીં**

વતનથી મહોબ્બત અને વફાદારી કોઈ નવી ચીજ નથી, એ માનવ ખમીરનો અનિવાર્ય ભાગ તથા માનવની ખાસિયતનું એક મહત્વનું સત્ય છે. અરબ તથા અજમ અને એશિયા તથા આફ્રિકા તથા યૂરોપ તેમજ અમેરિકાનો એમાં કોઈ તફાવત તથા વિશિષ્ટતા નથી. દિલી, ઝબાની તથા લેખિત દરેક રીતે અને સર્વ ક્ષેત્રે દુનિયાના સર્વ માનવો સામાન્યતઃ પોતાના વતનથી મહોબ્બત તથા વફાદારીનું પ્રદર્શન તથા એલાન કરતા રહે છે. અને વતનની રક્ષા માટે જ્યારે કઠીન સંજોગ ઉપસ્થિત થાય છે તો હાથોમાં તલ્વાર સાથે સર પર કફન બાંધી તૈયાર થઈ જાય છે. કેવળ વતનની રક્ષા જ નહીં બલ્કે વતનના ઘડતર તથા પ્રગતિના માટે પણ તે પોતાની ક્ષમતા તથા કાબેલિયતના પ્રમાણે રાત દિવસ પ્રયત્નશીલ તથા તન મન ધનથી વ્યસ્ત રહે છે, કેમ કે આ વતનના ઘડતર તથા પ્રગતિમાં વતન પ્રેમની સાથોસાથ ખૂદ તેમની પોતાની પ્રગતિ તથા કામયાબીનું રહસ્યણ પણ છુપાયેલું છે.

## દરેક ધર્મવાળાની ધાર્મિક લાગણીનો તકાઝો

હા ! ધાર્મિક દૃષ્ટિએ આખુ ઈસ્લામી જગત, અરબ શું અજમ શું દરેક જગા અને દરેક વિસ્તારના મુસલમાન મક્કા મુકર્રમા તથા મદીના મુનવ્વરાને પૃથ્વીના પટ પરનો શ્રેષ્ઠ હિસ્સો માને છે અને હરમૈન શરીફૈન (મક્કા મદીના) તેમની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ છે કેમ કે તે સ્થળોની છાતીમાંના પવિત્ર વિસ્તારોમાં અલ્લાહની ઉઘાડી નિશાનીઓના અગણિત બરકતવંત ખજાનાઓ મૌજૂદ તથા મેહફૂઝ છે. ઈસ્લામના પયગંબર મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺનો મુબારક જન્મ તથા વિસાલ મુબારક તે જ ભૂમિથી સંબંધિત છે. કુર્આને પાકનું ઉતરાણ ત્યાં જ થયું, હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો તામીર કરેલ

કા'બા શરીફ, મસ્જિદે હરામ, મસ્જિદે નબવી, મસ્જિદે કુબા, મકામે ઈબ્રાહીમ, સફા તથા મરવા પહાડીઓ, મિના, અરફાત, મુજદલ્ફા વગેરેથી લઈને જન્નતુલ બકીઅ તથા જન્નતુલ મઅલા સુદ્ધાં સર્વ કાંઈ ત્યાં છે. પછી કોઈ મુસલમાન પોતાના દિલ તથા નિગાહ અને પોતાની ઉમ્મીદો તથા તમન્નાઓનું કેન્દ્ર તથા ધરી તે ભૂમિ સિવાય અન્ય કોઈ બીજી જમીનને કઈ રીતે બનાવી શકે છે ? અમે તો સદીઓથી અલલ એલાન એનો ઈઝહાર કરતા આવ્યા છીએ કે :–

**ખાકે તયબહ અઝ દો આલમ ખુશતરસ્ત**
**અય ખનક શહરે કે આં જા દિલબરસ્ત**

હયકલે સુલૈમાની અને બયતુલ લહમ (યેરૂસલમ)ની ભૂમિથી આખા જગતના યહૂદીઓ તથા ઈસાઈઓ પણ તો સૌથી અધિક મહોબ્બત કરે છે ! ચીન, જાપાન, બર્મા તથા થાઈલેન્ડ વગેરેના બુદ્ધિસ્ટ પણ તો ગયા (બિહાર)ની ભૂમિ તથા કપિલવસ્તુ (નેપાલ)ની દીવાનગીભર્યી દિલી મહોબ્બત તથા અકીદત ધરાવે છે. અને ખૂદ તે લાખો હિંદુઓ જેઓ આફ્રિકા, યૂરોપ, અમેરિકા તથા ઓસ્ટ્રેલિયાના રહેવાસી તથા વતની છે, તેમની મહોબ્બત તથા અકીદતના સંબંધો પણ કાશી તથા અયોધ્યા, મથુરા તથા વૃંદાવન, હરીદ્વાર તથા તીરૂપતિ વગેરેથી જોડાયેલા છે. અને ગંગાજળને જ તેઓ સૌથી પવિત્ર પાણી સમજે છે. તો પછી કયા ઈતિહાસવેત્તામાં એટલી હિંમત છે, કયા ફિલોસોફરમાં એ બહાદુરી છે અને કયા રાજકરણીમાં એટલો દમ ખમ છે કે જે ભૂમિ સાથે જોડાયેલી આ ઐતિહાસિક તથા ધાર્મિક હકીકતોને અવગણી કાઢે ?!

## ધાર્મિક સ્વંતત્રતા એ બંધારણીય ચીજ છે

હિંદુસ્તાન એક બિનસાંપ્રદાયિક લોકશાહી છે જેના બંધારણમાં દરેક નાગરિકને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે પામવાની સંપૂર્ણ આઝાદી આપવામાં આવેલી છે. દરેક વ્યક્તિ અંગત રીતે સ્વતંત્રતાથી પોતાનો ધર્મ પાળે, કોઈના ઉપર જબરદસ્તીથી બીજાની માન્યતા કે અન્ય ધર્મની પ્રાર્થના, પૂજા કે ઈબાદત કરાવવી અથવા તેની માન્યતા તથા અકીદા સાથે ટકરાય તેવાં ગીતો ગવડાવવા દબાણ કરવું એ ઉઘાડો જુર્મ છે અને દેશના બંધારણનું ઉલ્લંઘન છે અને એ નિયત બંધારણ પ્રમાણે જો દેશની વ્યવસ્થા ચાલે તો આપસમાં કોઈ પણ ધર્મના કે જાતિના લોકો વચ્ચે તણાવ કે ઉગ્રતા પેદા થાય જ નહીં. પણ કેટલાક કોમવાદી અલગતા ચાહતા અલગતાવાદી પરિબળો દેશની પ્રગતિના ભોગે પણ પબ્લિકમાં અશાંતિ ખડી કરવા રોજ અવનવા વિવાદોના મધપૂડાને છેડતા હોય છે.

જેમ કે ૭ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ "વંદે માતરમ્"નું ગીત ગાવા વિશેનો વિવાદ ખડો કરવામાં આવ્યો. અને જયારથી હિંદુસ્તાનમાં કેટલાક કૌમવાદી માનસ ધરાવતા તત્વો સક્રિય બન્યાં છે ત્યારથી હિંદુસ્તાનની શાંતિને દહોળવાનું કૃત્ય સતત ચાલુ છે. અવનવા પેંતરા રચીને હિંદુ મુસ્લિમ વચ્ચે રમખાણો ખડાં કરવામાં આવી રહ્યાં છે, આમાં ક્યાંક ધાર્મિક કટ્ટરવાદ તથા ઉગ્રવાદ સમાયેલ છે તો ક્યાંક અમુક તત્વો પબ્લિકને ગેરમાર્ગે દોરી પોતાનો રાજકીય રોટલો શેકવામાં વ્યસ્ત જોવા મળે છે. છેલ્લાં દસ વરસથી આ પ્રવૃત્તિએ ખૂબ વેગ પકડયો છે અને શિક્ષણ ક્ષેત્રે ખાસ કરીને બાળકોની તા'લીમમાં પણ એને ઘુસાડવામાં આવી રહેલ છે. પાઠય પુસ્તકોનું નિરીક્ષણ કરશો તો તમને સમજાઈ જશે કે બિનસાંપ્રદાયિક લોકશાહી કહેવાતા દેશમાં સાર્વજનિક સ્કૂલોમાં ફરજીયાતપણે શું તા'લીમ થઈ રહી છે ? થોડાક વર્ષો પહેલાં "સરસ્વતી વંદના"માં જોડવા વિશે આવો જ વિવાદ ઉઠયો હતો. "વંદના" એ પૂજા–ઈબાદતને કહેવામાં આવે છે. સરસ્વતીને "વિદ્યા દેવી" સમજવામાં તથા માનવામાં આવે છે. "સરવસ્તી વંદના"નો અર્થ "વિદ્યાદેવીની પૂજા"

થાય છે. એ જ પ્રમાણે "વંદે માતરમ્"નો મતલબ થાય છે કે "હે માતૃભૂમિ ! અમે તારી પૂજા કરીએ છીએ." (તેમજ તેની અન્ય અમુક કડીઓમાં શિર્કમય શબ્દો સ્પષ્ટ આવેલા છે.) હવે તદ્દન સામાન્ય ગણિત પ્રમાણે ઈન્સાફથી જોતાં દરેક વ્યક્તિ સમજી શકે છે કે જ્યારે ઈસ્લામની દષ્ટિએ અલ્લાહ સિવાય કોઈની ઈબાદત તથા પૂજા શિર્ક છે, તો પછી મુસલમાન કોઈ ગૈરુલ્લાહની ઈબાદત તથા પૂજા પર આધારિત શિર્કમય ગીતને ક્ષણવાર માટે પણ કઈ રીતે સ્વીકારી શકે છે ? એને ગાવું તથા એના પર અમલ કરવો તો દૂરની વાત છે. શિર્કથી મોટો જુર્મ કોઈ પણ તૌહીદમાં (એક અલ્લાહને માનનાર)ની દષ્ટિએ બીજો કોઈ હોઈ શક્તો જ નથી. સ્કૂલોમાં ફરજીયાત વંદે માતરમ ગવડાવવાના આગ્રહી તત્વો જાણી લે કે હિંદના બંધારણની કલમ નં. ૨૮ના હેઠળ કોઈ વિદ્યાર્થીને કોઈ ખાસ ધર્મનો તરીકો અપનાવવા માટે મજબૂર નથી કરી શકાતો. તો દેશના બંધારણને ઉપરવટ જનારા પોતે શું કહેવાશે ?! તેઓ પોતે વિચારી લે.

હિંદુસ્તાનની આઝાદીથી પહેલાં એક બંગાળી લેખક બંકિમચંદ્ર ચેતર્જીએ 'આનંદ મઠ' નામની એક ઘણી જ ઝેરીલી નોવેલ લખી હતી જેમાં મુસ્લિમ વિરોધી ભાવનાઓને નોવેલમય અંદાજમાં કેવળ કાલ્પનિક પાયાઓ પર ઉશ્કેરવામાં આવી હતી. અને આખી નોવેલનો સંક્ષિપ્ત સાર ગૈર મુસ્લિમ વાંચકોના દિમાગો પર એ અસર પેદા કરતો હતો કે મુસલમાનો વિરૂધ્ધ તૈયાર થઈ જાવ, તેમની ઈબાદતગાહો તથા આબાદીઓને વેર વિખેર કરી દો, તેમનું અસ્તિત્વ મિટાવી દો અથવા તેઓને ગુલામ બનાવીને રાખો અને આ ભાવના આપણી આવનારી પેઢીમાં પણ દાખલ કરી દો. પછી આન બાનની સાથે દરેક બાળક દરેક નવયુવાન દરેક સ્ત્રી પુરૂષ આ ગીત ગાય.... વંદે માતરમ્ ! વંદે માતરમ્ ! વંદે માતરમ્ !

'આનંદ મઠ' નોવેલ પ્રસિદ્ધ થતાં જ તેની વિરૂધ્ધ બંગાળ તથા અન્ય પ્રાંતોમાં શોર તથા હંગામો તથા ભારે તોફાન ખડુ થઈ ગયું. બયાન તથા વિરોધનો લાંબો ક્રમ શરૂ થઈ ગયો અને નોવેલને નફરતનું બીજ રોપનાર નોવેલ સમજીને મોટા ભાગના હિંદુઓએ તેને નાપસંદ ઠરાવી. 'વંદે માતરમ્'ના સંબંધે ઠેકઠેકાણે બહષો થઈ, તેની વિરૂધ્ધ આઝાદીથી પહેલાં જ ન જાણે કેટલા લખાણો લખવામાં આવ્યાં. સુભાષ ચંદ્ર બોઝ, પંડિત જવાહર લાલ નેહરૂ, ડો. રામ મનોહર લોહિયા જેવા લીડરોએ પણ "વંદે માતરમ્"ની વિરૂધ્ધ પોતાનાં મંતવ્યો રજૂ કર્યા, અને તેને ગાવા માટે દબાણ કરનારાઓની સ્પષ્ટ શબ્દોમાં ટીકા કરી હતી.

પહેલાં તો છુપી રીતે અને હવે અમુક રાજ્યોમાં અને સેન્ટરમાં ભાજપની સત્તા થઈ ગયા પછી તેજીની સાથે જાહેરી રીતે સંઘ પરિવાર "વંદે મારતમ્"ને આખા હિંદુસ્તાનની સ્કૂલો તથા કોલેજોમાં રાષ્ટ્રીય ગીતના રૂપે ગવડાવવાની સતત સક્રિયપણે કોશિશ કરી રહ્યું છે જેના પર્દા પાછળ હિંદુત્વને ઉત્તેજન આપવા ઉપરાંત એક ખાસ સાઝિશ એ પણ છે કે મુસલમાન વિદ્યાર્થીઓ જ્યારે એને ગાવાથી ઈન્કાર કરશે તો તેમના સાથે અન્ય વિદ્યાર્થીઓ જેઓને ગીત ગાવામાં કોઈ રુકાવટ નથી પડતી તેમનાં દિલોમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ તથા મુસ્લિમો પ્રતિ એક તરફ નફરત પેદા થશે, તો બીજી બાજુ તેમના વતન પ્રેમ પર પણ પ્રશ્નાર્થ ચિન્હ લાગી જશે. અને આ રીતે વાતાવરણમાં તંગી તથા ઉગ્રતા ઉદ્ભવ પામશે જેના માટે લગભગ ૭૫ વરસ પહેલાં સંઘ પરિવારે ભૂગર્ભમાં કોશિશોનો પ્રારંભ કર્યો હતો. એ ઉપરાંત સૌથી મોટી વાત એ થશે કે મુસલમાનોની તૌહીદ પરસ્તીનો (એક અલ્લાહમાં માનવાનો) અકીદો ઘાયલ થઈ જશે અને દિવસે દિવસે જઝબો ઠંડો પડતો જશે અને ચોર દરવાજેથી શિર્કના પ્રવેશનો એક એવો

દરવાજો ખુલી જશે જે આગળ જતાં તેમની તૌહીદ પરસ્તીની ઈમારત જ નહીં, બલ્કે પાયાને પણ ખોખરો કરી નાખશે. *(અઝ : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી, કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, ડિસે. ૧૯૯૮ના આધારે)*

## કોર્ટોના ચુકાદા શું દર્શાવે છે?

કેટલાક ગૈર મુસ્લિમ ! તો વળી નામ માત્રના આઝાદ ખયાલ મુસ્લિમ નામી બની બેઠલા પોલિટિકલ નેતાઓ કે જેમને ઈમાન તથા ઈસ્લામ સાથે નામ સિવાય કોઈ નાતો નથી, તેઓ "વંદે માતરમ્" ગાવાની તરફેણ કરીને લોકોને તેના અર્થો સમજાવે છે કે એમાં શિર્ક જેવું ક્યાંય નથી ! **જેને શિર્ક તથા ઈમાનની ભેદરેખાનું ભાન નથી તેવા લોકો સમગ્ર મુસ્લિમ કૌમને "વંદે માતરમ્" ગાવા શિખામણ આપી રહ્યા છે !** કેટલાક એને ફરજીયાત ગવડાવવાનો આગ્રહ રાખી રહ્યા છે, તો કેટલાક તેને રાષ્ટ્ર પ્રેમનું નિશાન ઠરાવી રહ્યા છે. જ્યારે કે હાલમાં જ અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌની બેન્ચે વંદે માતરમ્‌ના ગીતના મુદ્દે દાખલ કરાયેલ જાહેર હિતની અરજી પર ચુકાદો આપ્યો હતો કે એ બાબત જનતાની ઈચ્છા પર આધારિત છે, **એના માટે ફરજીયાત આદેશ આપી શકાય નહીં. આ સંદર્ભમાં બંધારણીય તથા મૂળભૂત અધિકારોનું હનન થઈ શક્તુ નથી.** (હવાલો : ગુજરાત ટુ ડે, તા. ૭–૯–૨૦૦૬) તેમજ સર્વોચ્ચ અદાલતે (સુપ્રિમ કોર્ટે) એને ગાવા માટે કોઈ નાગરિકને ફરજ પાડી શકાય નહીં તેવો એક કેસમાં ચુકાદો આપ્યો જ છે. (હવાલો : ગુજરાત ટુ ડે, તા. ૧–૯–૨૦૦૬) ફરજીયાત ન હોવા છતાંય ભરૂચ શહેર તેમજ અન્ય ઠેકાણાની કહેવાતી કેટલીયે મુસ્લિમ સ્કૂલોના સંચાલકો (પંતુજીભાઈઓએ) ડાહ્યા બની એ શિર્કમય ગીત બાળકો પાસે ગવડાવ્યાના સમાચારો વર્તમાન પત્રોમાં જોવા મળ્યા છે.

## ફક્ત ગીતો ગાઈને દેશભક્ત ન બની શકાય !

એ જ દૈનિક ગુજરાત ટુ ડે (તા. ૧–૯–૨૦૦૬)માં સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે, "રાષ્ટ્ર ગીત કે રાષ્ટ્ર ગાન શબ્દોમાં ભારોભાર દેશભક્તિ વ્યક્ત થાય છે. એ ગાન કરનાર નાગરિક એનું કેવળ ગાન કરે તેનાથી જ દેશભક્તનું સર્ટિફિકેટ આપી શકાય નહીં. કારણ કે દેશભક્તિ કેવળ રાષ્ટ્રગીત કે રાષ્ટ્રગાન કરી દેવા જેટલી બાબત નથી. નાગરિકના લોહીમાં એ વણાયેલી હોવી જરૂરી છે. **સાચો દેશભક્ત એ જે ધંધા રોજગારમાં તે બેઠો હોય ત્યાંથી તેના નાગરિકને છેતરે નહીં. આપણે ત્યાં તો રાજકિય નેતાઓ, સરકારી બાબુઓ, ઉધોગપતિઓ, નાના મોટા વેપારીઓમાં મોટા ભાગના લોકો એવા છે કે જેઓ ભ્રષ્ટાચાર, ભેળસેળ, લાગવગ કરી ખરા ખોટાનો હક્ક ડૂબાડવા ગળાડૂબ છે. સાંસદ કે ધારા સભ્ય મટી જાય તો પણ સરકારી આવાસ ખાલી ન કરે ! સરકારી ખજાનાને માલિકીનો સમજીને ઉડાવે, સંસદમાં પ્રશ્નો પૂછવાના બદલામાં પૈસા લે ! કરોડોનું કાળુ નાણુ સગેવગે કરે. આવા ગોરખધંધા કર્યા પછી કોઈ તેના રાષ્ટ્રગીત કે રાષ્ટ્રગાન ગાઈ દેવાથી સાચો દેશભક્ત બની જતો નથી !**

પ્રજાના ઉકેલ માગતા અતિ મહત્વના પ્રશ્નોથી છટકવા માટે રાજકીય પક્ષો આવા મુદ્દાઓને ચગાવી પ્રજાને ગુમરાહ કરવા, તેમની વચ્ચેની તીરાડ વધુ પહોળી કરી દેશનું ભારોભાર અહિત કરી રહેલા છે. દેશની આઝાદીની લડતમાં જેમનો તસુભાર પણ સક્રિય ફાળો નથી એવો સંઘ પરિવાર એ કેમ ભૂલી જાય છે કે દેશને આઝાદી માટે ખૂનની જરૂર હતી તો મુસ્લિમોએ હોંશે હોંશે બલિદાનો આપ્યાં હતાં અને જરૂર પડે ભવિષ્યમાં તેમ કરતાં સહેજેય પાછી

પાની નહીં જ કરે....! *(ગુજરાત ટુ ડે દૈનિક પત્ર, તા. ૧-૯-૨૦૦૬, પેજ-૬)*

આપણા દેશભક્ત હોવાના દાવેદાર રાજકરણીઓનાં કૌભાંડો અવારનવાર અખ્બારોમાં આપણે વાંચતા જ રહીએ છીએ. **લાંચ લેતાં રંગે હાથ પકડાયા, લાંચ લેતાં ઉતારેલી વિડિયો ફિલ્મ થકી આખા જગતે તેમને જોયા, તો વળી કોઈની સેક્સ કાંડોની સીડીઓ જાહેર થઈ છતાં દેશભક્તિના દાવા કરનારા શરમ હયાને ક્યાં મૂકી આવ્યા છે ! એ વિચારવાની વાત છે.** સામાન્ય પ્રજાજનોએ ઈન્સાફની દૃષ્ટિએ સમજવું જોઈએ કે આ રાજકરણીઓનો મૂળ હેતુ તેમની ખુરશી તથા માલ સંપત્તિ કમાવું છે. એની સીધી સાબિતી એ પણ છે કે ખરેખર જ રાષ્ટ્રની સંપત્તિને બચાવવાની તેમની નેમ હોત તો હાલમાં પ્રધાનોના, સંસદ સભ્યોના પગારો તથા ભથ્થાં એકદમ ડબલ કરી દેવાયાં તેનો કોઈ એક તો વિરોધ નોંધાવતે કે અચાનક સીધા લગભગ ડબલ પગાર ભથ્થાં શા માટે થઈ રહ્યાં છે ! પણ આ ખંધા રાજકરણીઓમાં કોઈ એક માઈનો લાલ નથી નીકળ્યો કે એવું કરે. પબ્લિકનાં નાણા પાણી જેમ વહાવવામાં આવી રહ્યાં છે. પ્રજાએ સમજવું જોઈએ કે દેશની પ્રજાને અંગ્રેજ શૈતાનોની નીતિ જેમ "ભાગલા પડાવો ને રાજ કરો"વાળી પોલીસીથી લડતી ઝઘડતી રાખવાના આ પ્રયાસો છે. આશ્ચર્યની વાત છે કે "વંદે માતરમ'ને લાગુ પાડવાના ઝંડાધારી અને વતન પ્રેમના દાવેદાર ડઝનબંધી લીડરોને જ્યારે મીડિયાવાળાઓએ "વંદે માતરમ" સંભળાવવા કહ્યું તો તેઓ ભોઠા પડી ગયા (કોઈને ન આવડયું !) ત્યાં સુધી કે તેનો સર્જક કોણ છે ? એ પણ ન જણાવી શક્યા ! તો આવા દંભી તથા ઢોંગી નેતાઓના ખોટા ભ્રામક પ્રચારોથી આપણે પ્રજાએ ચલિત થવું ન જોઈએ અને દેશ તથા સમાજની શાંતિ તથા પ્રગતિને દહોળવી તથા રૂંધવી ન જોઈએ.

**બરકાતે ખ્વાજા (માસિક)ના ઉમદા લેખો સંબંધે :-**

## ખરી મુબારકબાદી ગ્રાહકો આપવામાં છે !

### અમને મુબારકબાદી નહીં સેંકડો ગ્રાહક આપો !

અલ્લાહના ફઝલો કરમથી અને સરકારે દો જહાં ﷺની નઝરે ઈનાયતથી ઉલમાએ કિરામની, બુઝુર્ગોની દુઆઓથી નાચીઝે **"સુન્નિયતને કમજોર કરી રહેલા પરબિળો અને તેનો ઈલાજ"** લેખને **બરકાતે ખ્વાજા (માસિક)**ના જુલાઈ, ઓગસ્ટ તથા સપ્ટેમ્બર ત્રણ અંકોમાં સંપૂર્ણ કર્યો, જેને વાંચીને ઘણા **મુફતી, ઉલમા, સાદાત તેમજ આમ વાંચકોએ રૂબરૂ મુલાકાતમાં તથા ફોનથી મુબારકબાદીઓ પેશ કરી અને દુઆઓ આપી.** જઝાકલ્લાહ ! હોસલા અફઝાઈ બદલ અમો તેમના અભારી છીએ, આ તો હક્કગો ઉલમા તથા બુઝુર્ગોની સોહબત તથા દુઆનું પરિણામ છે, નહીં તો ક્યાં મારી જેવો અલ્પજ્ઞાની ને ક્યાં કલમી દુનિયા ! પ્રોત્સાહિત કરવા બદલ હું સૌનો આભાર જરૂર માનુ છું. પણ **સાચી મુબારકબાદી તથા હોસલા અફઝાઈ એમાં છે કે તમો તમારા વર્ચસ્વાળા ક્ષેત્રોમાંથી સેંકડો ગ્રાહકો બનાવીને મોકલો !** ખરેખર સુન્નિયતની મજબૂતી માટે બરકાતે ખ્વાજા (માસિક)ની કામગીરી નોંધનીય હોય તો સુન્નિયતને ખાતર ખુદા વ રસૂલને રાજી કરવા માટે આગામી રમઝાનમાં જેને લેખો પસંદ પડયા હોય તેઓ સેંકડોમાં ગ્રાહકોનો ધોધ વરસાવે ! એવી નાચીઝની અપીલ છે. અને ઉમ્મીદ છે કે ઈન્શાઅલ્લાહ ! મુઝ હકીરની આ અપીલને સૌ સુન્નીઓ દિલમાં જગા આપી બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહકોની સંખ્યા બમણી, ત્રણ ગણી કરવા કોશિશ કરશે જ. -***તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

# બયતુલ મુકદ્દસ અને યહૂદી કબ્જો

રજૂ. જનાબ મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી
*(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*


ફિલિસ્તીન (પેલેસ્ટાઈન)ની ભૂમિની બુઝુર્ગી તથા મહાનતા માટે આટલું જ પૂરતું છે કે એને કુર્આને મુકદ્દસમાં "અર્ઝે મુકદ્દસ" (પાક જમીન) કહેવામાં આવ્યું અને હઝરત મૂસા علیہ السلام જેવા ઉલુલ અઝમ (મહાન) રસૂલની ઉમ્મતને હુકમ આપવામાં આવ્યો :– يٰقَوۡمِ ادۡخُلُوا الۡاَرۡضَ الۡمُقَدَّسَةَ

**તર્જુમો** : "અય કૌમ ! તે પવિત્ર ધરતીમાં પ્રવેશો જે અલ્લાહે તમારા માટે લખી છે." *(પારા–૬, માએદહ, રુકૂઅ–૮)*

અને જ્યારે એ બુઝદિલ (કાયર) કૌમે ત્યાંનાં વર્ચસ્વ ધરાવતા તથા જાલિમોની જાહેરી તાકતની દાસ્તાન સાંભળી તો ત્યાં જવાથી ઈન્કાર કરી દીધો, અને આ રીતે કહ્યું :–

اِنَّا لَنۡ نَّدۡخُلَهَاۤ اَبَدًا مَّا دَامُوۡا فِيۡهَا فَاذۡهَبۡ اَنۡتَ وَرَبُّكَ فَقَاتِلَاۤ اِنَّا هٰهُنَا قٰعِدُوۡنَ

**તર્જુમો** : "જ્યાં સુધી તે લોકો એમાં છે અમો કદાપી નહીં જઈશું. તમે અને તમારો પરવદિગાર જાવ ! લડો ! અમે તો અહીંયા બેસીએ છીએ." *(પારા–૬, માએદાહ, રુકૂઅ–૮, આયત–૨૪)* તો ચાલીસ વરસો સુધી સેહરાએ નૌરદીના અઝાબમાં સપડાયેલા રહ્યાં.



તે પાક જમીનના વિશે ફર્માવવામાં આવ્યું :–

بَارَكۡنَا حَوۡلَهٗ **તર્જુમો** : "જેની આજુબાજુ અમે બરકત મૂકી." *(પારા–૧૫, બની ઈસરાઈલ, આયત–૧)* એ સરઝમીનના અદબની અલ્લાહ તઆલાને એટલી કાળજી છે કે ત્યાં દાખલ થવાવાળા એક સમૂહને દાખલ થતી વેળા આ પ્રમાણે અદબનો હુકમ આપવામાં આવ્યો :–

وَادۡخُلُوا الۡبَابَ سُجَّدًا وَّقُوۡلُوۡا حِطَّةٌ

**તર્જુમો** : અને દરવાજામાં દાખલ થતી વેળાસર (માથુ) ઝુકાવી રાખજો અને કહેજો, અમોને માફ કરી દેવામાં આવે. *(પારા–૧, બકરહ, રુકૂઅ–૬, આયત–૫૮)* પરંતુ જ્યારે એ બાગી કૌમે એ અદબની કાળજી ન રાખી, તો તાઉન (પ્લેગ) જેવી પીડાકારક વબા (બીમારીમાં) ગિરફતાર થયા.

આપણો પહેલો કિબ્લો અને અગાઉની ઉમ્મતોનો મુસ્તકીલ (શા□ત) કિબ્લો બયતુલ મુકદ્દસ છે, જ્યાં આપણા નબી, માત્ર આપણા નબી નહીં બલ્કે નબીઓના નબી, નબીયુલ અંબિયા સૈયદે આલમ ﷺ એ તમામ અંબિયાએ કિરામની ઈમામત ફર્માવી, એ બયતુલ મુકદ્દસ બરકતવાળી મુઅબ્બદ (ઈબાદતગાહ) જેનો પાયો હઝરત દાઊદ علیہ السلام એ રાખ્યો, અને જેને હઝરત સુલૈમાન علیہ السلام એ પૂરો ફર્માવ્યો. જો સફા અને મરવા (બે પહાડીઓ) હઝરત હાજરા رضی اللہ عنہا ના કદમો સ્પર્શવાથી અલ્લાહ તઆલાની નિશાનીઓમાં દાખલ થઈ ગઈ તો એ બરકતવાળી સરઝમીન જેને હઝરત ઈબ્રાહીમ علیہ السلام થી લઈને નબીએ કરીમ ﷺ સુધી તમામ નબીઓએ પ્રતિષ્ઠા બખ્શી હોય, જે બધાની ઈબાદતગાહ હોય, કિબ્લો હોય, અધિકતરનું મસ્કન (રહેઠાણ) હોય તે બુઝુર્ગી અને પવિત્રતાના કયા સ્તરે હશે તેનો અંદાઝો કરવો સરળ

નથી. પણ આ પાક જમીન પોતાની પાકી અને બુઝુર્ગીમાં જેટલી ઊંચી શાનવાળી છે, તે જ પ્રમાણે દીન ધરાવનારાઓ માટે ઈમ્તેહાન અને આઝમાઈશની એટલી જ મોટી કસોટી પણ છે. હમણા તમે સાંભળી ચૂક્યા કે મૂસા علیہ السلامની કૌમે જ્યારે અલ્લાહ તઆલાના હુકમથી તે સરઝમીન પ્રતિ રુખ કર્યું તો શક્તિશાળી તથા જાલિમોનો સામનો થયો.

એ જ પાક જમીનને તાલૂત અને બુખ્તેનસરએ પોતાના જુલ્મોની નિશાની બનાવી. પાક સરઝમીનના રહેવાસીઓના કત્લની સાથે સાથે મુઅબ્બદે મુકદ્દસની ઈંટો વિખેરી નાખી.

પછી સલીબી (ઈસાઈ) લૂટારાઓએ એ પાક જમીનમાં એવા એવા જુલ્મો કર્યા કે તાલૂત અને બુખ્તે નસ્રના જુલ્મોની કોઈ હકીકત બાકી ન રહી.

અલ્લાહ ! અલ્લાહ ! એક એ પણ સમય હતો કે એ જ મુકદ્દસ જમીન પર સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ કબ્જો કર્યો હતો પરંતુ ખૂનનું એક ટીપુ, પણ જમીન પર ન પડયું.

પરંતુ એ જ શાંતિ ચાહવાવાળાઓની ઔલાદની લાશો એમના ખૂનમાં શાંતિ અને સલામતીના ઠેકેદારો સલીબી (ઈસાઈ) દરિંદાઓએ વહાવી. છેવટે નેવુ વર્ષો પછી શેરદિલ ગાઝી સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ સલીબી સુરમાઓ (બહાદુરો)ને સમન્દરની પાર ધકેલીને મુકદ્દસ જમીનને પાક કરી દીધી.

પછી મુકદ્દસ જમીનની દેખરેખ ઉષ્માની તુર્કો (તુર્કી ઉષ્માની સુન્ની હુકૂમત)ને સોંપવામાં આવી અને તેમાં કોઈ શંકા નથી કે તે બહાદુરોએ સદીઓ સુધી પૂરા યૂરોપની વિરૂધ્ધ રહી રખવાલીનો હક્ક અદા કરી દીધો. સલીબી લડાઈઓમાં બદનામી અને રુસ્વાઈનું પરિણામ પામનાર યૂરોપિયનોએ ભલે દરેક જમાનામાં પાક જમીન પર કબ્જો કરવાનાં સ્વપ્નાં જોયાં હશે પરંતુ ઉષ્માની તુર્કોથી પાક જમીન છીનવાની હિમ્મત કદાપી ન કરી શક્યા.

ઈસ્લામી ખિલાફત તબાહ થઈ ગઈ હતી. પરંતુ ઉષ્માની બાદશાહઓએ થોડી ઘણી શાનો શૌકત બાકી રાખી. મિસ્ર, શામ, ઈરાક, હિજાઝ, ફિલિસ્તીન, લેબ્નાન, સમરકન્દ, બુખારા, કાશગર, પૂરાચીની, તુર્કસ્તાન, ઉષ્માની બાદશાહોના હિલાલી પરચમ (ઝંડા) નીચે એકઠાં હતાં. આજ મિલાપ અને સંપના પરિણામે તુર્કી સલ્તનત એટલી તાકતવાર હતી કે વરસો સુધી જારેરૂસ (રશિયન બાદશાહોનો લકબ) પૂરી તાકતથી લડતા રહ્યા પરંતુ તેમને હમેશાં નાકામી ઉઠાવવી પડી.

યૂરોપના લુચ્ચાઈથી ભરપૂર રાજકરણીઓને તુર્કોની સાથેના વારંવાર ટકરાવ પછી સારી રીતે જ્ઞાન થઈ ગયું હતું કે જ્યાં સુધી મુસલમાનોના સંગઠનને વિખેરી નાખવામાં નહીં આવે ત્યાં સુધી ઉષ્માની બહાદુરોને તબાહ તથા બરબાદ નથી કરી શક્તા.

આના માટે પોતાના ફિફ્થ કોલમ (પચાસ લેખો) દ્વારા તુર્કોના રાજ્યોમાં જાતિવાદનો શૈતાન પૈદા કરવાનું શરૂ કરી દીધું.

મિસ્રીઓને તા'લીમ આપી કે તમે ઉજ્જવળ ભૂતકાળના માલિક છો ! તમારો એક ઈજ્જતથી ભર્યો ઈતિહાસ છે, તમે શા માટે તુર્કોના ગુલાબ બનેલા છો ?!

શામીઓને ભડકાવ્યા કે તમે ભૌગોલિક હૈસિયતથી, વંશિક દષ્ટિએ અને ભાષાના લેહાઝથી તુર્કોથી અલગ છો, એમનાથી ચઢિયાતા છો, તો પછી શું કારણ છે કે તુર્કોએ તમને ગુલામ બનાવ્યા છે ?!

ઈરાકીઓને બહેકાવ્યા કે તમે અબ્બાસી હુકૂમતની શાનો શૌકતના વારિસ છો, તમે પૂરા ઈસ્લામી જગતનું મર્કઝ (કેન્દ્ર) રહી ચૂક્યા છો, આજે કેમ એટલા નામર્દ થઈ ગયા છો કે આ તુર્ક

તમારી ઉપર છવાયેલા છે ?!

હિજાઝીઓને ઉશ્કેર્યા કે તમે તે મુજાહિદોની ઔલાદ છો જેઓએ સૌથી પહેલાં ઈસ્લામના કલ્માને અપનાવ્યો અને આખી દુનિયામાં તેને ફેલાવ્યો, અત્યારે તમારો કોઈ હરીફ નથી છતાંય તમે આટલા કેમ પાછળ પડી ગયા છો કે સમંદર પારના તુર્કો તમારી ઉપર હુકૂમત કરી રહ્યા છે ?!

પછી શું જોવાનું ! મિસ્ર, ઈરાક, શામ, હિજાઝ બધાએ એક જ સમયે "ઈન્કિલાબ ઝિંદાબાદ"ની સાથે સાથે આઝાદીનું એલાન કરી દીધું. એવી રીતે જોતજોતામાં એ તાકત જે સંગઠિત હતી, જેણે પાંચસો વર્ષો સુધી યૂરોપના (મહેલો)માં ઝલઝલો (ભૂકંપ) મચાવી રાખ્યો હતો તે ટુકડે ટુકડા થઈને રહી ગઈ !

ડોકટર ઈકબાલ સાચુ જ કહી ગયા ! :–

**ઉન તાઝા ખુદાઓંમેં બળા સબસે વતન હૈ**
**જો પેરાહન ઉસકા હૈ વો મઝહબ કા કફન હૈ**

પછી શું હતું ? ઘણી આસાનીથી બ્રિટને મુકદ્દસ જમીન પર કબ્જો કરીને યૂરોપના કરોડો સલીબી દીવાનાઓ (ઈસાઈઓ)નાં કલેજાં ઠંડા કરી દીધાં.

આખી દુનિયામાં મુસલમાનો તડપીને રહી ગયા, ફિલિસ્તીનનો ગમ મુસલમાનોના સીનામાં નાસૂર (એવું ઝખ્મ જ હમેશાં માટે રહે) બનીને રહી ગયો, રડયા, આજીઝીઓ કરી, જલ્સા કર્યા, જુલૂસો કાઢયાં, તકરીરો કરી, ફરિયાદો કરી પરંતુ બધું બેકાર ! આવા જ પ્રસંગો માટે ફર્માવવામાં આવ્યું : دعائهم لا يستجاب "આવા લોકોની દુઆઓ કબૂલ કરવામાં નથી આવતી." પોતાના ગળામાં ફાંસીનો ફંદો નાખી છૂટકારાની દુઆ કરવી કુદરત સાથે એક પ્રકારની મજાક છે.

હજુ પણ સમય હતો કે પોતાની ગલતીઓ (ભૂલો)ને દૂર કરવામાં આવતી પરંતુ વતનપરસ્તીનું ભૂત વધારે સરકશ (નાફર્માન) થતું ગયું. અલગ થઈ ગયા હતા પરંતુ વધારે નહીં તો કેવળ એકબીજા સાથે મળીને રહતા, વધારે નહીં તો કેવળ મુકદ્દસ જમીનને ફરીથી પ્રાપ્ત કરવાના મામલામાં સંગઠિત રહેતા તો કદાચ આખા ઈસ્લામી જગતને આ બદનામીનો જમાનો જોવો ન પડતો. નજદીઓની તલ્વારો બેનિયામ (નગ્ન) થઈ તો મુકદ્દસ જમીનને ફરી પ્રાપ્ત કરવા માટે નહીં બલ્કે હરમૈન તૈયબૈનના બેગુનાહનું ખૂન પીવા માટે અને જન્નતુલ મોઅલ્લા અને જન્નતુલ બકીઅમાં આરામ ફર્માવી રહેલા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ના મઝારો (કબ્રો) ખોદવા માટે ! આવા ઘોરખોદિયાઓથી પછી વધારે ઉમ્મીદ જ શું થઈ શકે ?! અરબોના આપસના મતભેદો અને જુદાઈએ દુનિયાના મુસલમાનોને એ બુરો દિવસ દેખાડયો કે ઈ.સ. ૧૯૪૯માં અમેરિકા અને બ્રિટને પોતાની ઈસ્લામી અને મુસલમાન દુશ્મનીનો રદ ન કરી શકાય તેવા સબૂત રજૂ કરી, આંતર રાષ્ટ્રિય કાનૂનની ધજ્જીઓ ઉડાવીને મુકદ્દસ જમીનના હિસ્સા કરી પોતાની કૂખ (પેટ)થી પોતાની રાજરમતમાં જન્મેલી નાજાઈઝ ઔલાદ એટલે યહૂદી હુકૂમત "ઈઝરાઈલ"ને જન્મ આપ્યો. યહૂદી હુકૂમતનું અસ્તિત્વ આખી દુનિયાના મુસલમાનોની કૌમી અને દીની ગૈરત (શરમ)ને ખુલી ચેલેંજ (પડકાર) હતું પરંતુ થોડા શોર બકોર અને એક બે વાર સંઘર્ષ કરવાથી વધારે કશું ન કરી શકયા.

ભલે બ્રિટને પોતાના કબ્જાના બીજા દિવસથી જ આખી દુનિયામાં વસેલા યહૂદીઓને ખેંચી ખેંચીને ફિલિસ્તીનમાં વસાવવાનું શરૂ કર્યું અને હુકૂમતના બધા મોટા હોદ્દાઓ અને વ્યાપારી અને ખેતીવાડીના ઊંચા હોદ્દાઓ યહૂદીઓને આપ્યા પરંતુ બ્રિટનની ભરપુર કોશિશ હોવા છતાંય ફિલિસ્તીનમાં યહૂદી વસ્તી ૩૩% થી વધારે ન થઈ શકી. કાયદો (કાનૂન) અને ઈન્સાફનો તકાઝો તો એ હતી કે આખો દેશ ૬૬%થી વધારે વસેલા અને હજારો વર્ષોથી ત્યાં રહેતા અરબોને સોંપી દેતા, પરંતુ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીના ઝખ્મોથી પેઢીઓની પેઢીઓ

સુધી તડપેલા યૂરોપને પોતાના બાપ દાદાઓની બદનામી અને રુસ્વાઈઓનો બદલો લેવાનો આનાથી સુંદર મોકો કદાચ નસીબ ન થાત ! બદલાના જોશમાં આંધળા થયેલા યૂરોપિયનોએ પોતાના બનાવેલા કાનૂનના લીરે લીરા ઉડાવી દીધા અને મુકદ્દસ જમીનના હિસ્સા કરી મુકદ્દસ જમીનને તેના સાચા માલિકોથી છીનવી લઈને ૬૬%વાળાને ૩૩%વાળા બદ્માશ દરિંદાઓના ગુલામ બનાવી દીધા.

અરબોની મજબૂરી તેની અંતિમ સીમા પર પહોંચી ગઈ જ્યારે તેમણે જોયું કે આપણને હક્ક નહીં દેવામાં આવે. તો એ તજવીઝ (પ્રસ્તાવ) રજૂ કરી કે સેક્યુલર હુકૂમત (લોકશાહી તંત્ર) કાયમ કરી દેવામાં આવે અને બંનેવ પાર્ટીને પોતાની વસ્તીના પ્રમાણે પ્રતિનિધિત્વ આપવામાં આવે, પરંતુ ઈર્ષા રાખવાવાળા બ્રિટને એ પણ ન સાંભળ્યું અને પોતાની જીદ અને હઠ પૂરી કરીને રહ્યા.

હજારો વર્ષોથી વસેલા લોકો પર નવા વસેલા યહૂદી કૂતરાઓને હાકિમ બનાવી છોડી મૂક્યા, આખી ઈસ્લામી દુનિયા માટે અને ખાસ કરીને અરબના માટે આ મામૂલી (દુર્ઘટના) ન હતી.

કયુ ઈસ્લામી દિલ છે જે તડપ્યું ન હોય ?! કઈ ઈસ્લામી રૂહ છે જે બેચેન ન થઈ હોય ?! કઈ ઝબાન છે જે ચીખી ન હોય ! પરંતુ બર્મિંગહામ મહલના મેમ્બરો બેશર્મી અને દરિંદગીની એ મંઝિલ પર હતા જ્યાં "હર ચે ખ્વાહી કુન" (બેશરમ થઈ જા પછી જે ચાહે તે કર !) ફિતરતે ષાનિયા (બીજી પ્રકૃતિ) બની જાય છે.

રશિયાથી પ્રભાવિત પ્રદેશોએ યહૂદી હુકૂમતને અમેરિકાની પશ્ચિમ એશિયામાં ઠેકેદારીનો અડ્ડો કહ્યો અને આજે પણ કહે છે, પરંતુ હું તેને યૂરોપના સલીબી વરૂઓની બદનામીભર્યી હારના બદલા સિવાય અધિક કશું નથી જાણતો. અમેરિકા અને બ્રિટનની ઠેકા વહોરેલ ગુલામી માટે પશ્ચિમી એશિયામાં ન તો પહેલાં કમી હતી ન હમણા છે.

ઘણા જાહોજલાલીના પૂજારી, હુકૂમતના ભૂખ્યા પોતાની દીની ગૈરત અને શરમ અમેરિકા અને બ્રિટનને ગિરવી આપી શક્તા હતા અને આજે પણ હજી આપી રહેલા છે.

તો એના માટે દુનિયાના ન્યાય પ્રિયોના વર્તુળમાં બદ્નામ થવા હમેશાં હમેશાંના માટે લઅનતની મોહર પ્રાપ્ત કરવા માટે યહૂદી હુકૂમત જણીને પોતાના રાજકિય બુરા વર્તાવનું એલાન કરવાની કોઈ જરૂર ન હતી. હા ! એ જરૂર છે કે જો ઉર્દુન અથવા નજદી હુકૂમતને ઠેકેદારીનો અડ્ડો બનાવતા તો શાહ રીચર્ડના ભાગવાની બદ્નામીઓનો ડાઘ બ્રિટનની પેશાનીથી તો જતો રહેત પરંતુ તેના દિલ અને જિગરના એ નાસૂર (એવા ઝખ્મ જે હમેશાં રહે)નો ઈલાજ શું હોત જે ફિલિસ્તીનના ઉપર સલીબી ઝંડો ન ફરકાવવા પર પૈદા થઈ ગયો હતો. તેની ભરપાઈ તો તે ઈર્ષાભર્યો બદલો ખૂનીઓ પાસે એ જ હતો કે મુકદ્દસ જમીન તે ફાતેહીન (વિજય પામેલાઓ)ના કબ્જામાં ન રહે જેમણે તેમના હમ મઝહબોથી છીનવી હતી.

અરબના માટે હજુ પણ સમય હતો કે મિલ્લત (કૌમ)ની ઈજ્જત બચાવવા માટે પોતાની હુકૂમતની લાલચથી હાથ ખેંચી લેતા અને આખી કૌમના કપાળે લગાડેલા કલંકના ટીલાને દૂર કરવાની કોશિશ કરતા પરંતુ, અફસોસ ! સદ્ અફસોસ ! એવું ન થઈ શક્યું.

ન ઉર્દુન અને ઈરાકની લડાઈ ખત્મ થઈ શકી અને ન નજદ અને મિસ્રમાં સંપ થઈ શક્યો, અને ન ઈમામ નવાઝ અને આઝાદી ચાહવાવાળા યમનીઓમાં સમાધાન થઈ શક્યું. એકબીજા સાથે રાજકરણમાં એકબીજાને નીચાં દેખાડવાની જંગ બલ્કે શસ્ત્રોની જંગ પણ ચાલુ રાખી. એટલું જ નહીં, બલ્કે ખૂદ અંદરો અંદર એ જુદાઈ અને ટકરાવ કે અલ અમાન અલ હફિઝ !

એ જ કર્નલ નાસર જે આજે રડી રહ્યા છે, કાલે ઈખ્વાનુલ મુસ્લેમીન (મુસલમાન ભાઈઓ)ના ખિલાફ શું શું નથી કરી ચૂક્યા ! શાહ ફારૂકના સમર્થકો પર એ કયા કયા જુલ્મ નથી કર્યા જે ફિરઓનીઓ પહેલાં નથી કરી ચૂક્યા ! ઈરાકમાં અંદરો અંદર ખૂનખરાબા નથી થયા કે શામમાં નથી થયા, નાની નાની હુકૂમતો અને ન પડોશીઓથી સુલેહ અને ન આપસમાં એકતા, પોતાની કાબેલિયત તથા તાકતો પોતાના ભાઈઓના વિરૂધ્ધ વપરાય રહી છે. આ બધા પર હેરત તો એ છે કે ઐયાશી તથા શરીર સુખ પામવામાં એવા વ્યસ્ત કે પેરીસ અને લંડનને પાછળ છોડવાની કોશિશ ! દર વર્ષે નવી દુલ્હન સાથે સહવાસ ! દર વર્ષે નવા મોડલની કાર ! ભલે રહેવા માટે ઘર ન હોય દુનિયાના કિંમતીથી કિંમતી કપડાં શરીર પર ! યૂરોપના સ્પેશ્યલ ક્વોલેટીના સોફા અરબોના ઘરોમાં ! જ્યારે શાહ સઊદના હરમમાં એક સાથે સો બાંદીઓ ! મહલસરા, (બાદશાહોની બીવીઓને રહેવાનુ મકાન) દરવાજા અને દીવારોને તો છોડો, ફર્શ અને દાદર ગિલાફોથી સજાવેલા ! કૈસર અને કિસરાના તખ્ત અને તાજના વારિષો ઐશ અને આરામની રંગીનીઓમાં : **તફુ બર તુએ ચર્ખે ગરદુ તફુ (અર્થ)** : એમના પર ધિક્કાર થાય ! હે આસ્માન ! એમના પર અઝાબ નાઝિલ કર !

બીજી તરફ **યહૂદી રાત દિવસ મહેનત અને બહાદુરી અને હથિયારોને એકત્ર કરવામાં અને લડાઈની પ્રેક્ટિસ કરવામાં લાગેલા છે. કોઈ પણ યહૂદી હુકૂમતના સરદારના શયખનંડમાં એકથી વધારે પત્નીઓ ન હશે, કોઈ તંબુમાં રાત દિવસ વિતાવવાવાળા યહૂદીના ઘરોમાં કાર ન હતી, અરબ ઐશ અને આરામના સામાન અને ખેલકૂદના સામાન એકત્ર કરતા રહ્યા અને યહૂદી હથિયારો, અરબ વસંતઋતુમાં નવી દુલ્હન સાથે પેરીસ અને લંડનમાં હનીમુન મનાવતા રહ્યા, અને યહૂદી તીર અને નેજાની પ્રેક્ટિસ કરતા રહ્યા, અરબ પોતાના ભાઈઓને બરબાદ કરવા, પરાજીત કરવાના પ્રયાસમાં વ્યસ્ત રહ્યા અને યહૂદી અરબને દુનિયાથી ખત્મ કરી દેવાની તૈયારીમાં રહ્યા. તેનું પરિણામ જે નીકળવું જોઈએ તે નીકળ્યું ! હવે રડવાથી શું પ્રાપ્ત થશે ?!** અલ્લાહ તઆલાએ આપણને પહેલાં જ બતાવી દીધું હતું :– وَلَا تَنَازَعُوا فَتَفْشَلُوا وَتَذْهَبَ رِيحُكُمْ

**તર્જુમો** : "આપસમાં મતભેદ ન કરો નહીં તો તમારી હવા ઉખડી જશે." *(પારા–૧૦, ઈન્ફાલ, રૂકૂઅ–૨, આયત–૪૬)*

તે કરીમ મૌલાએ આપણને સ્પષ્ટપણે બતાવી દીધુ હતું કે :–

لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِيْنَ اٰمَنُوا الْيَهُوْدَ

**તર્જુમો** : "તમો મો'મિનોના સૌથી વધુ બુરા દુશ્મન યહૂદીઓને પામશો." *(પારા–૬, માએદહ, આયત–૪૭)*

**કાશ ! કે નજીકના ભૂતકાળની ઝિલ્લત અને બદનામી અરબોના માટે બોધ બનતી, તો દુનિયાની સૌથી બદ્‌નામ મુઠ્ઠીભર કૌમથી આટલી ખતરનાક હાર વહોર્યા પછી પણ આંખો ખુલી ગઈ હોત તો પસ્તાવો ઓછો થતો !**

પરંતુ હજુ પણ જાતિવાદનુ ભૂત ન ઉતર્યું અને ન અંદરો અંદરનો કીનો (ઈર્ષા) અને માલ તથા હોદ્દાની લડાઈ ખત્મ થઈ. અત્યારે પણ એ જ બગાડ પોતાના ભાઈને દુનિયાથી બરબાદ કરી દેવાના ચક્કરમાં છે.

**નીલ કે સાહિલ સે લેકર તા બખાકે કાશગર**
**એક હો મુસ્લિમ હરમકી પાસ્બાની કે લીયે**

*(મકાલાતે શારહે બુખારી, અઝ : અલ્લામા મુફતી મુહમ્મદશરીફુલ હક્ક અમજદી قدس سرہ, ભાગ–૧માંથી સાભાર)*

# "અરબો ફક્ત વાતો જ કરે છે, કામ નથી કરતા !"

## અરબ દુનિયાના પ્રખ્યાત કાયદાવિદ્ યૂસુફ અલ્કરદાવીની હૈયાવરાળ

કાર્યાલય

આપણે આજે જે ટ્રેન અને પ્લેન વાપરીએ છીએ તે આપણા નથી. પશ્ચિમી નિર્માતાઓ તેનું ઉત્પાદન કરીને આપણા દેશોમાં નિકાસ કરે છે, આ એક હકીકત છે કે આપણે આ મોંઘીદાટ વસ્તુઓ ખરીદી શકીએ છે પણ બનાવી નથી શક્તાં. આપણા ભાઈઓ વૈભવશાળી મનાતી ગાડીઓ જેવી કે રોલ્સ રોય અને મર્સીડીઝ ના મોડલ નંબર–૫૦૦ અને ૭૦૦ તથા SLઅને M ખરીદવાની ક્ષમતા ધરાવીએ છીએ પણ તેનું ઉત્પાદન નથી કરી શક્તા, આપણે આ ગાડીઓમાં લાગતી એક ખીલી પણ નથી પેદા કરતા, અન્ય લોકો આપણા માટે ઉત્પાદન કરે છે અને આપણે ફક્ત ઉપભોગતા તરીકે તેને વાપરીએ છીએ.

આખીયે અરબ દુનિયાની આવકનો હિસાબ ગણવામાં આવે તો પશ્ચિમી એક રાજ્યની બરાબરી પણ નથી કરી શક્તા તેટલું એ લોકો કમાય છે, જેમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી પછી ગમે તે દેશ હોય. સ્પેનનો દાખલો આપીને જણાવું કે જે યૂરોપીય સંઘની ઔદ્યોગિક રાષ્ટ્રોમાં નીચલી પાયરી ઉપર છે તેમ છતાં તેની રાષ્ટ્રીય આવક આખીયે અરબ દુનિયા કરતાં વધારે છે. કેમ આવુ થાય છે ? જવાબ સ્પષ્ટ છે કે **તેઓ મહેનત કરે છે અને આપણે કામને ટાળીએ છીએ.** અને જે કામ થોડુંક ઘણુ કરીએ છે તે પણ અધ્ધર મને એટલે મન મૂકીને નથી કરતા.

અરબ કર્મચારીઓનું એક સર્વે બતાવે છે કે સરકારી અરબ કર્મચારીઓ આખાયે દિવસમાં ફક્ત ૨૭ મીનીટ જ કામ કરે છે. બાકીનો સમય ચા–કોફી, છાપા વાંચવામાં અને અહીં તહીની નિરર્થક દોડભાગમાં વેડફી નાંખે છે, થોડાક ગણ્યા ગાંઠયા લોકોને બાદ કરીને આપણે કામ જ નથી કરતા.

૧૯૭૦ના મધ્ય દાયકામાં મેં જર્મનીની મુસાફરી ખેડેલ, હું સવારે ત્યાં ઉતર્યો. મને એરપોર્ટથી સભાગૃહ સુધી લઈ જનાર ડ્રાઈવરને આશ્ચર્યચકિત થઈનેમેં પૂછયું કે આ રસ્તા પરની ગલીઓ સુમસામ કેમ ભાસે છે ?! તેણે જવાબ આપ્યો, "લોકો કામે ગયા છે." સાંજના ૭–૦૦ વાગ્યા પછી તે જ ડ્રાઈવર ફરી મને હોટલ સુધી મૂકવા આવતો હતો ત્યારે પણ રસ્તા ભેંકાર ભાસ્તા હતા, મેં પૂછયું કે આમ કેમ ? તેણે કહ્યું કે લોકો કામેથી પરત ફર્યા છે અને હવે જમવા બેઠા છે, ટી.વી. ઉપર સમાચારો નિહાળશે અને ઉંઘી જશે, કેમ કે કામ પરથી પરત ફરીને લોકો થાક્યા પાક્યા છે અને આવતી કાલે સવારે ફરી કામ ઉપર જવાની તૈયારી કરવાની છે, તેઓ કામ પર જતાં એક કલાકની મુસાફરી અને એક કલાકની મુસાફરી પરત આવવામાં કરે છે અને કલાક જમણ દરમ્યાન ગાળે છે, બાકી વગર થોભ્યે કામ કરતા રહે છે.

આપણે એક એવી કૌમ છીએ જેને કામ કરવું ગમતું નથી ! કામ કર્યા વગર આપણે કઈ રીતે વિકાસ સાધી શકીએ છે ? આપણે જે કાંઈ પણ કામ કરીએ છે તે વ્યવસાયિક ધોરણે નથી કરતા. આપણે કહેતા રહીએ છે, "પછી કરીશુ......પછી" ઈસ્લામ આપણને કામ કરવાનું શીખવે છે, આપણને કામ કુશળતાથી કરવાનું શીખવે છે, કોઈ પણ કામ કાર્યદક્ષતાથી કરવું એ આપણી ધાર્મિક ફરજ છે. આપ ﷺએ કહ્યું છે કે, "અલ્લાહે દરેક કાર્ય ઉત્કૃષ્ટ રીતે કરવાનો હુકમ આપ્યો છે." તેમણે કલાત્મક અને કાર્યદક્ષતાનો આદેશ આપ્યો છે. વ્યવસાયિક ઢબ દરેક રીત ભાતમાં હોવી જોઈએ,

તમે કોઈક જાનવરને હલાલ કરો તે પણ કાર્યકુશળતાથી કરો, તેમાં પણ કુશળતા બતાવો.

**બદ્‌નસીબીથી આપણે મીલીટરી અથવા તો સામાજિક ક્ષેત્રે કોઈ પ્રગતિ સાધી નથી. આપણે ખીલીથી લઈને મિસાઈલ સુધી બધું જ ઈમ્પોર્ટ કરીએ છે, આ છે આપણી સામાજિક પરિસ્થિતિની કડવી હકીકત. આપણે અરબ દુનિયામાં એક એંજીન નથી બનાવી શક્યા, આપણે વસ્તુઓનું એસેમ્બલીંગ કરીએ છીએ, પણ ઔધોગિક એકમો નથી, ભારતે પોતાની મોટર ગાડી અને એરોપ્લેન બનાવી નાખ્યાં, અને આપણે ઘાણીના બળદની જેમ બસ ગોળ ગોળ ફર્યા કરવામાં જ સંતોષ માનીએ છીએ, અને જ્યાંથી શરૂ કર્યું હતું ત્યાં જ આવીને રોકાઈએ છીએ.**

યહૂદી ટોળકી આપણાથી આગળ છે. તેમના દેશે કેવી રીતે પ્રગતિ કરી ? આ બધું શક્ય થયું છે જ્ઞાન, ટેક્નોલોજી અને શક્તિના પ્રતાપે. તે આપણાથી વધારે બહેતર એટલા માટે છે કે તેઓ કામ કરે છે. આપણી સમક્ષ આ પહેલાં પણ રણપ્રદેશ હતો, પણ આપણે કશું જ ન કર્યું, જ્યારે તેમણે કમાન સંભાળી, તેમણે સુખા ભઠ્ઠ પ્રદેશને મધુવનમાં રૂપાંતરિત કરી નાંખ્યું. જે કૌમ કામ નથી કરતી તે કઈ રીતે વિકાસ સાધી શકે છે ? તે કઈ રીતે આગળ ધપી શકે છે ? *[(કતાર ટી.વી. ઉપર આપેલ એક જુમ્આના ખુત્બાનો સાર, બહવાલા "આમીન" મંથલી, (અમદાવાદ) જાન્યુ. ૦૬, પેજ નં. ૨]*

# ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા મૌલાના મોહયુદ્દીન (હલદરવા)

## હિકાયત : ૧૮

## હઝરત આમેનાએ હલીમાને શું કહ્યું ?!

હઝરત હલીમા સઅદિયા رضی اللہ عنہا એ જે સમયે હુઝૂર ﷺ ને ગોદમાં લીધા તો હઝરત આમેના رضی اللہ عنہا એ હઝરત હલીમાને કહ્યું :–

**અર્થાત** : જાણી લે હે હલીમા ! તું જે બાળકને લઈ જઈ રહી છે એ મહાન શાન ધરાવે છે. અને અલ્લાહની કસમ ! તેના ગર્ભથી મને કોઈ એવી તકલીફ નથી પડી જે એવી ક્ષણોમાં ઔરતોને થાય છે અને સ્વપ્નમાં કોઈ આવનારે મને કહ્યું હતું, હે આમેના ! તું એક એવા બાળકની માં બનીશ જે સર્વ જહાનોના સરદાર હશે અને તેનું નામ અહમદ રાખજે.

**બોધ** : હઝરત આમેના رضی اللہ عنہا એ હઝરત હલીમાને બતાવી દીધું કે તું ખૂબ ભાગ્યશાળી છે, આ જે બાળક તારા હિસ્સામાં આવ્યું છે તું તેના પર જેટલું પણ ગર્વ કરીશ ઓછું છે ! એ સર્વ જહાંનોના સરદાર છે, તમારી સાથી ઔરતો જે જે બાળક પણ લઈને ગઈ છે અને જેનાં જેનાં પણ બાળક લઈને ગઈ છે આ બાળક તે સૌનો સરદાર છે. ખુદાએ દુનિયાભરની સરદારીને તમારી ગોદમાં નાખી દીધી છે. જાણે કે હલીમા ! :–

**ઝમીં પર અર્શે આ'લા કે નિશાન માલૂમ હોતે હૈં**
**તેરી તો ગોદમેં દોનોં જહાં માલૂમ હોતે હૈં**

મુસલમાનો ! હઝરત હલીમાની જેમ આપણે પણ ઘણા ખુશનસીબ છીએ કે આપણને આકા તે મળ્યા જે સૌ જહાંનોનાં સરદાર છે. આ'લા હઝરત رضی اللہ عنہ એ ખૂબ સરસ લખ્યું છે :–

**સબસે આ'લા વ અવલા હમારા નબી**
**સબસે બાલા વ વાલા હમારા નબી**
**સારે ઊંચોસે ઊંચા સમજીયે જિસે**
**કે ઉસ ઊંચેસે ઊંચા હમારા નબી**
(صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ)

## લેબનાનની

# તબાહીમાં ઇઝરાઇલ તથા અમેરિકાનું ગઠબંધન

રજૂ. જનાબ મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી
*(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*



**Headquater of Hizbullah**

લેબનાની નાગરીકો વિરૂધ્ધ ઈઝરાઈલના ખુલ્લમ ખુલ્લા આક્રમણ અને અત્યાચારમાં અમેરિકી ગઠબંધન વિશે કોઈને શંકા નથી. આંતર રાષ્ટ્રીય સ્તરે થતી ટીકાઓથી ઈઝરાઈલની બુશે રક્ષા કરી છે. જે લોકોએ ઈઝરાઈલી જુલ્મ અને અત્યાચાર પર અંકુશ લગાડવાની કોશિશ કરી બુશે તેઓનો રસ્તો બંધ કરી દીધો અને ઈઝરાઈલને બોંબ પૂરા પાડયા જેથી તેઓ લેબનાન પર હજી વધારે બોંબ વર્ષા કરે.

૨૨ જુલાઈએ "ન્યુયોર્ક ટાઈમ્સે" લેબનાનમાં ખતરનાક ગૈરકાનૂની લશ્કરી કાર્યવાહી અંગે બુશ સરકારની ઈઝરાઈલ સાથે ભાગીદારી પ્રકાશિત કરી હતી. સરકારી અધિકારીઓએ જાહેર કર્યું કે બુશ કાઉન્સિલે હવાઈ હુમ્લાના એક અઠવાડિયા પછી ઈઝરાઈલને એક અલગ પ્રકારના બોંબ આપ્યા અને સંક્ષિપ્ત પ્રકારની વાતચીત બાદ બુશ કાઉન્સિલે ઈઝરાઈલને જેટલા જલ્દી થઈ શકે તેમ હથિયાર પૂર્ણ પાડવાનો ફેંસલો કર્યો. આટલુ થયા પછી પણ બુશ અને અમેરિકી સરકારનું એ માનવું છે કે ઈઝરાઈલે લેબનાનમાં હજુ વધુ પ્રમાણમાં આક્રમણ અને તબાહી મચાવી નથી. ત્યારે જ તો અમેરિકા અને બુશ ગવર્નમેન્ટ રહી રહીને ઈરાન અને સીરીયાને પોતાની ટીકાઓનું નિશાન બનાવી રહ્યા છે કે એઓ હિઝબુલ્લાહને હથિયાર સપ્લાય કરી રહ્યા છે. જયારે કે વાસ્તવમાં અમેરિકા જ ઈઝરાઈલને અત્યંત ખતરનાક અને તબાહી મચાવનાર હથિયારો પૂરાં પાડી રહ્યું છે. ઈઝરાઈલની વિસ્તાર વધારવાની પોલીસીઓ હેઠળ બુશ સરકારની હમદર્દી અને ટેકાથી તમામ વિ□ સમુદાયને ડર છે કેમ કે તેનાથી તેના જુલ્મો અને અત્યાચારનું પ્રમાણ વધી જશે. અરબ અને મુસલમાનો એ વાત જાણે છે કે અમેરિકા માત્ર ઈઝરાઈલની તાકત છે. અને અરબ એ વાતથી નાઉમ્મીદ છે કે અમેરિકા નિરાધાર તથા બદ્હાલ નાગરીકો સાથે માનવ સહજ વર્તાવ યોગ્ય રીતે રાખવા માટે ઈઝરાઈલ પર કોઈ પ્રકારનું દબાણ લાદશે.

ફ્રેન્ચ ન્યૂઝ સર્વિસ (એ.એફ.પી)ની દષ્ટિએ લેબનાનમાં આમ પ્રજાજનોની થયેલી તબાહી અને માનવ હાની પર બ્રિટનની ટીકા પછી અમેરિકા ઈઝરાઈલની હમદર્દીમાં પોતાને અલગ અને એકલુ જોઈ રહ્યું છે. આ ઉપરાંત એ એફ.પી.ના પ્રતિનિધિ જણાવે છે કે બ્રિટન વિદેશ મંત્રી કમ હોવેલ્સે ઈઝરાઈલની સેન્ય કાર્યવાહી પર પ્રશ્નાર્થ ચિન્હ લગાડી આપ્યું છે. અને લેબનાનમાં ઈઝરાઈલી આક્રમણની નિંદા કરી છે બ્રિટન વિદેશ મંત્રીએ કહ્યું કે જયારે ઈઝરાઈલ માત્ર હિઝબુલ્લાહનો પછી કરી રહ્યું હતું તો તેણે હિઝબુલ્લાહને માત્ર નિશાન બનાવવો જોઈએ આમ લેબનાની પ્રજાને નહીં !

જમણેરી ઈઝરાઈલીઓનું કહેવું છે કે ઈઝરાઈલ દક્ષિણી લેબનાનને હિઝબુલ્લાહના વિરોધમાં બફર સ્ટેટ (**Buffer State**) બનાવવા માંગે છે. જો ઈઝરાઈલ દક્ષિણી લેબનાનથી

હિઝબુલ્લાહને હટાવવામાં સફળ થઈ જશે ત્યાર બાદ તે દક્ષિણ લેબનાન માટે વધુ એક બફર સ્ટેટની માંગ કરશે જ્યાં ઈઝરાઈલી નવી વસાહતો ઝડપભેર સ્થાપિત થશે, અને ત્યાર પછી તે સંપૂર્ણ વિસ્તાર પર પોતાનો કબ્જો મજબૂત કરી લેશે.

અમેરિકી પ્રજા માટે એ વાતોને સમજવી જરૂરી છે જે વાતોને સંપૂર્ણ વિ□ સમજી રહ્યું છે. બુશ સરકાર ઈઝરાઈલને અન્ય લોકોની ધરતી પર કબજો કરાવી પોતાની સરહદોને વિસ્તૃત કરવા માટે તાકત અને જોર પ્રદાન કરી રહી છે અને એ જ ઈઝરાઈલી પોલીસી સંપૂર્ણ પશ્ચિમી એશિયામાં સંઘર્ષ અને લડાઈનું મૂળ છે.

લડાઈ અને સંઘર્ષ માટે હમાસ અને હિઝબુલ્લાહને દોષી ઠરાવવા એ અજ્ઞાનતા અને દુષ્ટાચાર ભર્યું કાર્ય છે કેમ કે આ સંગઠનો ઈઝરાઈલી અત્યાચારની જ દેન છે. તે સંગઠનો પાસે ઈઝરાઈલની જેમ અમેરિકાના આધુનિક અને પ્રગતિશીલ હથિયારો નથી એટલા માટે તે સંગઠનો આતંકવાદનો સહારો લે છે, માત્ર આતંકવાદ જ તે લોકોનું હથિયાર છે. અમેરિકન ગવર્નમેન્ટ અને તેની પ્રજા જ વાસ્તવમાં સંઘર્ષ અને ઝઘડાનું મૂળ છે. જો ઈઝરાઈલી અત્યાચારને અમેરિકાની તરફદારી ન મળી હોત તો ઈઝરાઈલ પોતાના પડોશી દેશો સાથે જવાબદારીભર્યું વર્તન કરવાની કોશિશ કરત.

અરબ ધરતી પર ઈઝરાઈલ એક બનાવટી અને કુત્રિમ સરકાર ગણાય છે જેને બીજા વિ□યુદ્ધ પછી યૂરોપી જબરદસ્તી કબ્જો કરનારી તાકતો દ્વારા જન્મ આપવામાં આવ્યો હતો. પોતાના સ્થાપન બાદ ઈઝરાઈલે અરબો સાથે હરીમળીને રહેવાની જગાએ તેમનો વિરોધ કરવાનું શરૂ કરી નાખ્યું. જેથી ઈઝરાઈલ એક બદ્‌માશ અને દુરાચારી પુત્રની છબી રજૂ કરી રહ્યું છે જ્યારે કે અમેરિકા તેનો મોટો ભાઈ થાય છે ! ઈઝરાઈલ પોતાની ખતરનાક અને તબાહી મચાવનાર પોલીસીઓથી પોતાના જ અસ્તિત્વ માટે ખતરો ઉભો કરી રહ્યું છે.

અને જે વાત અત્યારે થઈ રહેલ છે એના પ્રતિ ઈઝરાઈલના ટોચના સ્કોલરોએ ઘણા સમય પહેલાં નિર્દેશ કર્યો હતો, અત્યારે એ વાતોનું પુષ્ટીકરણ થઈ રહ્યું છે. ઈઝરાઈલના શાંતિપ્રિય સંગઠનો માત્ર તેના સારા સાથી છે અને અમેરિકા સ્થિત અમુક લોકો જેઓ ઈઝરાઈલી પોલીસીઓની ટીકા કરે છે તેઓ પણ ઈઝરાઈલની ભલાઈ ઈચ્છનાર છે. ઈઝરાઈલી પ્રોપેગંડાના વિરૂધ્ધ સત્યનું પ્રદર્શન કરવું એ ઉચ્ચતાના વિરૂધ્ધ પ્રવૃત્તિ નથી.

ઈઝરાઈલના સૌથી મોટા દુશ્મન અમેરિકાના કન્ઝર્વેટો છે જેઓ બુશ ગવર્નમેન્ટમાં સત્તાધારી છે. આપણે જોઈ રહ્યા છીએ કે પશ્ચિમી એશિયામાં અરબ અને મુસલમાનોની આઝાદીની તમામ નિશાનીઓને બરબાદ કરવાનો પ્લાન યોજાયો છે અને જે લોકો ઈઝરાઈલી એજન્ડા પ્રત્યે વિરોધ જાહેર કરી રહ્યા છે તેઓને નષ્ટ કરી નાખવાનો પ્રોગ્રામ છે. શું પાંચ લાખ ઈઝરાઈલીઓ અમેરિકાના સહકારથી હમેશાં માટે સેંકડો મીલીયન મુસલમાનોને દબાવી શકે છે ?! આ નિશ્ચિત મુશ્કેલીઓનું નિર્માણ છે અને તેનું પરિણામ ઈઝરાઈલની તબાહી છે. અમેરિકાના કન્ઝર્વેટોનું માનવું છે કે આપણને પોતાના હેતુઓ પામવા માટે અમેરિકન પ્રજાને ધોકો આપવાનો કાનૂની અધિકાર છે. બુશની નામ માત્રની ''આતંકવાદ'' વિરૂધ્ધ જંગ''એ એક ધોકો છે, વાસ્તવમાં આ આતંકવાદ વિરોધી યુદ્ધ નથી પરંતુ તે મુસ્લિમ દેશો વિરૂધ્ધ જંગ છે જેઓ અમેરિકાના પિઠ્ઠુઓ નથી. *(આલમી સહારા (ઉર્દૂ), તા. ૯–૯–૨૦૦૬)*

આ લેખ પરથી પણ જાણવા મળે છે કે આતંકવાદનો જન્મ કઈ રીતે થાય છે અને એના જન્મદાતા અમેરિકા અને ઈઝરાઈલ જ છે. જ્યારે જુલ્મની અતિશયતા થાય છે ત્યારે માણસ જુલ્મ કરનારથી બદલો લેવા મરિણયો બની જાય છે. અને એ રીતે આતંકવાદ જન્મ લે છે. અને અમેરિકા તથા ઈઝરાઈલ એ જ ભયાનક જુલ્મોનાં કાર્યો કરી રહેલ છે જે સમગ્ર જગતની શાંતિ માટે નુકસાનકર્તા છે.

## બરકાતે ખ્વાજાની ટપાલ

### સપ્ટે. ૦૬ના બરકાતે ખ્વાજામાં સુધારો

૧. ટાઈટલ–૨, લીટી–૯, "ખુદાને દિયા" છપાયું છે તેને સુધારી "ખુદાને ન દિયા" કરશો.

૨. પેજ–૧૯, લીટી નં. નીચેથી ઉપર નવમી "હલાલને હરામ" છપાયું છે તેને સુધારી "હરામને હલાલ" એવું લખશો.

૩. પેજ–૨૩, લીટી નં. ૩ علیہ السلام ને رحمۃ اللہ علیہ કરશો.

### ★ ગુજરાત કે સુન્નીયોં કા મહબૂબ માહનામા ! ★

બિરાદરે દીની વ યકીની જનાબ શબ્બીર અલીભાઈ રઝવી સલામ બાદ, ગુજરાત કે સુન્નીયોં કા મહબૂબ માહનામા **"બરકાતે ખ્વાજા"** કભી કભી કિસી મકામસે દેખ લેતા હૂં લેકિન હમેશા મસ્રૂર ઈસસે રહતા હૂં કે સુન્નિયોંકા એક બેબાક તર્જુમાન પાબંદીસે શાએઅ્ હો રહા હૈ. કાશ ! **Qtv** કી જગહ હમારે લોગ ઈસે દિલમેં જગહ દે તો દીનકા ભલા હો. સપ્ટે.–૦૬ કા **"બરકાતે ખ્વાજા"** કા ઈદારિયા (તંત્રી લેખ) મનો અન પળ્હને કા ઈત્તેફાક હુવા, સતર સતર રવાં રવાં મસ્રૂર હુવા..... પીછલે ૩૦–૪૦ બરસોંસે યે કામ પેટ વ જેબભરૂ ઔર મફાદ પરસ્ત પીરોં ઔર ઈમામોંને શઉરી યા ગૈર શઉરી તૌર પર અંજામ દિયા હૈ, જિન્કો આપને દલીલ કે સાથે ચોરાહે પર લાકર ખળા કર દિયા હૈ જિસે હર રાહગીર ઉસૂલે રાહદારીસે સંગે મિલ કી તરહ પેહચાન સક્તા હૈ. અંધી અકીદત યા મફાદપરસ્તી હો તો ફિર દિન ભી રાત હૈ..... ઈસ તરહ કા ઈદારિયા લિખને પર મુઝ નંગે અસ્લાફ કી તરફસે બેહદ મુબારકબાદ કબૂલ ફર્માઈએ. અલ્લાહ પાક જઝાએ જઝીલ અતા ફર્માએ. (આમીન) –(મુફતી) મુહમ્મદ તષ્મીર હુસૈન રઝવી (૧૧/૯/૨૦૦૬) (સદર મુદર્રિસીન, દા.ઉ. કાદરિય્યહ રઝવિય્યહ, પેટલાદ)

### ★ તંત્રી લેખ વાંચી ખૂબ પ્રભાવિત થયા ! ★

જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબને ખૂબ ખૂબ સલામ સાથે જણાવવાનું કે બરકાતે ખ્વાજા સપ્ટે.–૦૬માં તમારો **તંત્રી લેખ નં. ૩ : "સુન્નિયતને કમજોર કરી રહેલા પરિબળો અને તેનો ઈલાજ"** આ તંત્રી લેખ વાંચી હું ખૂબ પ્રભાવિત થયો છું. આશા છે કે આપ આવા ધારદાર અને અસરકારક લેખ લખતા રહેશો જેથી સુન્ની મુસ્લિમ ભાઈઓ જાગૃત થાય, તેમજ જૂઠા બનાવટી અને ઢોંગી પીર બાવાઓથી સાવચેત રહે જેથી અહલે સુન્નત વલ જમાઅતને મોટા નુકસાનથી બચાવી શકાય, અને આ દીનો સુન્નિયતની ખિદમત ગણાશે. ફરી એક વખત આપના લખેલા તંત્રી લેખ સપ્ટે.–૦૬ની પ્રશંસા સાથે સલામ પાઠવું છુ.

*–યાકૂબ યૂસુફ પટેલ (પાલેજ)*

### ★ તંત્રી લેખ કાબિલે દાદ ! ★

સલામ બાદ, આપના તરફથી ગયા (સપ્ટે. ૦૬) મહિનાનો **બરકાતે ખ્વાજા** (માસિક)નો તંત્રી લેખ કાબિલે દાદ હતો. વાંચવા છતાં ધ્યાન વારંવાર વાંચવા આતૂર રહેતું હતું. *–ઘડિયાળી અહમદભાઈ યૂસુફ પટેલ (રોઝા ટંકારીઆ)*

### ★ પેટ્રન તથા આજીવન બન્યા છે ★

જનાબ ખલીલ એહમદભાઈ (ગાઝીલેન્ડ કોર્પોરેશન–કોસંબા) રૂા. ૨,૫૦૦/– ભરીને "બરકાતે ખ્વાજા" (માસિક)ના આજીવન ગ્રાહક બન્યા છે. જનાબ હાજી શબ્બીર હાજી યૂનુસ કચ્છી સોપારીવાલા–મુંબઈ રૂા. ૧,૦૦૦/– ભરી "બરકાતે ખ્વાજા" (માસિક)ના પેટ્રન ગ્રાહક બન્યા છે. (૧૧ વરસ માટે) જઝાકલ્લાહ ! તમો પણ રબે દૌલત આપી

હોય તો ઈલ્મે દીન શીખવા તથા ફેલાવવા સહકાર કરવા **આજીવન** કે **પેટ્રન** ગ્રાહક બનશો એવી અપીલ છે.

### ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ★

**બઝમે કાદરિયા-બોલ્ટન** તરફથી મૌલાના ઈકબાલ મિસ્બાહી સાહબ થકી નીચે મુજબની કિતાબોનો ૧-૧ સેટ કેટલાક દારુલ ઉલૂમોમાં તકસીમ કરવામાં આવેલ છે :-

★ મર્દાને અરબ (ઉર્દૂ, ભાગ-૧, ૨) ★ મો'મિન કી નમાઝ ★ ફન્ને શાયરી ઔર હસ્સાનુલ હિંદ ★ ખૈરે બશરકી નૂરી બશરીયત (ઉર્દૂ) ★ અઝમતે આઈશા رضی اللہ عنہا (ગુજરાતી) ★ ફલસફાએ અઝાને કબ્ર (ઉર્દૂ) ★ ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ (ઉર્દૂ) ★ મો'મિન કી વફાત (ઉર્દૂ) ★ ઝૌકે નઅત (ઉર્દૂ) ★ બરકાતી પ્રહાર (ગુજરાતી)

ઉપર મુજબની કિતાબોનો ૧-૧ સેટ દયાદરા, થામ, ભરૂચ, ટંકારીયા, હલદરવા આમોદ.... વગેરે દારુલ ઉલૂમોમાં પહોંચાડવામાં આવેલ છે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કેશોદ** : તા. ૧૯-૮-૨૦૦૬ શનિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ સબીલે હુસૈન કમિટી તરફથી ઘાંચી સમાજ પાસે, મકસૂદ ચોકમાં હઝરત સૈયદના ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની યાદમાં શેહઝાદએ હુઝૂર અમીરે અહલે સુન્નત પીરે તરીકત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ બાપુ નૂરી રઝવી (સજ્જાદા નશીન ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યાહ-જૂનાગઢ)ની ઝેરે સદારત એક શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં વિવિધ ઉલમાએ શાને ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہમાં શાનદાર તકરીર ફર્માવી હતી. *-સિદ્દીકભાઈ*

**વાગરા** : જિ. ભરૂચથી જનાબ મુશ્તાક હાજી અહમદ મુન્શી લખી જણાવે છે કે અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને પીરો મુર્શિદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہની દુઆથી મારી છોકરી શબિસ્તાનો વાગરા તાલુકાની બધી હાઈસ્કૂલોમાં ધોરણ-૯માં પ્રથમ નંબર આવવાથી (૯૩%) ગવર્નમેન્ટ તરફથી "નેશનલ મેરીટ સ્કોલરશીપ" મળવાની ખુશીમાં **બરકાતે ખ્વાજા** (માસિક)ને **રૂા. ૨૫૦/-** લિલ્લાહ આપ્યા છે. (જઝાકલ્લાહ ! મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ નસવાડીમાં દીની દુનિયાવી તા'લીમ કેન્દ્રની સ્થાપ્ના ★

**નસવાડી** : (જિ. વડોદરા)ના આસપાસના ૫૦ કિ.મી.ના વિસ્તારમાં બાતિલ ફિર્કાવાળાના ચાર મોટા દારુલ ઉલૂમો, હાઈસ્કૂલોની સગવડ સાથેના અસ્તિત્વમાં છે. જ્યારે અહીંયા એક પણ પ્રભાવશાળી સુન્ની બરેલ્વી મદ્રસો નથી. આથી સુન્ની મુસ્લિમ બાળકોની દીની દુનિયાવી સહીહ તર્બિયત (કેળવણી) માટે **ફૈઝાને આ'લા હઝરત ટ્રસ્ટ** સંચાલિત "મદ્રસાએ ફૈઝાને આ'લા હઝરત" (સુન્ની બરેલ્વી બચ્ચોં કા ઘર) શરૂ કરવાનું કામકાજ હાથ ધરવામાં આવ્યું છે. મદ્રસામાં રહેવા, જમવા, દવા, કિતાબો વગેરેની મફત સગવડ આપવામાં આવશે. ધોરણ ૧ થી ૧૦ સુધીનું દુનિયાવી શિક્ષણ ગામની હાઈસ્કૂલમાં આપવામાં આવશે. તા. ૨૦/૯/૨૦૦૬ને બુધવાર ૨૬ મી શાબાનના રોજ પીરે તરીકત હઝરત હાજી સૈયદ મુઈનુદ્દીનબાવા (વડોદરા જુમ્આ મસ્જિદવાળા)ની સદારતમાં મદ્રસાની સંગે બુનિયાદ વિધિ અને તકરીરી ઈજલાસનું આયોજન કરવામાં આવ્યું છે. બાદ નમાઝે અસર પીરે તરીકત હઝરત હાજી સૈયદ મુઈનુદ્દીનબાવા અને હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાલે (જામનગર)ના મુબારક હસ્તે મદ્રસાની સંગે બુનિયાદ વિધિનો તેમજ બાદ નમાઝે ઈશા સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોનો અને હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાલાની તકરીરનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો છે. રમઝાન શરીફ બાદ મદ્રસાના બાંધકામનું કાર્ય તુરત જ ચાલુ કરવાનુ હોઈ તેમજ જૂન ૨૦૦૭થી સ્કૂલનું નવું સત્ર શરૂ થતાં મદ્રસાનાં

પહેલા માળનું બાંધકામ પૂર્ણ કરી મદ્રસાના બાળકોને દીની દુન્યાવી તા'લીમનું કાર્ય શરૂ કરવાનું હોવાથી તમામ સખી દાતા હઝરાતને ઉદાર દિલે ભરપુર સહાય આપવા અપાવવા દર્દમંદાના અપીલ છે. મદદ મોકલવાનું સરનામુ :–

**મેમણ મુહમ્મદ હનીફભાઈ નૂરમુહમ્મદ,** C/o. મદ્રસાએ ફૈઝાને આ'લા હઝરત, મેમણ કોલોની, મુ.પો. તા. નસવાડી, જિ. વડોદરા, ફોન : (૦૨૬૬૧) ૨૭૨૪૮૮

## ★ થામમાં જશ્ને દસ્તારબંદી ★

દા.ઉ. મુઈનુલ ઈસ્લામ–થામ (જિ. ભરૂચ) ખાતે તા. ૩–૯–૨૦૦૬ રવિવારે સવારે નવ વાગ્યે પીરે તરીકત હઝરત સૈયદ સફીઉલ્લાહબાવા (બીરપુર શરીફ, સજ્જાદા હઝરત કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ)ની સદારતમાં હઝરત મૌલાના હબીબુલ્લાહ વસોવાળા તથા શેરે સૌરાષ્ટ્ર પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાએ ઈલ્મે દીન પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું બાદમાં હાફેઝ થનાર ચાર હાફિઝની દસ્તારબંદી કરવામાં આવી હતી. ઝહોરબાદ બહેનોના પ્રોગ્રામમાં હજીયાણી ખદીજા આપા (સૂરત)એ બયાન કર્યું હતું. અને ત્યારબાદ ૮૬ આલિમા તથા ૬૮ ફાઝિલા બહેનોને સનદ તથા રિદા અપર્ણ કરવામાં આવી હતી.

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**કાવી** : થી માસ્તર સુલૈમાન દૌલાના લખે છે કે કાવીના મદ્રસાએ સત્તારીયા ગૌષિયામાં છેલ્લા ૩૦ વર્ષથી ખિદમત આપતા જનાબ યાકૂબ મુન્શી ઘંટ તથા તેમના એહલિયા જુબેદાબેનનાં અવસાન બે બે દિવસના અંતરે થયાં છે. તેમના ઈસાલે સવાબ માટે રૂા. ૧૦૦/– હું "બરકાતે ખ્વાજા" (માસિક) માટે રવાના કરું છું. મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. [(આમીન જઝાકલ્લાહ !) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

**દહેગામ (કાવી)** : મર્હૂમ મુહમ્મદ હસનબાજી (નાઝિમે આલા) દહેગામ સુન્ની મસ્જિદ મદ્રસાના ટ્રસ્ટીનો ઈન્તેકાલ તા. ૩૦/૫/૨૦૦૬ના રોજ થયો છે. મર્હૂમ ઘણા વર્ષોથી દીની ખિદમત અંજામ આપતા હતા. મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

–*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ચાંચવેલ** : જનાબ હાફેઝ યાકૂબ સાહબ રઝવીના વાલિદ યૂસુફ સુલેમાન નાથા તા. ૧૩/૮/૨૦૦૬ના રોજ ઈન્તેકાલ કરી ગયા. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

–*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ભરૂચમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા

**કબ ?** : તા. **૧૧–નવેમ્બર–૨૦૦૬** શનિવાર ઝહોરથી મગરિબ સુધી **(બહેનો માટે)**

: તા. **૧૨–નવેમ્બર–૨૦૦૬** રવિવાર ૧૦.૦૦થી રાતના ૧૦.૦૦ સુધી **(મર્દો માટે)**

**કહાં ?** : સબજેલ ગ્રાઉન્ડ, મુહમ્મદપુરા, સંતોષી વસાહત પાછળ–ભરૂચ

જેમાં ઉચ્ચ કોટીના ઉલમાએ કિરામ તથા સાદાતે કિરામ તેમજ દૂર દૂરથી મુબલ્લિગોના કાફલા તશરીફ લાવશે જેથી ઉછળતા મોજાંઓના જોશ સમાન ચાલ્યા આવો ! અને દીન ઈમાનની નેઅમતોથી સરફરાઝ થાવ ! ઈલ્મે દીન શીખો અને ઈસ્લામી જિંદગી અપનાવવા કોશિશ કરો.

**સંપર્ક** : મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭, ૯૮૭૯૯ ૬૧૭૦૧, ૯૮૨૪૧ ૩૬૨૫૭,

**અદાઈ** : **સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા) ભરૂચ**

# જરૂરી એલાન

## દીની સંસ્થાઓના રજીસ્ટ્રેશન સંબંધે ફ્રીમાં માર્ગદર્શન મેળવો !

મસ્જિદ–મદ્રસાઓના વકફ બોર્ડ ગાંધીનગરમાં રજીસ્ટ્રેશન માટે કેટલાક તકસાધુઓ ગામડાના લોકોની અજ્ઞાનતાનો લાભ લઈ કહેવાતા મુસ્લિમ વકીલો–એજન્ટો ભોળાભાળા લોકો પાસેથી હજારોમાં રકમ પડાવી લે છે. તો ફ્રીમાં માર્ગદર્શન માટે સંપર્ક કરી મામૂલી ખર્ચમાં કામ પતાવી દીની સંસ્થાઓને થતા નુકસાનથી બચાવો. સંપર્ક કરો : (૧) જનાબ હસુભાઈ ઘાંચી તથા ઝાકિરભાઈ, C/o. હુસૈની કમિટી, જંબુસર, જિ. ભરૂચ (મો. ૯૮૨૪૫ ૫૩૫૦૫, ૯૮૯૮૮ ૭૮૫૩૫) તથા (૨) પટેલ શબ્બીર અલી રઝવી, દયાદરા તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૦૬૬ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

## "સુન્ની મેરેજ બ્યૂરો"ની સ્થાપ્ના

સુન્ની છોકરા તથા છોકરીઓને યોગ્ય સુન્ની પાત્ર મળી રહે અને તેઓ ગૈર ફિર્કા પ્રતિ ન વળે તેવા શુભ આશયથી **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** ખાતે **"સુન્ની મેરેજ બ્યૂરો વિભાગ"** શરૂ કર્યો છે. તો ગુજરાત તેમજ દેશ વિદેશના સુન્નીઓ પોતાના દીકરા–દીકરીના માટે યોગ્ય પાત્ર મેળવવા ઉમર, ભણતર, દીની તા'લીમ, આર્થિક સ્થિતિ વગેરે વિગતો (બાયોડેટા) લખી મોકલી અમારો સંપર્ક કરે એવી વિનંતિ છે. ઈન્શાઅલ્લાહ ! યોગ્યતા પ્રમાણે પાત્રોનો સંપર્ક કરી કરાવીને તેમના સંબંધો નક્કી કરવા પ્રયત્નો કરીશું. યુ.કે.માં જનાબ મૌલાના યૂનુસ મિસ્બાહી–પ્રેસ્ટન (ફોન : ૮૮૭૮૬૧), ઈન્ડિયામાં : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક) **(Mob.)** ૯૪૨૭૪ ૬૪૪૧૧, ફોન : (૦૨૬૪૨) **(R)** ૨૮૨૦૮૬, ૨૮૨૯૧૧, **(O)** ૨૮૨૭૯૨, **Email : anjuman2006@hotmail.com**

## ભાવનગરમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા

**કબ ?** : તા. **૨૮–ઓક્ટોબર–૦૬** શનિવાર સાંજના ૪ થી ૧૦ સુધી **(બહેનો માટે)**
: તા. **૨૯–ઓક્ટોબર–૦૬** રવિવાર બપોરે ૩.૩૦થી રાતના ૧૦.૦૦ સુધી **(મર્દો માટે)**

**કહાં ?** : કુંભારવાડા, નારી રોડ, લિયાકત અલી બાપુ દરગાહ કંપાઉન્ડ, ભાવનગર

જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શાકિર રઝવી સાહબ, હઝરત મુફતી ઝુબૈર સાહબ (મુંબઈ), મૌલાના રફીઉદ્દીન પરભનીવાલા, બુલબુલે બાગે મદીના જનાબ કારી રિઝવાન સાહબ, જનાબ સૈયદ અમીનુદ્દીન સાહબ માલેગાંવી તથા અન્ય ઉલમા સાદાત તશરીફ લાવશે, આપ પણ દોસ્તો સાથીઓ સહિત જરૂરથી નૂરાની ઈજતેમામાં ઈલ્મ શીખવા તથા રહમતોની વર્ષામાં તરબોળ થવા તશરીફ લાવશો.

**અદાઈ : સુન્ની દા'વતે ઈસ્લામી (ભાવનગર શાખા) ભાવનગર**

**સુન્નીઓના અજોડ, ઈન્કિલાબી બરકાતે ખ્વાજા (માસિક)ના**

**૧૧ ગ્રાહકો આપો અને ૧ અંક વરસભર મફત મેળવો !** **સુન્નિયતના હમદર્દોને વિનંતિ કે તમો બરકાતે ખ્વાજા (માસિક)ના ૧૧ ગ્રાહકો મોકલો તો દર મહિને ૧ અંક ૧ વરસ માટે તમને ફ્રી મળશે.** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની દા'વતે ઈસ્લામી (સૂરત શાખા) પુર પીડિતોની વહારે...

**સૂરત** : થી જનાબ મકસૂદભાઈ રાજવાની જણાવે છે કે સૂરતમાં ભયાનક રેલના પાણી ઉતરતાં જ જુમેરાતથી **સુન્ની દા'વતે ઈસ્લામી** તથા **અમન ચેરિટેબલ ટ્રસ્ટ** થકી અમન સોસાયટીથી સહાય કાર્ય શરૂ થયું. ચાર દિવસ સુધી ૧૫૦૦૦ દૂધની થેલી, ૫૦૦ પાણીના પાઉચ, ૪૦ બેગ જમવાની બનાવી તથા ૮ મીણબત્તીના પેકેટો સપ્લાય કર્યા. પાણી દૂધ રોજ સપ્લાય થતું હતું. મીઠીખારી, લિંબાયત, ન્યૂ કમેલા, સગરામપૂરા મોલ્વી સ્ટ્રીટ, અકબર શહીદ ટેકરા, નમકવાલી ગલી, નવસારી બજાર, પખાલીવાડ ડોર ટુ ડોર જમવાનું પહોંચાડયું. શુક્ર-શનિથી ૨૧ મેડિકલ કેમ્પ કર્યા જેમાં ડો. એઝાઝ બીડીવાળા, ડો આદિલ ખાન, ડો. ફિરોઝખાને સતત સેવાઓ આપી. સૌથી ઈફેકટેડ ફૂલવાડી મદીના મસ્જિદ, સૈયદપૂરા ત્યાં સર્વ પ્રથમ સહાય પહોંચાડી. મેડિકલ કેમ્પમાં બધી જ દવાઓ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવીના સંપર્કથી મુંબઈથી તથા નંદરબાર સુન્ની દા'વતે ઈસ્લામી શાખા તરફથી દવાના પેકેટો તથા અનાજની કીટો પણ આવી હતી. સુન્ની દા'વતે ઈસ્લામી-વડોદરા શાખા થકી ૯૦૦ ચાદરો, ૧૦૦ ડોલો તથા ઘરવપરાશના સમાનની કીટો આવી હતી. બાપુનગર, સુભાષનગર, નેહરૂનગર, મીનાનગર જરૂરતમંદોને ૪૦૦ પતરાં આપ્યાં હજી વિતરણ ચાલુ છે. નેહરૂનગર મસ્જિદ શહીદ થતાં ફરી બનાવવા કામ શરૂ કર્યુ, મીના નગર મસ્જિદ પણ ફરી બનાવી. લારીઓનું વિતરણ, રીક્ષા રિપેરીંગ.... વગેરે સહાય ચાલુ છે જેનાથી લોકો રાબેતા મુજબ રોજી રોટી કમાતા થઈ જાય. *(-રજૂ. મકસૂદભાઈ રાજવાની, અડાજણ પાટિયા-સૂરત)*

## ઈસ્લામિક વેલ્ફેર મિશન -દયાદરા થકી સૂરત પૂરપીડિતોને સહાય માટે સહકાર કરાનારાઓના અમો આભારી છીએ

માનવતાના ધોરણે તથા દીની હમદર્દી સાથે સૂરત પૂરપીડિતોને તાબડતોડ સહાય કરવા અમારો સંપર્ક કરી ભંડોળ કરી આપનારા અમારા મિત્રો, વડીલો સૌના અમો આભારી છીએ. યુ.કે.થી **જનાબ હાફેઝ કારી મેહબૂબ સરનારવી (બ્લેકબર્ન), જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચણવી (બોલ્ટન) તથા જનાબ હાફેઝ ઈકબાલ માંગરોલવી (લેસ્ટર)** થકી ભરપૂર સહકાર મળ્યો છે અને સૂરતમાં જરૂતમંદોને અનાજ, દવા, ઘરના રીપેરીંગ તથા ધંધો રાબેતા મુજબ કરવા વગેરે જેમને જેવી જરૂરત તેવી સહાયનું કાર્ય **સુન્ની દા'વતે ઈસ્લામી** તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**ના સંયુક્ત સંચાલન હેઠળ ચાલે છે. સર્વ સહાયકર્તાઓને બંને જહાનની આફતોથી રબ તઆલા તેના મહબૂબ ﷺના સદકામાં બચાવે. આમીન. લિ. પટેલ શબ્બીર અલી રઝવી *(પ્રમુખ : ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા)*

## વરસોથી સાહિત્ય ક્ષેત્રે સુન્નિયતની અજોડ ખિદમત કરતી સુન્ની કમિટીઓને ભરપૂર સહાય કરવા અપીલ !

૧. **સુન્ની મુસ્લિમ કમિટી** : હવેલી શેરી, **ગોંડલ** પિન.-૩૬૦ ૩૧૧ (ગુજરાત)

૨. **હુસૈની કમિટી (સુન્ની)** : લાટી પ્લોટ શેરી નં. ૮ ની સામે-**મોરબી**, પિન. ૩૬૩ ૬૪૧ (ગુજરાત)

૩. **અંજુમને રઝાએ મુસ્તફા** : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન-૩૯૨૦૨૦

૪. **સુન્ની યંગ મુસ્લિમ કમિટી** : નવી વસાહત, મુા. **પાલેજ**, તા. જિ. ભરૂચ (ગુજરાત)

આપની લિલ્લાહ, ઝકાત, ઉશ્ર, સદ્કા, ન્યાઝ વગેરેની રકમો મોકલી રમઝાનમાં ખૂબ સહાય મોકલો અને અણમોલ કિતાબો ઘર બેઠાં મફત મેળવો એવી વિનંતિ છે. *-લિ. તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*